ઉત્તુંગ શિખર મોં બ્લાંને સર
કરવા નીકળેલા સાહસિકોની કથા

# મોં બ્લાં

## જૂલે વર્ન

અનુવાદ : જીગર શાહ



ઉત્તમ
સાહિત્યનું પ્રતીક

૧૯૨૬થી

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

સાગરના પેટાળમાં, તો ક્યારેક ધરતીના મધ્ય બિન્દુની શોધમાં, એટલું જ નહીં પૃથ્વીની બહાર અવકાશમાં ધુમકેતુઓ પર સફર તો ક્યારેક ચંદ્રની સફરે. જૂલે વર્નની મધ્યમ અને મહાનવલોનું વાર્તા વૈવિધ્ય વાચકોને તેના લેખનના ૧૫૦ વર્ષો બાદ પણ કલ્પનાની એક અનેરી દુનિયામાં લઈ જાય છે. જૂલે વર્ને ૧૦૦થી વધુ રોમાંચક નવલકથાઓ લખી હશે, પણ લઘુકથાઓ માંડ પચ્ચીસેક જેટલી લખી હશે. જૂલે વર્ને લખેલી એકદમ જુદા વિષયવૈવિધ્ય ધરાવતી ત્રણ વાર્તાઓ 'માસ્ટર ઝચારીઅસ', 'બાઉન્ટીનો બળવો' અને 'મોં બ્લાં' એકસાથે વાચકો સમક્ષ આ પુસ્તકમાં રજૂ થઈ રહી છે.

વિજ્ઞાનને પોતાના જીવનનું સંપૂર્ણ ધ્યેય માની બધું દાવ પર લગાડી દેનારા જૂલે વર્નની વાર્તાઓના પાત્રો અદ્‌ભુત છે. આ પુસ્તકની પ્રથમ વાર્તા માસ્ટર ઝચારીઅસ આવા જ ધૂની પાત્રને કેન્દ્રમાં રાખીને આલેખાઈ છે. તેના મગજ ઉપર સવાર થયેલી વિજ્ઞાનની ગાંડી ધૂન તેની આજુબાજુની દુનિયાને ભુલાવી દે છે. જૂલે વર્ને આ વાર્તામાં વિજ્ઞાનના અતિરેકના માઠાં પરિણામોની ભવિષ્યવાણી કરવા પણ પ્રયત્ન કર્યો છે. જે હાલના સમયમાં સર્જાયેલી અનેક પર્યાવરણીય સમસ્યાઓએને જોતાં સાચી પડતી જણાઈ રહી છે.

પેસિફિક મહાસાગરની સુદૂરમાં આવેલા નાનકડા ટાપુ પિટકર્ન પર માનવ વસાહતીઓ કેવી રીતે પહોંચ્યા? તે માટે ૧૮મી સદીના અંત ભાગમાં બાઉન્ટી નામના બ્રિટિશ જહાજ પર થયેલી બળવાની ઘટના કારણભૂત છે. જે જૂલે વર્ને વાર્તારૂપે આલેખી હતી, જે આ પુસ્તકમાં 'બાઉન્ટીનો બળવો' નામે રજૂ થઈ રહી છે

સમુદ્રમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા તેના નાવિકોથી તદ્દન વિપરીત, પળે-પળે મોતને હાથતાળી આપી યુરોપની આલ્પ્સની ગિરિમાળાના સૌથી ઉત્તુંગ શિખર મોં બ્લાંને સર કરવા નીકળેલા સાહસિકની કથા 'મોં બ્લાં' આ પુસ્તકની ત્રીજી વાર્તા છે. જે વાચકને એક પર્વતારોહી જેવી અનુભૂતિ કરાવશે.

# મોં બ્લાં

## જૂલે વર્ન

**અનુવાદ: જિગર શાહ**


**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

**પુસ્તક, પ્રકાશક અને વિક્રેતા**

**૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ**

**અર્થબાગ**

**મુંબઈ ૪૦૦ ૦૦૨**

**ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧**

**'દ્વારકેશ'**

**રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર**

**અમદાવાદ ૩૮૦ ૦૦૧**

**ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩**

**Visit us at: www.rrsheth.com**

**Email: sales@rrsheth.com**

**Mont Blanc**

*Compilation of Adventure Stories*

Originally Written in Franch by Jules Verne as

**Dr. Ox's Experiments and Les Revolts De La Bounty**

Translated into Gujarati by Jigar Shah

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai □ Ahmedabad

2015

EISBN: 978-93-81336-85-4

All rights reserved.

Gujarati Translation Copyright © R. R. Sheth & Co. Pvt. Ltd., 2012

**મુદ્રણો**

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | : | ઑક્ટોબર, ૨૦૧૨ |
| પુનર્મુદ્રણ | : | જુલાઈ, ૨૦૧૩ |
| પુનર્મુદ્રણ | : | માર્ચ, ૨૦૧૫ |

**પ્રકાશક**

**આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.**

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Visit us at: www.rrsheth.com

E-mail: sales@rrsheth.com

# અર્પણ

**દોલતભાઈ નાયકને**

# પ્રસ્તાવના

દરિયાઈ સાહસો તેમજ ઐતિહાસિક અને વિષયો, મુદ્દાઓ આવરી લેતી અને સાથે સાથે વૈજ્ઞાનિક કલ્પનાઓ આધારિત જૂલે વર્નની મધ્યમ અને મહાનવલો વિશ્વવિખ્યાત છે. પોતાના લેખનકાળમાં ૧૦૦થી વધુ નવલકથાઓ લખનાર જૂલે વર્ને નાની વાર્તાઓ માંડ પચ્ચીસેક જેટલી લખી હશે. જેમાંથી કેટલીક વાર્તાઓ અંગ્રેજીમાં હજી અનુવાદ પણ પામી નથી. જૂલે વર્ને લખેલી નાની વાર્તાઓમાંથી ત્રણ વાર્તાઓ ‘માસ્ટર ઝચારીઅસ’, ‘બાઉન્ટીનો બળવો’ અને ‘મોં બ્લાં’ એક સાથે વાચકો સમક્ષ આ પુસ્તકમાં રજૂ કરી રહ્યો છું.

વિજ્ઞાનને પોતાના જીવનનું સંપૂર્ણ ધ્યેય માની બધું દાવ પર લગાડી દેનાર જૂલે વર્નની વાર્તાઓનાં પાત્રો અદ્‌ભુત રોમાંચ આપનારાં છે. માસ્ટર ઝચારીઅસ એવું જ એક ધૂની પાત્ર છે, જેને કેન્દ્રમાં રાખી તે કથા આલેખાઈ છે. તેના મગજ પર સવાર થયેલી વિજ્ઞાનની ગાંડી ધૂન તેની આજુબાજુની દુનિયાને પણ ભુલાવી દે છે. આ મૂળ ફ્રેન્ચ કથા ‘Maitre Zacharius’ ઈ.સ. ૧૮૫૪માં જૂલે વર્ને લખી હતી, જે લાંબો સમય અપ્રકાશિત રહી. પાછળથી તેનો સમાવેશ ૧૮૭૪માં પ્રકાશિત થયેલા ‘Dr. Ox’s Experiments’ નામના લઘુકથા સંગ્રહમાં થયો હતો. આ વાર્તામાં જૂલે વર્ને વિજ્ઞાનના અતિરેકના માઠાં પરિણામોની ભવિષ્યવાણી કરવા પ્રયત્ન કર્યો છે. જે હાલના સમયમાં સર્જાયેલી અનેક પર્યાવરણીય સમસ્યાઓને જોતાં સાચી પડતી જણાઈ રહી છે.

*

પેસિફિક મહાસાગરની સુદૂરમાં આવેલો એક નાનકડો ટાપુ પીટકર્ન, હાલમાં તેની વસતી માત્ર ૫૦ માણસોની છે. સાડા ચાર ચો. કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતો આ નાનકડો ટાપુ ચારે તરફ સેંકડો કિ.મી. પાણીથી ઘેરાયેલો છે. પેસિફિકની મધ્યે આવેલા આ ટાપુ ઉપર માનવ વસાહતીઓ કેવી રીતે પહોંચ્યા?

તે માટે અઢારમી સદીના અંત ભાગમાં બાઉન્ટી નામના બ્રિટિશ જહાજ પર થયેલી બળવાની ઘટના કારણભૂત છે. આ ઐતિહાસિક સત્યઘટનાને જૂલે વર્ને ૧૮૭૯માં વાર્તારૂપે આલેખી હતી. આ પુસ્તકની વાર્તા ‘બાઉન્ટીનો બળવો’ મૂળ ફ્રેન્ચ વાર્તા ‘Les Revolts De La Bounty’નો અનુવાદ છે. આ ઘટનાનું વિવરણ કરતું ‘The Mutiny on Board H.M.S. Bounty’ નામનું પુસ્તક પણ તેના કૅપ્ટન વિલિયમ બ્લિઘે લખ્યું હતું. હોલીવુડમાં માર્લોન બ્રાન્ડો જેવા સ્ટાર અભિનેતા અભિનીત આ

સત્યઘટના પર આધારિત 'Mutiny Of Bounty' નામની ફિલ્મ પણ ૧૯૬૫માં બની હતી.

*

આજના સમયમાં માઉન્ટ એવરેસ્ટ જેવું વિશ્વનું ઉત્તુંગ શિખર અનેક સાહસિકો સર કરી ચૂક્યા છે, પણ આજથી ૧૫૦ વર્ષ પૂર્વે જ્યારે આજના જેવાં આધુનિક ઉપકરણો ન હતાં, ત્યારે આવાં શિખરો સર કરવાં એક મોટો પડકાર હતો.

યુરોપની આલ્પ્સની ગિરિમાળાનું સૌથી ઊંચું શિખર મોં બ્લાંને સર કરવું ત્યારે પર્વતારોહકો માટે સપનું હતું. ત્યારે જૂલે વર્ને મોં બ્લાંના આરોહણને વર્ણવતી વાર્તા Quaratiene Ascension Francaise Du Mont-Blanc લખી હતી. આ વાર્તા સૌપ્રથમ ૧૮૭૪માં જૂલે વર્નના વાર્તાસંગ્રહ 'Dr. Ox's Experiments'માં પ્રકાશિત થઈ હતી. આ વાર્તાનો ગુજરાતી અનુવાદ આ પુસ્તકમાં 'મોં બ્લાં' નામે રજૂ થયો છે.

*

'મોં બ્લાં' જૂલે વર્નના અનુવાદ શ્રેણીનું મારું પુસ્તક છે. આ અગાઉ મારા 'ડૉલ્ફિન' અને 'એક શિયાળો બરફમાં' – બે અનુવાદિત પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. બંને પુસ્તકોને વાચકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તે બતાવે છે કે જૂલે વર્નના મૃત્યુના સોથી પણ વધુ વર્ષો વીતી જવા છતાં તે વાચકોના દિલમાં આગવું સ્થાન ધરાવે છે. પ્રથમ પુસ્તક 'ડૉલ્ફિન'ની એક વર્ષ જેટલા ટૂંકા ગાળામાં બીજી આવૃત્તિ પ્રગટ થઈ ચૂકી છે. તે આનંદદાયક વાત છે.

જૂલે વર્નનું મૂળ સાહિત્ય ફ્રેન્ચ ભાષામાં લખાયેલું છે. એ કારણે તેની કથાઓ માટે ભારતીયોએ તેના અંગ્રેજીમાં થયેલા અનુવાદો ઉપર જ આધાર રાખવો પડે છે. જૂલે વર્નની બધી નવલોની સંપૂર્ણ માહિતી ૧૯૭૦ના દસકા સુધી અંગ્રેજી વાચકોને પૂર્ણત: મળી શકતી ન હતી. ૧૯૧૧માં ચાલ્સ હૉર્ન નામના સંપાદકે જૂલે વર્નના સાહિત્યને આવરી લેતા પંદર જેટલા ગ્રંથો અંગ્રેજીમાં પ્રકાશિત કર્યા હતા, તેમ છતાં ઘણી કથાઓ તેમાંથી બાકાત રહી જવા પામી હતી.

૧૯૭૦ના દસકામાં કૅનેડાના એન્ડ્રયુ નેશ નામના યુવાનને જૂલે વર્નના સાહિત્યમાં રસ પડ્યો. ત્યારથી અત્યાર સુધી ચાલીસ વર્ષોમાં તેણે વિશ્વના દરેક ખૂણામાંથી જૂલે વર્નનાં, ૮૦થી વધુ ભાષાઓમાં પ્રકાશિત પુસ્તકો એકઠાં કર્યાં છે. ઉપરાંત તેણે જૂલે વર્નની બધી જ કથાઓની માહિતી એકઠી કરી અંગ્રેજી વાચકો સમક્ષ રજૂ કરી છે. તેમણે julesverne.ca નામની પોતાની વેબસાઇટ પર જૂલે વર્નના અમૂલ્ય અને અપ્રાપ્ય સંગ્રહ

વિશ્વ સમક્ષ મૂક્યા છે. જૂલે વર્નના સાહિત્યમાં રસ ધરાવતા વાંચકો તે પરથી જરૂરી માહિતી મેળવી શકે છે.

જૂલે વર્નના ચાહકો સમક્ષ આવી ઉત્કૃષ્ટ વેબસાઇટ રજૂ કરવા બદલ એન્ડ્રયુ નેશનો હું આભાર માનું છું.

મારાં બે અનુવાદિત પુસ્તકોની જેમ જ 'મોં બ્લાં'ની વાર્તાઓના અનુવાદમાં જરૂરી માર્ગદર્શન આપવા બદલ હું શ્રી દોલતભાઈ નાયક અને તેમનાં પત્ની સુમતિબહેનનો આભારી છું.


**જિગર શાહ**

ઈ-૫૦૧, સેન્ટપાર્ક સોસાયટી,

ગુજરાત ગૅસ સર્કલ

અડાજણ, સુરત ૩૯૫ ૦૦૯

મો. ૯૪૨૬૭ ૭૭૦૦૧

E-mail: jhs143in@yahoo.co.in

# અનુક્રમણિકા


માસ્ટર ઝચારીઅસ

૧. શિયાળાની રાત્રિ

૨. વિજ્ઞાનનો અહંકાર

૩. વિચિત્ર મુલાકાત

૪. સંત પિયરે ચર્ચ

૫. અમરત્વની ઘેલછા

બાઉન્ટીનો બળવો

૧. બળવો

૨. બચાવનૌકાની સફર

૩. પિટકર્ન ટાપુના વસાહતીઓ

મોં બ્લાં

૧. મોં બ્લાં

# માસ્ટર ઝચારીઅસ

# શિયાળાની રાત્રિ

સ્વિત્ઝર્લૅન્ડનું જીનિવા નગર. આ નગર જીનિવા નામના જ સરોવરને પશ્ચિમ છેડે વસેલું છે. સરોવરમાંથી ઉદ્‌ભવતી અને નગરને બે ભાગમાં વહેંચતી ર્‌હોન નદી આ નગરની વચ્ચેથી પસાર થાય છે. ર્‌હોન નદીની વચ્ચે એક નાનકડો ટાપુ છે. વેપાર-ધંધાના વિકાસ માટે આવી વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ ખૂબ જ ઉપયોગી હતી. આ નદીનો ઉપયોગ જૂના જમાનાથી પરિવહન માટે થતો. ર્‌હોન નદીનું ઝડપી વહેણ અને ઊંડું તળિયું જહાજોની અવરજવર માટે અનુકૂળ હતું. એક સમયે પાસ્કલે પણ આ નદી માટે કહ્યું હતું કે, "નદીનો આ માર્ગ જ નગરનો વિકાસપથ છે."

નદીની વચ્ચે આવેલા એ ટાપુ ઉપર જૂનાંનવાં મકાનોની હારમાળા હતી. અસ્તવ્યસ્ત રીતે બાંધવામાં આવેલાં ઘણાં મકાનો તો ટાપુને કાંઠે એવી રીતે બાંધવામાં આવ્યાં હતાં કે નદીમાં પાણીનો પ્રવાહ વધતાં તેના પાયા એના પાણીમાં ડૂબી જતા. લાંબો સમય પાણીમાં ડૂબેલાં રહેવાને કારણે તેના પાયાનાં લાકડાં પણ કોહવાઈ ગયાં હતાં. કાળા પડી ગયેલા ઑકના લાકડાંનાં બનેલાં આ ઘરોમાં ઘણાંખરાં ઘરો ખાલી હતાં. સમયના વહેણ સાથે ખાલી પડી રહેલાં ઘરો જૂનાં ખંડિયેરો બની ગયાં હતાં. કાળાં પડી ગયેલાં મકાનોને લીધે વિશ્વના કોઈ અગોચર ખૂણામાં, સમુદ્રની વચ્ચે આવેલા ટાપુ પર વૃક્ષોનું ગાઢ જંગલ હોય તેવો ટાપુનો દેખાવ લાગતો હતો.

લાંબા સમયથી એક માણસ આ ટાપુ પર રહેતો હતો. તે હતા વૃદ્ધ ઘડિયાળી માસ્ટર ઝચારીઅસ. તે પોતાની એકમાત્ર પુત્રી જીરાડ, તેના એક સહાયક ઑબર્ટ થન અને નોકરાણી સ્કોલાસ્ટીક સાથે એવા જ એક જૂના ઘરમાં રહેતા હતા.

માસ્ટર ઝચારીઅસ એક પ્રતિષ્ઠિત માણસ હતા. તેમની ઉંમરનો તો કોઈને ખ્યાલ ન હતો, પરંતુ તેમનું પાતળું શરીર અને ખભા સુધી આવતા સફેદ વાંકડિયા વાળ પરથી લોકો તેમની ઉંમરનો અંદાજ કાઢવા પ્રયત્ન કરતા, પણ કોઈ પાસે પાકી માહિતી ન હતી. તેમનું મડદા જેવું શરીર અને શુષ્ક ચહેરો જોઈને કોઈ પણ વ્યક્તિ તેને જીવતો છે તેવું પહેલી નજરે ધારી શકે તેમ ન હતું. તેઓ તરંગી હતા. પોતે બનાવેલી ઘડિયાળના ઝૂલતા લોલકની જેમ જ પોતાના વિચારોમાં ઝૂલતા રહેતા. શરીર પર હંમેશાં કાળા રંગનાં કપડાં તેમના મુડદાલ દેખાવને વધુ નિરાશાવાદી બનાવતાં હતાં. જાણે કે લિયોનાર્ડો-દ-વિંચીએ દોરેલું કોઈ ઘેરા અંધકારમાંનું શુષ્ક ચહેરાનું ચિત્ર. જે પહેલી નજરે જ નકારાત્મક લાગણી પેદા કરતું હોય.

ઝચારીઅસના ઘરમાં સારામાં સારો ઓરડો તેની પુત્રી જીરાડને ફાળવાયો હતો. મકાનમાં થોડી ઊંચાઈના ભાગે આવેલા આ ઓરડાની નાનકડી બારીમાંથી સ્વિટ્ઝર્લૅન્ડની હિમાચ્છાદિત પહાડીઓ જોઈ શકાતી. જીરાડ નવરાશની પળોમાં કલાકો સુધી આ પર્વતોને નિહાળતી રહેતી. માસ્ટર ઝચારીઅસનો ઓરડો અને તેમનું વર્કશૉપ મકાનના નીચેના ભાગમાં હતાં. આખો દિવસ માસ્ટર પોતાના વર્કશૉપમાં જ ગાળતા. માત્ર ભોજનના સમયે જ બહાર નીકળતા. પોતે બનાવેલી ઘડિયાળોમાં કોઈ ખામીની ફરિયાદ આવી હોય અને તેને સમારકામ કરવાની જરૂર હોય ત્યારે જ તે ઘરની બહાર નીકળતા. એમના ઓરડામાં પણ ચારેબાજુ ઘડિયાળના જુદાજુદા ભાગો જ પડ્યા રહેતા. એ બધા તેમણે પોતે જ શોધ્યા હતા. એમાં જણાતી ખામીઓ દૂર કરવામાં કે નવા ભાગોના સંશોધનમાં જ ઝચારીઅસનો આખો દિવસ પસાર થતો.

માસ્ટર ઝચારીઅસે બનાવેલી ઘડિયાળોની માંગ સ્વિટ્ઝર્લૅન્ડ પૂરતી જ મર્યાદિત ન રહેતાં, ફ્રાન્સ અને જર્મનીમાં પણ રહેતી હતી. ઝચારીઅસની ખ્યાતિએ જીનિવા નગરનું નામ આખા યુરોપમાં ઘડિયાળોના નગર તરીકે જાણીતું કરી દીધું. ઘડિયાળ બનાવવાના વિજ્ઞાનને આ વ્યક્તિએ એક નવી જ ઊંચાઈ ઉપર પહોંચાડ્યું હતું. તેમણે શોધેલાં ઘડિયાળના અનેક નવા ભાગો અન્ય પ્રતિસ્પર્ધી ઘડિયાળ બનાવનારાઓ માટે માથાનો દુખાવો પુરવાર થતા. અન્ય પ્રતિસ્પર્ધીઓની સરખામણીમાં માસ્ટર ઝચારીઅસની ઘડિયાળો વધુ સચોટ હતી. અન્યોનું હરીફાઈમાં ટકવું ખૂબ જ મુશ્કેલ બન્યું હતું. લોકો વધુ કિંમત ચૂકવીને પણ માસ્ટર ઝચારીઅસે બનાવેલી ઘડિયાળો જ ખરીદવાનો આગ્રહ રાખતા હતા. ઘડિયાળ બનાવવાની આ ખ્યાતિએ માસ્ટર ઝચારીઅસને માત્ર નામના જ નહીં, પણ આર્થિક સદ્ધરતા પણ અપાવી હતી, તેમ છતાં તેમની જીવનશૈલીમાં કોઈ પરિવર્તન આવ્યું ન હતું. તેઓ હજી પણ પોતાના જૂના મકાનમાં સાદગીપૂર્ણ ધાર્મિક વિચારોવાળું જીવન જીવતા હતા.

શિયાળાની એક ઠંડી રાતે સ્કોલાસ્ટીક બધાનું જમવાનું પીરસી રહી હતી. માસ્ટરનો યુવાન સહાયક ઑબર્ટ તેને ભોજનનું ટેબલ સજાવવામાં મદદ કરી રહ્યો હતો. માસ્ટરને ભાવતી વાનગીઓ ભૂરા અને સફેદ રંગના ચિનાઈ માટીનાં વાસણોમાં એમની સામે પીરસવામાં આવી, પણ તે સ્થિર જ બેઠા રહ્યા. તેઓ કંઈ જ ખાતા ન હતા. જીરાડના પુછાયેલા પ્રશ્નોનો ખાસ જવાબ પણ આપતા ન હતા. તે કોઈ ગંભીર વિચારોમાં ડૂબેલા હોય તેવું સ્પષ્ટ જણાઈ આવતું હતું. તેમની આ ભેદી મનોદશાને જીરાડ પણ પામી ગઈ, પણ હંમેશાં બોલબોલ કરતી વાચાળ સ્કોલાસ્ટીકનું એ તરફ ધ્યાન ન હતું. તે પોતાની મસ્તીમાં જ બોલ્યા કરતી હતી. કોઈનું તેની વાતોમાં ધ્યાન ન હતું. થોડા જ સમયમાં કંઈ પણ ખાધા વિના ઝચારીઅસ ઊભા થઈ ચાલ્યા ગયા. દરરોજની માફક આજે તેઓ જીરાડને ભેટ્યા

પણ નહીં. નિત્યક્રમ મુજબ બધાને શુભરાત્રિ કહેવાની તસ્દી પણ તેમણે લીધી ન હતી. પોતાની વર્કશૉપનો દરવાજો ખોલી ઝડપથી દાદર ઊતરવાનો અવાજ બધા સાંભળી રહ્યા. માસ્ટર ઝચારીઅસનું આવું વિચિત્ર વર્તન જોઈ જીરાડ ખૂબ જ ચિંતિત થઈ ગઈ.

સ્વિત્ઝર્લૅન્ડમાં કાતિલ શિયાળો ચાલી રહ્યો હતો. તાપમાન ઘણું નીચું હતું. વાતાવરણમાં વિષાદ છવાઈ ગયો હતો. ધૂંધળું અને વાદળછાયું વાતાવરણ, ઠંડી સ્તબ્ધતાના માહોલને વધુ ઘેરું બનાવતું હતું. આલ્પ્સની પર્વતમાળાઓ વાદળોમાં ખોવાઈ ગઈ હતી. ક્યારે ધોધમાર વરસાદ તૂટી પડશે તે કહી શકાય તેમ ન હતું. બહારના આવા બેચેનીભર્યા સ્થગિત વાતાવરણ સાથે સાથે ઝચારીઅસના ઘરનું વાતાવરણ પણ તેમના વિચિત્ર વર્તાવને લીધે ઉદાસીન બની ગયું.

ઝચારીઅસના અચાનક ઊઠીને ચાલ્યા ગયા બાદ બધા ચુપચાપ એકબીજા સામે તાકી રહ્યા. એક શબ્દ પણ આ અંગે કોઈ બોલ્યું નહીં. ઘરમાં ઘેરી શાંતિ છવાઈ ગઈ.

"બેટા જીરાડ" આખરે સ્કોલાસ્ટીકે મૌન તોડ્યું. "છેલ્લા કેટલાક દિવસોથી માલિક કોઈ ગંભીર ચિંતામાં હોય તેમ લાગે છે. તેમની ભૂખ પણ હમણાં ઓછી થઈ રહી છે. તેનું કારણ મને તો તેમના વિચારોની કોઈ ધૂન જ લાગે છે. તેમની આ વિમાસણ અંગે તને કંઈ ખ્યાલ છે?! તે ખરેખર શેના વિચારોમાં ખોવાયેલા રહે છે?"

"મારા પિતા ખરેખર કોઈ ભેદી અને ગંભીર ચિંતામાં હોય તેમ મને પણ લાગી રહ્યું છે, પરંતુ આ ચિંતા શેની છે, તેની હું કલ્પના કરી શકતી નથી. તે અંગે મને કંઈ જ ખબર નથી."

"જીરાડ, તું ચિંતા ન કરીશ. તું તારા પિતાની વિચિત્ર આદતોને જાણે તો છે. તેમના આંતરમનમાં રહેલી ગડમથલોને તેમના ચહેરાના ભાવ પરથી આજ સુધી કોણ સમજી શક્યું છે?! હા! એક વાત નક્કી છે કે કોઈ ગંભીર પ્રશ્ન કે ચિંતાએ તેમના મગજનો કબજો લઈ લીધો છે. ધીરજ રાખ! થોડા દિવસોમાં તે બધું ભૂલી જશે. ત્યારે તેમની ભૂલ સમજાતાં તેમને પોતાની પુત્રીને અજાણતાં પહોંચાડેલી આ ઠેસનો આપોઆપ પશ્ચાત્તાપ થશે. ત્યારે તેઓ સામેથી તારી સમક્ષ દિલગીરી પણ વ્યક્ત કરશે. એટલે એમની ચિંતામાં તું દુ:ખી થઈશ નહીં." યુવાન ઔબર્ટે જીરાડની આંસુભરી આંખોમાં આંખ પરોવી આશ્વાસન આપ્યું.

ઔબર્ટ ઝચારીઅસનો એકમાત્ર સહાયક કામદાર હતો. એ સાફદિલ માણસ હતો. માસ્ટરે શોધેલી ઘડિયાળના વિવિધ ભાગોની રચનાની ગુપ્તતા જળવાઈ રહે તે માટે તેમને એક વિશ્વાસુ વ્યક્તિની જરૂર હતી. આવો વિશ્વાસ તેઓ ઔબર્ટમાં મૂકી શકે તેમ હતું. ઔબર્ટમાં રહેલી પ્રતિભા ઝચારીઅસ પામી ગયા હતા. તે ક્યારેય તેની સાથે કામદાર જેવું વર્તન

કરતા ન હતા. તેને પોતાના પુત્રની જેમ જ રાખતા. ઑબર્ટ તેમના ઘરમાં જ રહેતો હતો. ઝચારીઅસ સાથે તે ખૂબ ખંતથી ઘડિયાળ બનાવવાના કામમાં વ્યસ્ત રહેતો. ઘરમાં જ રહેતો હોવાને લીધે જીરાડ અને સ્કોલાસ્ટીક સાથે પણ તે હળીમળી ગયો હતો. નવરાશની પળોમાં જીરાડ અને સ્કોલાસ્ટીકના કામમાં પણ તે સહાયરૂપ બનતો.

જીરાડ અઢાર વર્ષની હતી. તેનો સુંદર, લંબગોળ ચહેરો તેના નિષ્કપટ હૃદયના આયના સમાન હતો. તેની આંખોમાં સાદગી છલકાતી હતી. કોઈ કવિની કલ્પનાની સ્વપ્નપરી જેવી તે લાગતી હતી. બાળપણથી જ તે ધાર્મિક વિચારધારા પ્રમાણેનું જીવન જીવતી. દરરોજ સવાર-સાંજ તેની લેટિન પ્રાર્થનાપોથીમાંથી કૅથેલિક ચર્ચની પ્રાર્થનાઓનો તે પાઠ કરતી. જીરાડના સાદગીભર્યા અને ધાર્મિક જીવને, ઑબર્ટના હૃદયમાં પણ તેને માટે આદરભાવ જન્માવ્યો હતો. ઑબર્ટ મનોમન જીરાડને પ્રેમ કરતો હતો, પરંતુ તેનો એકરાર હજી સુધી જીરાડ સમક્ષ તે કરી શક્યો ન હતો. ઝચારીઅસ સાથેના કામના કલાકો બાદ તેનો ઘણોખરો સમય જીરાડ સાથે જ પસાર થતો. બને તેટલો વધુ સમય તે જીરાડના સંપર્કમાં રહેવા પ્રયત્નશીલ રહેતો.

ઑબર્ટના હૃદયમાં રહેલી જીરાડ પ્રત્યેની પ્રેમભરી લાગણીને વૃદ્ધ સ્કોલાસ્ટીક પામી ગઈ હતી, પણ બંનેની આ મૈત્રી સામે તેણે વાંધો લીધો ન હતો. મનોમન તેને પણ ઑબર્ટ-જીરાડની જોડી ગમતી હતી. વધુ પડતો વાચાળ સ્વભાવ ધરાવતી સ્કોલાસ્ટીક ઘરના કામકાજમાં જ વ્યસ્ત રહેતી. નવરાશની પળોમાં તે તેનું ગમતું સંગીતનું વાદ્ય વગાડતી. આ વાદ્ય વગાડતી વખતે તે આસપાસની દુનિયાને ભૂલી જતી. એવા સમયે તેનું ધ્યાનભંગ કરનાર વ્યક્તિ પર તે ગુસ્સો કરતી.

રાત્રિનું ભોજન પૂરું થયું. ઝચારીઅસ પોતાના વર્કશૉપમાં ચાલ્યા ગયા. જીરાડ શાંતિપૂર્વક હજી પોતાની ખુરશીમાં બેઠી હતી. સ્કોલાસ્ટીકે મૅરીના પૂતળા પાસેના પથ્થરના ગોખલામાં મીણબત્તી પ્રગટાવી. રાત્રિના ભોજન બાદ એ રીતે મીણબત્તી પ્રગટાવી, પ્રાર્થના કરી ઊંઘી જવાનો તેમનો દૈનિક ક્રમ હતો, પરંતુ આજે જીરાડ ચિંતિત અવસ્થામાં પોતાની ખુરશીમાં જ બેસી રહી હતી. ત્યાંથી ઊભા થવાનું તેને મન થતું ન હતું. પિતા ઝચારીઅસની ચિંતા તેને સતાવી રહી હતી.

“ઓહ, જીરાડ!” સ્કોલાસ્ટીક આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલી, “આપણું રાત્રિનું ભોજન તો ક્યારનું પૂરું થઈ ગયું છે. ઊંઘી જવાનો સમય થયો છે! મોડી રાત સુધી આ રીતે બેઠા રહી ઉજાગરો કરવાનું ઠીક નથી. તું પણ મીણબત્તી પ્રગટાવી, તારા પિતાની સારી તબિયતની મધર મૅરીને પ્રાર્થના કર. તું વહેલી પથારીભેગી થાય એમ હું ઇચ્છું છું. સુંદર મજાનાં સપનાંઓ તારી રાહ જોઈ રહ્યાં છે! આવતી કાલનો નવો દિવસ આપણે માટે નવી

આશાઓ લઈને આવશે. માસ્ટરની બધી માનસિક વેદનાઓનો અંત આવશે."

"મારા પિતાનો ઇલાજ કોઈ સારા ડૉક્ટર પાસે ન કરાવી શકીએ?" જીરાડે પૂછ્યું.

"ડૉક્ટર!!" આશ્ચર્ય સાથે સ્કોલાસ્ટીક બોલી, "માસ્ટરને ક્યારેય કોઈ ડૉક્ટર પાસે જતા જોયા છે?! તે કદાચ પોતાની બનાવેલી ઘડિયાળો માટે દવાઓ લઈ શકે! પણ પોતાના શરીર માટે?! અશક્ય!"

"આપણે તેમને માટે હવે શું કરવું જોઈએ? એવું નથી લાગતું કે તે હવે વધુ કામ નહીં કરી શકે. તેમની નિવૃત્તિનો સમય થઈ ગયો છે?!"

"જીરાડ!" ઔબર્ટ ધીમેથી બોલ્યો, "હું સ્વીકારું છું કે કોઈ મૂંઝવણ માસ્ટરની માનસિક પજવણી કરી રહી છે, પણ તે માટે ચિંતા કરવાની જરૂર નથી. તેનો ઉકેલ ઝડપથી તેઓ જ શોધી કાઢશે."

"ઔબર્ટ! તને ખ્યાલ છે? એમની ચિંતાનું કારણ શું છે?"

"કદાચ! જીરાડ... મારી જાણકારી મુજબ જો તે હોય તો..."

"એવી કઈ વાત છે જે માસ્ટરને સતાવી રહી છે?" સ્કોલાસ્ટીકે આતુરતાથી પોતે પ્રગટાવેલી મીણબત્તી બુઝાવતાં કહ્યું.

"જીરાડ! છેલ્લા ઘણા દિવસોથી હું જોઈ રહ્યો છું." ઝચારીઅસના મદદનીશ ઔબર્ટે રહસ્યસ્ફોટ કરતાં કહ્યું, "કેટલીક અણધારી ઘટનાઓ બની રહી છે. તારા પિતાએ બનાવેલી અને લોકોને આટલાં વર્ષો દરમિયાન વેચેલી ઘડિયાળો રહસ્યમય રીતે બંધ પડી રહી છે. તેમાંની બગડેલી ઘડિયાળો માસ્ટરે પાછી ખરીદી છે. ક્ષતિયુક્ત એ ઘડિયાળના દરેક ભાગોને છૂટા કરી તારા પિતાએ તેની ચકાસણી પણ કરી છે. તે દરેકના બધા જ ભાગો એકદમ સારી સ્થિતિમાં છે. તેનાં ચક્રોમાં પણ કોઈ ક્ષતિ નથી. તેમ છતાં તેમને ખોલી તેમણે ફરીથી સુનિયંત્રિત રીતે ગોઠવ્યાં છે. જરૂર લાગે ત્યાં કેટલાક ભાગો બદલી નવા પણ નાખ્યા છે. ઘણી મહેનત કરવા છતાં તે ઘડિયાળો ફરીથી શરૂ થવાનું નામ જ લેતી નથી. ઘડિયાળોમાં કોઈ ખામી ન હોવા છતાં આવી ભેદી રીતે અટકી પડવાની ઘટના રહસ્યમય લાગી રહી છે. આ ઘડિયાળો ખોટકાવાનું કોઈ ચોક્કસ કારણ માસ્ટર ઝચારીઅસ જાણી શકતા નથી, એ જ એમની મૂંઝવણનું કારણ લાગે છે."

"જરૂર કોઈ પિશાચી શક્તિએ તેના પર મેલીવિદ્યા કરી હશે! આમ પણ માસ્ટરની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી છે. તેમના પ્રતિસ્પર્ધીઓને તેમની ખ્યાતિની ખૂબ જ ઈર્ષા છે. તેમણે જ આવી કોઈ ગંદી ચાલબાજી કરી હશે!" સ્કોલાસ્ટીકે ઝડપથી પોતાનું મંતવ્ય આપ્યું.

"ઔબર્ટ, તને આ ઘટના રહસ્યમય લાગી રહી છે?" જીરાડે પૂછ્યું, "પરંતુ મને તેમાં કશું જ રહસ્યમય નથી લાગતું. મારા મતે તે સામાન્ય કુદરતી ઘટના છે. વિશ્વમાં માનવીએ બનાવેલી દરેક વસ્તુનું એક આયુષ્ય હોય છે. અનંતકાળ સુધી ચાલી શકે એવી કોઈ વસ્તુનું માણસે હજી સુધી સર્જન કર્યું નથી. માનવી પોતે જ જ્યારે નાશવંત હોય તો તે અવિનાશી વસ્તુનું સર્જન કઈ રીતે કરી શકે?! આ બધી ઘડિયાળોનું આયુષ્ય પૂરું થયું છે, તેથી તે અટકી છે. તેમાં મને કંઈ જ રહસ્યમય લાગતું નથી."

"તારી વાત સાથે હું આંશિક સહમત છું." ઔબર્ટે વળતી સ્પષ્ટતા કરતાં કહ્યું. "પરંતુ આ ઘડિયાળો ખોટકાવાની ઘટનામાં મને ચોક્કસપણે કંઈક રહસ્ય લાગે છે. એમાં કંઈક અજુગતું બની રહ્યાની મને શંકા થાય છે. મેં કલાકો સુધી માસ્ટર સાથે આ ખોટકાયેલી ઘડિયાળોમાં રહેલી ખામીઓ શોધવા પ્રયત્ન કર્યા છે, પરંતુ મને કે માસ્ટરને તેમાં કોઈ પણ પ્રકારની યાંત્રિક ખામી જણાઈ નથી. કેટલીક ઘડિયાળોમાં તો અમુક ભાગો પણ અમે નવા નાખ્યા છે."

"બગડેલી ઘડિયાળોમાં ખામી શોધવાની તમે ખોટી મથામણ કરી રહ્યા છો!" સ્કોલાસ્ટીકે પોતાનું વણમાગ્યું મંતવ્ય આપતાં આગળ ચલાવ્યું, "નાના નાના તાંબાના ભાગોની બનેલી આ ઘડિયાળો સમય જતાં ખોટકાય તે સ્વાભાવિક છે, તેથી આપણે સૂર્યઘડિયાળો જ બનાવવી જોઈએ, જેથી તેના ભાગો ખોટકાવાનો કે અટકી પડવાનો પ્રશ્ન જ ન રહે.!!"

"આ બાબતમાં તારાં મંતવ્યો તારી પાસે રાખે તો ઠીક રહેશે." ઔબર્ટ સ્કોલાસ્ટીકની દલીલોથી ગુસ્સે થયો, "સૂર્યઘડિયાળ જૂના જમાનાની વાત છે. આજના આધુનિક યુગમાં તેનું કોઈ મહત્ત્વ નથી. રાત્રિ દરમિયાન સૂર્યઘડિયાળ કોઈ જ કામ આપી શકે નહીં. આપણી ઘડિયાળો દિવસ-રાત બંનેમાં સચોટ સમય બતાવે છે."

"ઔબર્ટ! તું આ બધું શું કહી રહ્યો છે? મને કાંઈ સમજાતું નથી."

"તું શું વિચારે છે? ઔબર્ટ!" સ્કોલાસ્ટીક અને ઔબર્ટ વચ્ચે થઈ રહેલી જીભાજોડીથી આડેપાટે ચડેલી વાતને વચ્ચેથી જ કાપતાં જીરાડ બોલી, "તો શું આપણે મારા પિતાએ બનાવેલી ઘડિયાળોના લાંબા આયુષ્ય માટે ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ?!"

"નિઃશંકપણે, મને તો હવે એ જ એકમાત્ર રસ્તો દેખાઈ રહ્યો છે." ઔબર્ટે કહ્યું.

"ઘડિયાળના લાંબા આયુષ્ય માટે આપણને પ્રાર્થનાપોથીની પ્રાર્થનાઓ કામ નહીં લાગે! એ પ્રાર્થનાઓ યંત્રો માટે નથી...!" સ્કોલાસ્ટીકે કહ્યું.

“પરંતુ આપણે આ જ પ્રાર્થનાઓ એ ઘડિયાળોના લાંબા આયુષ્ય માટે વાંચીશું. ઈશ્વર આપણને માફ કરે અને આપણી આજીજી સ્વીકારે!”

મીણબત્તીઓ ફરીથી પ્રગટાવવામાં આવી. સ્કોલાસ્ટીક, જીરાડ અને ઑબર્ટે ઘૂંટણિયે પડી પ્રાર્થના કરી. જીરાડે સૌપ્રથમ ઈશ્વરને તેની મૃત માતાના આત્માની શાંતિ માટે વંદના કરી. ત્યાર બાદ વિશ્વના બધાં સારાં અને ખરાબ તત્ત્વો માટે આશીર્વાદ માગ્યા અને છેવટે તેણે તેના પિતા પર આવી પડેલી અજાણી આફતમાંથી મુક્તિ અપાવવા ઈશ્વરને અંત:કરણથી આજીજી કરી.

પ્રાર્થના બાદ જીરાડ તેના ઓરડામાં જતી રહી. ઑબર્ટ અને સ્કોલાસ્ટીક પણ પોતપોતાના ઓરડામાં જતાં રહ્યાં, પરંતુ જીરાડને ઊંઘ આવતી ન હતી. વિચારમગ્ન સ્થિતિમાં તે પોતાના ઓરડાની બારી પાસે બેસી રહી. મધ્યરાત્રિ થઈ ગઈ હતી. જીનિવાનગરમાં સળગતા દીવાઓ બુઝાઈ ગયા હતા. નગરનું જનજીવન નિદ્રાધીન બની ગયું હતું. જીરાડ પોતાના પિતાના જ વિચારોમાં ડૂબેલી હતી. ઠંડીની કઠોરતા વધતી જતી હતી. નદીના ઝડપી વહેણ સાથે ઊછળતાં મોજાંના અવાજો અને ઠંડા પવનમાં આખું ઘર જાણે ધ્રૂજતું હોય તેવું લાગતું હતું, પરંતુ જીરાડ પર આવા વાતાવરણની કોઈ અસર જણાતી ન હતી. વાતાવરણની કઠોરતા કરતાં તેના મગજમાં ઉદ્‌ભવેલા તેના પિતાના વિચારોના તોફાને જ તેની બધી ચેતના છીનવી લીધી હતી. પિતાની માનસિક સંતાપની સ્થિતિ તેના માટે અસહ્ય હતી.

ઠંડા પવનનો એક સુસવાટો આવ્યો અને એ સાથે જ વરસાદ તૂટી પડ્યો. બારીઓ એકબીજા સાથે અથડાવા લાગી. નદીનાં વહેણ અને હવાના અવાજમાં વાતાવરણ વધુ ડરામણું બની ગયું. વરસાદનું પાણી જીરાડના ઓરડાને ભીનો કરી રહ્યું હતું. મહામહેનતે જીરાડે ઓરડાની બારીઓ બંધ કરી. અચાનક એને પિતાની યાદ આવી. તેને થયું તેમના ઓરડાની બારીઓ પણ ખુલ્લી જ હશે. પોતાના ઓરડામાંથી તે બહાર આવી. તેના પિતાના નીચેના ઓરડામાં જતા દાદર તરફ તેણે નજર કરી. તેણે જોયું કે ઓરડામાં હજી અજવાળું હતું. ઝચારીઅસ પણ હજી સુધી જાગતા હતા. ઘરની અન્ય બારીઓ જીરાડે બંધ કરી. બધી બારીઓ બંધ થઈ જતાં ઘરમાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ.

આવા ભયાનક વાતાવરણ અને તેના પિતાના વિચારોમાં તે પાગલ બની જશે તેવું તેને લાગ્યું. પિતા આટલી મોડી રાત્રે શું કરી રહ્યા છે તે જાણવાની તેની ઇચ્છા થઈ. દાદર ઊતરીને તેમના ઓરડા તરફ ગઈ. ધીમેથી દરવાજો ખોલ્યો. દરવાજો ખોલતાં જ તેને આઘાતજનક દૃશ્ય જોવા મળ્યું. તેના શરીરમાંથી એક કંપારી પસાર થઈ ગઈ. ઝચારીઅસના ઓરડાની બારીઓ ખુલ્લી હતી. તેમાંથી વરસાદનું પાણી ઝડપથી અંદર

આવી રહ્યું હતું. આખો ઓરડો પવન સાથે આવતી વરસાદની વાછટને લીધે ભીનો થઈ ગયો હતો.

પાણીથી ભીના થયેલા ઓરડામાં જમીન પર વચ્ચોવચ માસ્ટર ઝચારીઅસ પડ્યા હતા. આજુબાજુની સ્થિતિ અંગે તેમને કંઈ જ ભાન ન હોય તેમ લાગતું હતું. જીરાડ ઓરડામાં પ્રવેશી તેનો પણ તેને ખ્યાલ ન હતો. એકલા એકલા જ તે બબડી રહ્યા હતા. ભેદી ઇશારાઓ કરી રહ્યા હતા. પોતાની સાથે જ જાણે વાત કરી રહ્યા હોય તેમ તે બોલતા હતા. જીરાડ ધીમેથી તેમની પાસે ગઈ. તેમનો બબડાટ સાંભળવા લાગી.

“તે મરી ગઈ છે!” માસ્ટર ઝચારીઅસ ઘેરા અવાજમાં બબડી રહ્યા હતા, “તે મરી ગઈ! તો પછી હું કેવી રીતે લાંબું જીવી શકું? આ પૃથ્વી પર હવે મારા અસ્તિત્વનો અર્થ પણ શું છે? હું વિશ્વવિખ્યાત ઘડિયાળી, માસ્ટર ઝચારીઅસ, અનેક ઘડિયાળો બનાવનાર. મારી એ ખોટકાયેલી ઘડિયાળો લોકોને હવે ધાતુની નકામી પેટીઓ જેવી લાગે છે. મેં એ ઘડિયાળો બનાવી છે. તે પેટીઓ નથી! તેમાં મેં મારો પ્રાણ પૂર્યો છે! મારા હૃદયના ધબકારા આપી તેને ધબકતી કરી છે! મારી બનાવેલી ઘડિયાળો જ્યારે હું અટકી પડેલી જોઉં છું ત્યારે મારું હૃદય ધબકારા ચૂકી જાય છે! મેં તેને મારો આત્મા આપ્યો છે! મારો આત્મા! એ કોઈ નિર્જીવ પેટીઓ નથી... મારું જીવન છે... મારું જીવન...!”

ઝચારીઅસ બબડી રહ્યા હતા ત્યારે તેમની નજર સામેના ટેબલ તરફ હતી. તેમણે બનાવેલી વિવિધ ઘડિયાળોના ભાગો છૂટાછવાયા એના ઉપર પડ્યા હતા. જીરાડના આગમનનું પણ તેમને ભાન ન હતું. પોતાની જ ધૂનમાં તે ખોવાયેલા હતા. બેઠા થઈને તેમણે જુદા પડેલા ભાગોને ફરીથી જોડવા પ્રયત્ન કર્યો. ખાલી સિલિન્ડર લઈ તેમાં ગૂંચળાદાર સ્પ્રિંગને દબાવી ગોઠવવા પ્રયત્ન કર્યો. એ માટે તેઓ વધુ ને વધુ પ્રયત્ન કરતા હતા, પરંતુ તેમના બધા પ્રયત્ન નિરર્થક સાબિત થતા હતા. આખરે ગુસ્સે થઈ એમણે ઘડિયાળના એ ભાગોનો નાનકડી બારીમાંથી બહાર ઘા કર્યો. ઘડિયાળના ભાગો ર્‌હોન નદીનાં વહેતાં પાણીમાં ગરકાવ થઈ ગયા.

માસ્ટર ઝચારીઅસની આવી માનસિક સ્થિતિ જોઈ જીરાડ સ્તબ્ધ બની ગઈ. પિતાને સમજાવવા તે ઘણું કહેવા માગતી હતી, પણ આઘાતને કારણે તે એક શબ્દ પણ ઉચ્ચારી ન શકી. એનું મોં જાણે સીવાઈ ગયું, પગ જમીનમાં ઠોકેલા ખીલાની જેમ જડાઈ ગયા. આઘાતથી તેનું મગજ ભમતું હતું. પોતે બેભાન થઈ જશે તેવું તેણે અનુભવ્યું.

અચાનક તેના કાને ધીમેથી અવાજ આવ્યો, “જીરાડ! હજી તું ઊંઘી નથી. તારા ઓરડામાં જઈને ઊંઘી જા. અડધી રાત વીતી ગઈ છે અને ઠંડી પણ ખૂબ છે.”

“ઔબર્ટ!” જીરાડ આશ્ચર્યપૂર્વક ધીમેથી બોલી, “તું અહીં!”

"તારા પિતાની ચિંતામાં તું અડધી રાત સુધી જાગી રહી હોય તો હું કેવી રીતે આરામથી ઊંઘી શકું? તારી ચિંતા એ મારી ચિંતા છે."

ઔબર્ટના ઉષ્માસભર શબ્દોથી જીરાડને આશ્વાસન મળ્યું. શરીરમાં થીજી ગયેલું લોહી જાણે ફરીથી વહેતું થયું હોય તે રીતે તેણે ઔબર્ટનો હાથ પકડી લીધો અને બોલી:

"મારા પિતા ખૂબ જ બીમાર છે, ઔબર્ટ! આ બાબતને મારા કરતાં પણ તું વધુ સારી રીતે સમજી શકે છે. તું જ તેમની યોગ્ય કાળજી લઈ શકે તેમ છે. તું તેમની માનસિક ગડમથલોનો ઉપાય શોધવામાં મદદરૂપ બની શકે તેમ છે. આ અંગે હું તેમને બહુ મદદરૂપ નહીં થઈ શકું, પણ તું આખો દિવસ તેમની સાથે તેમના કામમાં વ્યસ્ત હોય છે. તું જ તેમને પાછા સામાન્ય સ્થિતિમાં લાવી શકે છે. ઔબર્ટ!" ભાવાવેશમાં આવી પોતાની વ્યથા ઠાલવવાનું તેણે ચાલુ રાખ્યું, "મારા પિતાની જિંદગી તેમણે બનાવેલી ઘડિયાળો સાથે જોડાયેલી છે, તે વાત તદ્દન બિનપાયેદાર છે. શું તને નથી લાગતું, ઔબર્ટ કે આ મારા પિતાનો એક ભ્રમ માત્ર જ છે?!"

જીરાડે પૂછેલા લાગણીસભર પ્રશ્નો માટે ઔબર્ટે કોઈ જ પ્રતિભાવ આપ્યો નહીં. એથી ગુસ્સે ભરાયેલી જીરાડ તેના ઉપર વરસી પડી.

"તો શું હવે મારા પિતા માત્ર ભગવાન ભરોસે છે? આપણે તેમને માટે કંઈ જ કરી શકીએ તેમ નથી? તું કેમ કંઈ જ બોલતો નથી?"

"ના જીરાડ! તું ચિંતા ના કરીશ." ઔબર્ટે આશ્વાસન આપતાં કહ્યું, "હું તારા પિતાને સ્વસ્થ બનાવવા બનતા બધા જ પ્રયત્નો કરી છૂટીશ, પણ અત્યારે તું ઊંઘી જા. રાત ખૂબ વીતી ગઈ છે. આ સ્થિતિમાં અત્યારે હું તને વધુ કંઈ જ જણાવી શકીશ નહીં." ઔબર્ટે પોતાના ગરમ હાથથી જીરાડના ઠંડા હાથને દબાવતાં દિલાસો આપ્યો.

જીરાડ પોતાના ઓરડામાં પરત ફરી. સૂર્યોદય સુધી પોતાની આંખો બંધ કરી પથારીમાં પડી રહી, પણ તેને ઊંઘ આવે તેવી શક્યતા ન હતી. માસ્ટર ઝચારીઅસ પણ ચુપચાપ કોઈ પણ હાવભાવ વિના બારીની બહાર વહેતી ર્‌હોન નદી તરફ એકચિત્તે જોઈ રહ્યા હતા. આખી રાત પસાર થઈ ગઈ તેનું પણ તેમને ભાન ન હતું. તે તેમના ધૂની વિચારોમાં જ ડૂબેલા હતા.

# વિજ્ઞાનનો અહંકાર

નિતનવાં ઘડિયાળો બનાવવામાં યુરોપભરમાં ખ્યાતિ પ્રાપ્ત કરનાર માસ્ટર ઝચારીઅસ સમક્ષ અત્યારે મુખ્ય પ્રશ્ન એની ઘડિયાળોની વિશ્વસનિયતાનો હતો. તેમણે બનાવેલી ઘડિયાળો લોકો પરત કરી રહ્યા હતા, તેથી તેઓ ક્ષોભજનક સ્થિતિમાં મુકાયા હતા. પરત કરવા આવનાર ગ્રાહકની આંખમાં આંખ મેળવવાની હિંમત પણ તેમનામાં ન હતી. શું તેમણે બનાવેલી પ્રત્યેક ઘડિયાળ આ જ રીતે ભેદી સંજોગોમાં અટકી પડવાની હતી? શું તેમણે અપમાનિત થઈને તે બધી ઘડિયાળો પરત લેવી પડશે? આવા અનેક પ્રશ્નો તેમના મગજમાં ગૂંચવાયા કરતા હતા.

અચાનક આ ઘડિયાળો અટકી પડવામાં કે અનિયમિત બની જવામાં કંઈક રહસ્યમય જરૂર હતું. તેમણે બંધ ઘડિયાળો ચકાસી હતી. તેનાં ચક્રો સારી સ્થિતિમાં હતાં. કેટલીક સ્પ્રિંગ સ્થિતિસ્થાપકતા ગુમાવી ચૂકી હતી, પરંતુ તે કાઢી તેને બદલે નવી સ્પ્રિંગ બેસાડવામાં આવી હતી, તો પણ એમાં સુધારાનું કંઈ પરિણામ મળતું ન હતું. ઘડિયાળો હજી પણ સ્થગિત જ હતી. સમજી ન શકાય તેવી વિચિત્ર ખામીને કારણે જ ઝચારીઅસને કોઈ રહસ્યમય-જાદુટોણાંની શંકા ઉદ્‌ભવી. જાદુટોણાંની વાત હવે માત્ર ઝચારીઅસ પૂરતી મર્યાદિત ન રહેતાં તેમની પુત્રી જીરાડ સુધી પણ પહોંચી ગઈ. અને તેથી જ તે વધુ ચિંતામાં રહેતી હતી.

રાતભરની વૈચારિક ગડમથલોને કારણે થયેલા ઉજાગરા છતાં ઝચારીઅસ વહેલી સવારે પોતાના કામમાં લાગી ગયા. સૂર્યોદયે તેમનામાં નવી જ ચેતના પ્રગટાવી હતી. તે આજે આત્મવિશ્વાસમાં જણાઈ રહ્યા હતા. ગઈ કાલના ઉજાગરાનો થાક તેમના ચહેરા પર ખાસ વર્તાતો ન હતો. ઔબર્ટ પણ ઝડપથી તૈયાર થઈ વર્કશૉપમાં પહોંચી ગયો. સવારના અભિવાદન સાથે માસ્ટર ઝચારીઅસે તેને આવકાર્યો.

"હું હવે સ્વસ્થતા અનુભવી રહ્યો છું." ઔબર્ટને ઉદ્દેશીને તેઓ બોલ્યા, "મને ખ્યાલ નથી કે ગઈ કાલે કેટલાક વિચિત્ર વિચારોએ મારા મગજનો કબજો લીધો હતો. આલ્પ્સનાં શિખરો ઉપર ઘેરાયેલાં કાળાં વાદળો આજે ગાયબ થયાં છે. આજના નવા દિવસ સાથે ગઈ કાલના નકારાત્મક વિચારોમાંથી હું પણ એ રીતે જ બહાર આવ્યો છું."

"આવી કાળી રાત્રિ ફરી આપણા જીવનમાં ક્યારેય ના આવે તેવી હું પ્રાર્થના કરું છું!" ઔબર્ટે કહ્યું.

"ઔબર્ટ! જો તું ક્યારેક મહાન માણસ બનીશ, ત્યારે મારી સ્થિતિને સમજી શકીશ. ત્યારે આ કાળી રાત્રિ તારે માટે એક પાઠરૂપ હશે. એક

વ્યક્તિએ જ્યારે કોઈ ક્ષેત્રે પોતાનું સમગ્ર જીવન હોમી દીધું હોય અને માનવજાતિ તેને યોગ્ય સન્માન ન આપે, તેનાથી મોટું દુ:ખ બીજું કયું હોઈ શકે? આ પ્રતિષ્ઠા, આ નામના મને એમ જ નથી મળી. મારી ઘડિયાળોમાં ક્યારેય કોઈ ખામી ન જ સર્જાવી જોઈએ!"

"મને માફ કરશો! પણ મારે કહેવું પડશે કે વિજ્ઞાન પ્રત્યેની તમારી વધુ પડતી આસક્તિએ તમારા મગજનો કબજો લીધો છે. તમારો આ વધુ પડતો મોહ અહંકારમાં ફેરવાઈ રહ્યાનો મને ભય છે."

"તું મારા વિજ્ઞાનના લગાવને મોહ કહે, આસક્તિ કહે કે અહંકાર... ઔબર્ટ! મારા ભૂતકાળને ભુલાવી દે, મારા વર્તમાનને નષ્ટ કરી દે, મારા ભવિષ્યને પણ વિખેરી નાખ, મારું નામોનિશાન મિટાવી દે, પણ મેં જે ઉન્નત શોધો આ દુનિયાને આપી છે તેને તું મિટાવી શકીશ?! સમયમાપન-વિજ્ઞાનના વિકાસમાં મારા હાથોએ સર્જેલા આ કળાકીય નમૂનાઓનો વિશ્વમાં ક્યાંય જોટો નથી! એ અમર છે!"

"હા! માસ્ટર!" ઔબર્ટે કહ્યું, "સમયમાપન વિજ્ઞાનના વિકાસમાં તમારો ફાળો અમૂલ્ય છે. ઘડિયાળના વિવિધ ભાગો બનાવવાની કારીગરીમાં તમારી તોલે વિશ્વમાં બીજું કોઈ ન આવી શકે. આ બાબત હું આજે નહીં, પહેલેથી જ સ્વીકારું છું. એ માટેની તમારી યોગ્યતા અંગે પહેલાં પણ મેં ક્યારેય શંકા નથી કરી."

"ઔબર્ટ! મને ખ્યાલ છે કે તું મને સમજી શકે છે. તેં મારી સાથે કામ કર્યું છે, પણ આ બાબત હું અન્યોને કેવી રીતે સમજાવું? રહસ્યમય રીતે બંધ થઈ ગયેલી મારી આ ઘડિયાળો લોકોને હવે સોના, ચાંદી કે તાંબાની બંધ પેટીઓ જેવી લાગે છે. તેમને કેવી રીતે સમજાવું કે આ ધાતુની પેટીઓ નથી, એ મારું જીવન છે! તેમને જીવંત કરવામાં મારું અલૌકિક પ્રદાન છે. રહસ્યમય રીતે આ ઘડિયાળો બંધ થઈ જવાથી લોકો મારી સર્જનાત્મકતા ઉપર શંકા કરી રહ્યા છે. તેમને મારા કામ પર વિશ્વાસ નથી રહ્યો. તેઓ મારી પ્રતિભાને વ્યર્થ સમજી મારી હાંસી ઉડાવી રહ્યા હોય તેવી લાગણી મને થઈ રહી છે!"

આટલું બોલી ઝચારીઅસ શાંત થઈ ગયા. તેઓ પાછા શૂન્યવત્ બની ગયા હોય તેવી સ્થિતિમાં આવી ગયા. ઔબર્ટને ચિંતા થઈ. પાછી ગઈ કાલ જેવી જ માનસિકતામાં ડૂબી જશે તેવો ભય લાગ્યો. તેણે વાતને સકારાત્મક બાજુ તરફ વાળી કહ્યું:

"હું તમને ફરીથી જૂના જુસ્સા સાથે જ કામ કરતા જોવા ઇચ્છું છું. તમે સ્ફટિકના ભાગોની બનેલી નવા પ્રકારની ઘડિયાળની રચના પર કામ કરી રહ્યા છો, તેની મને ખબર છે. આગળ જતાં એ શોધ નવી ક્રાંતિ લાવશે એવો મને વિશ્વાસ છે. આપણે એની ઉપર જ સંશોધન ચાલુ રાખવું જોઈએ."

"મને એમાં કોઈ જ શંકા નથી!' ઔબર્ટની વાતથી વૃદ્ધ ઘડિયાળી આનંદિત થયા. તે અંગે વધુ વાત કરવા તેમના ચહેરા ઉપર નવી ચમક આવી. તે બોલ્યા:

"નવા પ્રકારની આ ઘડિયાળોમાં સ્ફટિક તરીકે હીરાથી વધુ ટકાઉ બીજું શું હોઈ શકે. હીરાના ચોક્કસ માપના ટુકડા કરવા, તેને પાસાદાર બનાવવા કે તેમાં છિદ્ર પાડવા માટે લૂઈસ બર્ગહેનથી સારો કસબી બીજો કોણ હોઈ શકે. મારી ઘડિયાળો માટેના હીરા મને તેની પાસેથી જ મળી રહેશે."

પ્રયોગાત્મક ધોરણે સ્ફટિકના ટુકડાઓમાંથી ઘડિયાળના નાનકડા ભાગો માસ્ટર ઝચારીઅસે બનાવી જ રાખ્યા હતા. ઘડિયાળના તે ભાગો તેમની સૂક્ષ્મ કારીગરીના નમૂનારૂપ હતા. તેનાં ચક્રો, કળ તેમ જ ઘડિયાળના અન્ય ભાગ બનાવવામાં ઝચારીઅસે કરેલી મહેનત અજોડ હતી.

"કેવી સરસ છે આ!" તે બોલ્યા. તેમના ચહેરા પર ગર્વનો ભાવ હતો. "ઔબર્ટ, આ ઘડિયાળને તેના પારદર્શક ભાગોમાંથી ધબકતી જો! તેના હૃદયના એક એક ધબકારા ગણી નથી શકાતા?!"

"માસ્ટર, તમારો સહાયક હોવાનો હું ગર્વ અનુભવું છું. આ ઘડિયાળ વર્ષમાં એક સેકન્ડ જેટલી પણ આગળપાછળ થાય તો ગમે તેટલી મોટી રકમ દાવમાં હારી જવા હું તૈયાર છું!"

"તું આની ચોકસાઈ પર દાવ મૂકે છે?! અને મારા હૃદય પર? તેના પર તું દાવ મૂકી શકે છે કે તે ક્યારે એક ધબકારો નહીં ચૂકે? આને મેં મારા હૃદયથી ધબકતી કરી છે!"

ઝચારીઅસની આવી વાતથી ઔબર્ટ ચોંકી ગયો. એને લાગ્યું કે ઉત્સાહમાં આવી તે પોતાના માલિક સમક્ષ વધુ પડતું બોલી ગયો હતો. માસ્ટરના ચહેરા પરથી તે નજર ખસેડી ન શક્યો. તેમના પ્રશ્નનો જવાબ પણ એની પાસે ન હતો.

"એક વાત મને સાચી જણાવજે." ઝચારીઅસ દુ:ખદ અવાજે બોલ્યા, "તને હું ક્યારેય પાગલ લાગ્યો છું? તને મારી વાતો ઘણી વખત મૂર્ખતાભરી લાગે છે? મેં મારી પુત્રી જીરાડ અને તારી આંખોમાં ઘણી વખત મારા પ્રત્યેનો આવો ભાવ જોયો છે." ઔબર્ટ જવાબમાં એક શબ્દ ઉચ્ચારી શક્યો નહીં. ઝચારીઅસ પોતાની ધૂનમાં જ આગળ બોલ્યા:

"દુનિયામાં તમે જેને સૌથી વધુ પ્રેમ કરો છો, તે જ તમને પાગલ ગણે એનાથી મોટું બીજું દુ:ખ કયું હોઈ શકે?! પણ ઔબર્ટ, એક દિવસ હું સાબિત કરીને બતાવીશ કે હું ખરો હતો! દુનિયાની નજરોમાં તમારું માથું હું ઝૂકવા નહીં દઉં. મારે લીધે તમારે નીચું નહીં જોવું પડે. હું જ્યારે

સૃષ્ટિના અસ્તિત્વનું રહસ્ય શોધીશ, હું જ્યારે આત્મા અને શરીર વચ્ચેના સંબંધને જાણી શકીશ ત્યારે દુનિયાને સમજાશે કે હું મૂર્ખ નહોતો. એ દિવસે તમે અને સમગ્ર દુનિયા મારા વિચારોને આવકારશો."

માસ્ટર ઝચારીઅસ આ બોલી રહ્યા હતા ત્યારે પોતાના જ કલ્પના વિહારમાં હતા. તેમની આંખોમાં દૈવી ચમક ઊભરી આવી. ચહેરાના એક એક હાવભાવમાં તેમનો વિજ્ઞાનનો અહંકાર છલકી રહ્યો હતો. આ સમયે તેમના કલ્પનાતરંગોમાં ખલેલ પાડવાની હિંમત ઔબર્ટમાં ન હતી.

સમયમાપનના વિજ્ઞાનનો વિકાસ ઝચારીઅસના સમય સુધી બાલ્યાવસ્થામાં જ હતો. ચોક્કસ સમયમાપનના વિજ્ઞાનના વિકાસમાં ઝચારીઅસનો ફાળો અમૂલ્ય હતો. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં પ્લેટોએ સૌપ્રથમ રાત્રિ દરમિયાન સમયમાપન માટે જળઘડિયાળ શોધ્યાની નોંધ છે. તેમાં દર કલાકે સમયસૂચક સંગીતવાદનની સગવડ કરવામાં આવી હતી, પરંતુ પ્લેટોના એ સમયથી માંડી ઝચારીઅસના સમય સુધી લગભગ બે હજાર વર્ષોના સમયફલક ઉપર સમયના ચોક્કસ માપનનું વિજ્ઞાન લગભગ સ્થગિત અવસ્થામાં જ રહ્યું હતું. આ ક્ષેત્રે પ્રયત્નો ઓછા થયા હતા અથવા કોઈને યોગ્ય સફળતા મળી ન હતી, પણ માસ્ટર ઝચારીઅસના મતે તે યંત્રશાસ્ત્ર કરતાં કળાનું કામ વધુ હતું. તેમને સોના, ચાંદી કે તાંબાની આ ઘડિયાળો યંત્ર કરતાં વધુ તો કોઈ શિલ્પકારે બનાવેલાં ઉત્કૃષ્ઠ શિલ્પ જેવી લાગતી હતી. ઝચારીઅસ પહેલાંના ઘડિયાળીઓ સમયમાપનની ચોક્કસતા કરતાં તેના બાહ્ય રૂપરંગને જ વધુ પ્રાધાન્ય આપતા હતા. ઘડિયાળની ખરીદી કરનાર ગ્રાહકોની પસંદગી મુજબ એના સુશોભનમાં અનેક વિવિધતાઓ લાવવામાં આવતી હતી. પ્રદર્શનમાં શોભી ઊઠે એવાં બેનમૂન ઘડિયાળો બનવાં લાગ્યાં હોવા છતાં સમયની ચોકસાઈની બાબતમાં એ પ્લેટોના સમયની ઘડિયાળોથી વધુ આધુનિક કહી શકાય તેમ ન હતું.

સમયમાપનના વિજ્ઞાનના વિકાસમાં રહેલી ખામીઓનાં પરિણામ પણ જોઈ શકાતાં હતાં. નિશ્ચિત સમયે એકીસાથે ધંધા-ઉદ્યોગોને બંધ કરવાનું કે ચોક્કસ સમયે રેલગાડીઓનું પ્રયાણ શક્ય બની શકતું ન હતું. રસ્તાઓ ઉપરની હલનચલન બંધ કરવા માટે પણ ચેતવણીનો ઘંટનાદ કરવાની પ્રથા હતી. રાત્રિ દરમિયાન પણ સમયની ચોક્કસ જાણકારી લોકોને જોરથી બૂમો પાડીને જ આપવામાં આવતી હતી. લોકોની ઊંઘમાં એને કારણે બિનજરૂરી વિક્ષેપ ઊભો થતો હતો.

ઝચારીઅસે સમયમાપનના વિજ્ઞાનના ક્ષેત્રે આણેલી ક્રાંતિથી લોકોના જીવનક્રમમાં મોટો ફેરફાર થયો હતો. લોકોનું જીવન ભલે લાંબું ન થયું હોય, પણ તે ચોક્કસ તો જરૂર બન્યું હતું. સમયનો દુર્વ્યય થતો અટક્યો હતો. તેમની બનાવેલી ઘડિયાળો લોકો માટે રોજિંદી જરૂરિયાતના ભાગરૂપ

બની હતી અને તેથી જ માસ્ટર ઝચારીઅસની ખ્યાતિ ચારેકોર ફેલાઈ હતી.

આ શોધે ઝચારીઅસને અપાયેલી કીર્તિનું ગંભીર કહી શકાય તેવું આડ પરિણામ પણ વિકસતું જતું હતું. ખ્યાતિની આ ગરમીએ ઝચારીઅસના મગજના અહંકારના પારાને એટલો વધારી દીધો હતો કે તે પોતાને વિશ્વમાં કોઈ પણ માણસથી ચડિયાતો માનવા લાગ્યા હતા. પોતાની એ ભૌતિક શોધને માત્ર એક વૈજ્ઞાનિક આવિષ્કાર ગણવાને બદલે ઘડિયાળમાં પોતાનો પ્રાણ પૂરી તેમણે તેને ધબકતી કરી છે તેવું માનતા થયા હતા. તેમના મતે તેમણે ઘડિયાળને જીવતી કરી હતી. જેમ માનવશરીર આત્માના પ્રવેશથી ધબકતું હોય છે તે જ રીતે એમણે બનાવેલી ઘડિયાળો પણ ધબકતી હતી. આત્મા અને નિષ્પ્રાણ શરીર વચ્ચે રહેલા સંબંધના રહસ્યની તેમણે શોધ કરી હતી તેવું તે માનતા થયા હતા.

ઔબર્ટ ઝચારીઅસને ધ્યાનથી સાંભળી રહ્યો હતો. તેમની કોઈ પણ વાત સામે વિરોધ કરવાનું કે તે અંગે વાદવિવાદમાં ઊતરવાનું તેને બિનજરૂરી લાગ્યું, જોખમભર્યું પણ જણાયું.

ઝચારીઅસ આત્મવિશ્વાસથી ઔબર્ટ સામે જોઈ બોલ્યા:

“જીવન શું છે? તને ખ્યાલ છે? શું તને આ સ્પ્રિંગની રચનાઓનો ખ્યાલ આવે છે, જે સમયના અસ્તિત્વનું સર્જન કરે છે? તને ખ્યાલ નથી આવતો કે હું શું કહું છું? વિજ્ઞાનના દૃષ્ટિકોણથી જોઈએ તો ઈશ્વરની સૃષ્ટિની રચના અને મારી આ ઘડિયાળની રચનામાં એક પ્રકારનું સામ્ય રહેલું છે. ઈશ્વરે જેમ સૃષ્ટિના જીવોમાં પ્રાણ પૂરી, આ હાડચામના નિર્જીવ શરીરને ધબકતું કર્યું છે, તેમ મેં પણ આ નિર્જીવ ચક્રોની બનેલી ઘડિયાળોમાં પ્રાણ પૂરી તેને ધબકતી કરી છે!”

“માસ્ટર!” ઘણા સમયથી સતત સાંભળી રહેલા ઔબર્ટે પોતાનું મૌન તોડ્યું. ખિન્નભાવે એ બોલ્યો, “શું તમે આ ધાતુની બનેલી ઘડિયાળોમાં જે ગતિ છે તેને આપણા શરીરમાં રહેલા આત્મા સમાન ગણો છો? શું આ ઘડિયાળોનું સર્જન પ્રાણીના શરીરના સર્જન સાથે સરખાવી શકાય એટલું મહાન છે?”

“ઓહ! એમાં કોઈ જ શંકા નથી!” ઝચારીઅસ પોતાની વાત મનાવવા એકદમ આક્રમક બની ગયા:

“શરૂમાં મેં બનાવેલી ઘડિયાળો પરત આવતી ત્યારે તેમાં સમયની અચોક્કસતા જણાતી. તે આગળપાછળ થતી હતી. તેને ચકાસતાં મને તેના બૅલેન્સ વ્હીલમાં ખામી જણાઈ હતી. બૅલેન્સ વ્હીલ બદલી નવું નાખતાં તે કાર્યરત થઈ જતી હતી, પરંતુ થોડા સમયથી પરત આવતી ઘડિયાળોમાં મને આ ઉપાય કારગત જણાયો નથી. બૅલેન્સ વ્હીલ નવું

નાખવા છતાં તે કાર્યરત થતી નથી. તેમાં મને સમજી ન શકાય તેવી ભેદી ખામી જણાય છે."

ઔબર્ટથી વધુ કંઈ પણ બોલી શકાય તેમ ન હતું. તેણે સંમતિસૂચક મૌન જાળવ્યું.

"ઔબર્ટ!" વેધક નજરે આંખો ઝીણી કરી, ઔબર્ટ તરફ જોતાં ઝચારીઅસ બોલ્યા, "બે જુદા જ પ્રકારની શક્તિઓ આપણા શરીરને ચલાવી રહી છે. આપણો આત્મા જે આપણને જીવંત રાખે છે, પણ માત્ર આત્માની હાજરીથી જ આપણે જીવંત છીએ એવું નથી. આત્મા આપણા શરીરને જીવંત રાખવાનું મૂળભૂત તત્ત્વ જરૂર છે, પરંતુ તેનાથી જ શરીરના દરેક ભાગો કાર્યરત છે તેમ કહી શકાય નહીં. જેમ આપણી ઘડિયાળોમાં વિવિધ ચક્રો તેને કાર્યરત રાખે છે તેમ આપણા શરીરમાં પણ કેટલીક એવી રચના છે, જે હૃદયને સતત ધબકતું રાખે છે! અથવા તો કોઈ અદૃશ્ય શક્તિ છે, જે આપણા હૃદયને ધબકતું રાખે છે. આપણું હૃદય ઘડિયાળની રચના જેવું જ છે. તે સતત એક ઝડપે લોહીને શરીરમાં ફરતું રાખે છે તે જ રીતે આત્માને પણ જીવંત રાખવા, શરીરનાં દરેક અંગોએ વ્યવસ્થિત રીતે કાર્ય કરવું જરૂરી છે. આમ, જીવન માટે આત્મા અને શરીર એકબીજાની પૂરક વસ્તુઓ છે. બંનેમાંથી કોઈ પણ પોતાનું સંતુલન ગુમાવે કે તરત બીજા ઉપર તેની અસર થાય છે, આપણી ઘડિયાળની માફક! જેમ આપણી ઘડિયાળમાં સ્પ્રિંગ કે બૅલેન્સ વ્હીલ બંનેમાંથી કોઈ પણ સંતુલન ગુમાવે તો સમયમાપનની સચોટતામાં ફેર પડે છે, પણ હજી હું એ સમજી શક્યો નથી કે શરીર અને આત્માને સતત એકબીજા સાથે જોડી રાખનારું આ અદૃશ્ય દૈવી તત્ત્વ કયું છે? જો હું તે રહસ્ય શોધી કાઢીશ તો એવી ઘડિયાળ બનાવવામાં મને સફળતા મળશે, જે ક્યારેય નહીં અટકે. અવિરત ચાલશે! ઈશ્વરની આવી અલૌકિક રચના પાછળનું રહસ્ય બહુ લાંબા સમય સુધી મારાથી છૂપું નહીં રહી શકે! તે રહસ્ય હું શોધીને જ રહીશ."

માસ્ટર ઝચારીઅસ પોતાની કલ્પનાઓમાં ખોવાઈ ગયા. સૃષ્ટિના સર્જન અને જીવનના ઉદ્‌ભવના રહસ્યને પામી ઈશ્વર સમકક્ષ બની જવાની તેમની ઘેલછાએ તેમને વિચારોના વમળમાં પાછા ડુબાડી દીધા. તેમની પુત્રી જીરાડ રૂમના દરવાજા પાસે જ ઊભી હતી. માસ્ટર ઝચારીઅસની બધી વાતો તેણે સાંભળી હતી. અંદર આવી તે સીધી પિતાને ભેટી પડી. તેણે પોતાનો હાથ પોતાના જ હૃદય પર મૂક્યો હતો.

અચાનક જીરાડને આવીને ભેટી પડતાં જોઈ ઝચારીઅસે પૂછ્યું, "શું થયું? જીરાડ!"

"શું અહીં માત્ર એક સ્પ્રિંગ છે?!" તેનો હાથ હજી તેના હૃદય પર જ હતો, "જો એવું હોત તો આ હૃદયમાં તમારે માટે ક્યારેય આટલો પ્રેમ ન હોત."

માસ્ટર ઝચારીઅસ કંઈ જ બોલ્યા નહીં. જીરાડ શું કહેવા માગતી હતી તે તેઓ સમજી ગયા. તે જીરાડને ફાટી આંખે જોઈ જ રહ્યા. પોતાની પુત્રી પણ પોતાના વિચાર સાથે સહમત ન હતી. એ વાતનો તેમને ખ્યાલ આવી ગયો. તેમને આઘાત લાગ્યો. તે જોરથી રડી પડ્યા. તેમનો હાથ તેમના હૃદય પર હતો. ચામડાની ખુરશી પર તે ઢળી પડ્યા.

“પિતાજી, શું થયું તમને?” જીરાડે ચીસ પાડી.

“સ્કોલાસ્ટીક! જલદી આવ.” સ્થિતિ ગંભીર બની જતાં મદદ માટે ઔબર્ટે બૂમ પાડી.

પણ એક બૂમે સ્કોલાસ્ટીક આવી નહીં. ઘરના મુખ્ય દરવાજા પર કોઈ આવ્યું હતું, તેથી સ્કોલાસ્ટીક તે ખોલવા ગઈ હતી. તે જ્યારે ઝચારીઅસના વર્કશૉપમાં આવી અને કંઈ જણાવે તે પહેલાં ઝચારીઅસ થોડા સ્વસ્થ થયા હતા. તે બોલ્યા, “સ્કોલાસ્ટીક, મને ખબર છે કે તું મારી બનાવેલી વધુ એક ઘડિયાળ પરત લાવી છે. જે સદાને માટે અટકી પડી છે!”

“હા, માલિક! તમારું અનુમાન સાચું છે.” સ્કોલાસ્ટીકે વળતો જવાબ આપતાં વધુ એક બગડેલી ઘડિયાળ ઔબર્ટના હાથમાં આપી.

“મારી ઘડિયાળો માટે મારું અનુમાન ક્યારેય ખોટું નથી હોતું. તે મારા હૃદય સાથે એક અદૃશ્ય શક્તિથી જોડાયેલી છે!”

ખોટકાયેલી ઘડિયાળ ખોલી. ઔબર્ટે તેના સમારકામ માટે પ્રયત્નો કરી જોયા, પણ તે ફરી ચાલુ ન થઈ.

# વિચિત્ર મુલાકાત

માસ્ટર ઝચારીઅસની ચિંતામાં જીરાડ અસ્વસ્થ બની ગઈ. એવી સ્થિતિમાંથી બહાર લાવવા ઑબર્ટ સતત પ્રયત્ન કરતો રહેતો હતો. એને પણ એના માલિકની ચિંતા રહેતી હતી. ઝચારીઅસના મગજમાં એક જ ધૂન સવાર હતી. એને કારણે તેમની શારીરિક સ્થિતિ પણ કથળી ગઈ. માનવીય સંવેદનાઓ તેમના હૃદયમાંથી જાણે નાશ પામી હતી. મરણપથારીએ પડેલી વ્યક્તિની નિરાશા જેવી સ્થિતિમાં તેઓ ડૂબી ગયા હતા. એમાંથી તેમને બહાર લાવવા જીરાડ અને ઑબર્ટ બનતાં બધાં પ્રયત્નો કરતાં હતાં.

ઝચારીઅસે બનાવેલી ઘડિયાળોમાં ખામી ઉદ્‌ભવતાં તેમના પ્રતિસ્પર્ધીઓને તેનો ફાયદો ઉઠાવવાની અમૂલ્ય તક મળી ગઈ. આ પ્રતિસ્પર્ધીઓએ ઝચારીઅસની ઘડિયાળો વિશે જાતજાતની અફવા ફેલાવવાની શરૂઆત કરી દીધી.

ભેદી રીતે અટકી પડેલી ઘડિયાળો વિશે બઢાવીચઢાવીને ફેલાવવામાં આવેલી અફવાઓને લીધે ઝચારીઅસની પ્રતિષ્ઠા અને ધંધાને વધુ નુકસાન થવા લાગ્યું. સાથે ઝચારીઅસની માનસિક પીડામાં પણ વધારો થતો ગયો. ઘડિયાળમાં ઉદ્‌ભવતી ખામી અને માસ્ટરની લથડતી જતી તબિયતને લોકો એકબીજા સાથે સાંકળતા હતા. કેટલાક લોકોનું માનવું હતું કે માસ્ટર ઝચારીઅસની તબિયતની અસર તેમની બનાવેલી ઘડિયાળોને પણ થતી હતી. ઘડિયાળો અનિયમિત થવાનું કે બંધ પડવાનું સાચું કારણ તો હજી ઝચારીઅસ પણ પામી શક્યા ન હતા, તો સામાન્ય માણસોને સમજાવવાનો તો સવાલ જ ન હતો. લોકો તેમની ખોટકાયેલી ઘડિયાળોને લઈને ફરિયાદ કરવા ઝચારીઅસને ઘેર આવતા, પણ તેમના આ પ્રયત્નોનો કોઈ અર્થ સરતો ન હતો. ઝચારીઅસના ખુલાસા કોઈ સ્વીકારતું ન હતું. તેમની તબિયત ઉપર તેની વધુ વિપરીત અસર થતી હતી, તેથી જીરાડ હવે કોઈને પણ પોતાના પિતાને મળવાની પરવાનગી આપતી ન હતી. યોગ્ય જવાબ નહીં મળતાં ગ્રાહકો વધુ અકળાતા હતા.

ડૉક્ટરી સારવાર કે દવાઓ પણ માસ્ટરની કથળતી તબિયતમાં કંઈ સુધારો લાવી શકતી ન હતી. ડૉક્ટરો તેમની બીમારીનું ચોક્કસ નિદાન કરી શકતા ન હતા. તેમના હૃદયના ધબકારા અનિયમિત થઈ જતા. ઘણી વખત તેમના હૃદયના ધબકારા એટલા ધીમા થઈ જતા કે હૃદય બંધ થઈ ગયું હોવાની જ શંકા જાગે. ક્યારેક તેમાં આકસ્મિક વધારો પણ થઈ જતો હતો. ડૉક્ટરોના અભિપ્રાય પ્રમાણે ઝચારીઅસને કોઈ રોગ ન હતો, પણ

તેમની વ્યથા માનસિક જ હતી. તેમની બીમારીનું મૂળ શોધવા કરતાં અચાનક અટકી પડતી ઘડિયાળોનો ઉપાય શોધવો જ વધુ યોગ્ય હતો.

ઝચારીઅસે બનાવેલી ઘડિયાળોની લોકો હવે જાહેરમાં ટીકા કરવા લાગ્યા હતા. તેમની વિરુદ્ધ દેખાવો થતા હતા. તેમની ઘડિયાળો વેચનારા વેપારીઓ પણ તેને લીધે અકળાતા હતા. તેમણે ઘડિયાળોમાં ઉદ્‌ભવતી ખામી દૂર કરવા તેમ જ નવી બનતી ઘડિયાળોમાં નવી જ કાર્યપ્રણાલીવાળી સુધારેલી આવૃત્તિની માગણી ઝચારીઅસ સમક્ષ કરી. એના કરતાં વધુ ગંભીર અસર પ્રતિસ્પર્ધીઓ દ્વારા ફેલાવાતી અફવાઓને લીધે થતી હતી. એક સમયે જે લોકો તેમની આ અદ્‌ભુત ઘડિયાળોનાં વખાણ કરતાં થાકતા ન હતા, તેની સચોટતા પર ગર્વ લેતા હતા અને યુરોપના વિવિધ દેશોમાં તેનાં પ્રદર્શનો યોજાતાં હતાં. તેઓ તરફથી આ ઘડિયાળોની ગુણવત્તા ઉપર પ્રશ્નાર્થ ઊભો થતો હતો. ઝચારીઅસ માટે એ સ્થિતિ સહી ન શકાય તેવી હતી, પરંતુ એમાં એ વેપારીઓનો પણ વાંક કાઢી શકાય તેમ ન હતો. તેઓ ઝચારીઅસની ઘડિયાળોની ઉચ્ચ ગુણવત્તા માટે વધુ કિંમત ચૂકવતા હતા અને લોકો પાસેથી પણ ઊંચી કિંમત વસૂલ કરતા હતા. એવી ભરોસાપાત્ર ઘડિયાળોમાં જ જ્યારે નહીં સુધારી શકાય તેવી ખામી ઊભી થતી હોય ત્યારે તેમની ફરિયાદને ક્ષુલ્લક ગણીને અવગણી શકાય તેમ પણ ન હતું. માસ્ટર ઝચારીઅસની પ્રતિષ્ઠા સાથે તેમના ધંધાની શાખ પણ જોડાયેલી હતી.

પોતાની ઘડિયાળોના બદનામીના અસહ્ય બોજતળે દબાઈને માંડમાંડ શ્વાસ લઈ રહેલા માસ્ટર ઝચારીઅસ માટે જીવતા રહેવાનું હવે મુશ્કેલ બની ગયું. ધીમેધીમે એમનું શરીર અને મન નબળાં પડતાં ગયાં. ક્ષતિ પામેલાં ઘડિયાળોને દુરસ્ત કરવાની વાત તો દૂર રહી, એમનાથી પોતાની પથારીમાંથી ઊભા પણ થઈ શકાતું ન હતું. ઝચારીઅસની આવી સ્થિતિમાં જીરાડ અને ઑબર્ટ સતત એમની કાળજી લેતાં હતાં. તેને લીધે જ ધીમો, પરંતુ નોંધપાત્ર કહી શકાય તેવો સુધારો ઝચારીઅસની તબિયતમાં આવી રહ્યો હતો. ઝચારીઅસને લાગેલા માનસિક આઘાતમાંથી ધીમેધીમે બહાર લાવવા તેમના પ્રિયજનોનો સાથ જ સૌથી ઉત્તમ દવા હતી. પથારીમાંથી ઊભા થઈ તેઓ થોડું ચાલતા થયા હતા. સતત આવતા રહેતા અસંતુષ્ટ ફરિયાદીઓથી દૂર રાખવા જીરાડ ઘરથી દૂરના એકાંત બગીચામાં તેમને ફરવા લઈ જતી. નિરાશાવાદી વાતાવરણથી દૂર રહેતા ઝચારીઅસને વૈચારિક ગડમથલોમાંથી મુક્તિ મળી.

સ્વિત્ઝર્લેન્ડનું કુદરતી સૌંદર્ય પણ એવું હતું કે મરણપથારીએ પડેલા માણસને પણ નવજીવન મળી શકે. જીરાડ તેમને સંત ઍન્ટોનીઓના ચર્ચમાં પણ લઈ જતી. નગરથી આ ચર્ચ થોડું દૂર આવેલું હોવાથી ત્યાં લોકો પણ ખૂબ ઓછા આવતા. તેઓ ત્યાં શાંતિથી પ્રાર્થના કરતા. સાંજના

સમયે સુંદર તળાવને કિનારે તે ફરવા લઈ જતી. તેઓ કલાકો સુધી શાંતિથી ત્યાં બેસતાં.

ઝચારીઅસની યાદશક્તિ ક્ષીણ થઈ ગઈ હતી. તેમને કંઈ જ યાદ રહેતું નહીં. નશાના બંધાણીની જેમ તેઓ સતત ઘેનમાં જ રહેતા હતા. બ્યુટની પર્વતમાળાનાં શિખરોનો નજારો માણવા પણ બંને જતાં. જીરાડ નાની હતી ત્યારે ઝચારીઅસ તેને અહીં જ ફેરવવા લાવતા હતા. ગિરિમાળાનાં વિવિધ શિખરો તરફ આંગળી ચીંધીને જીરાડ તેની મીઠી યાદો પિતા સાથે તાજી કરતી. આમ છતાં ઝચારીઅસને કંઈ જ યાદ આવતું ન હતું. જીરાડ તેમને જ્યાં પણ ફરવા લઈ જતી ત્યાં ઝચારીઅસ સાવ બાળક જેવું જ વર્તન કરતા. જાણે અહીં પહેલી વખત આવ્યા હોય. દરેક વસ્તુ નવી હોય તેમ નવું શીખવા પ્રયત્ન કરતા. ક્યારેક નાના બાળકની માફક જીરાડના ખભા પર પોતાનું માથું નાખીને ઊંઘી પણ જતા.

આ સમય દરમિયાન ઑબર્ટ વર્કશૉપમાં જ રહેતો. ઝચારીઅસે બનાવેલી જુદીજુદી ઘડિયાળોમાં ખોટકાયેલા ભાગોનું સમારકામ કરી તેને ફરી ચાલુ કરવાના પ્રયત્નો કરતો, પણ તેવા બધા પ્રયત્નો વ્યર્થ પુરવાર થતા હતા. ઘણા પ્રયત્નો છતાં તેને ઝચારીઅસની એક પણ ઘડિયાળને પુન: શરૂ કરવામાં સફળતા મળી નહીં. નિરાશ થઈ તે બંને હાથોથી પોતાનો ચહેરો દબાવી બેસી રહેતો. તેને લાગતું કે તે પણ ઝચારીઅસની જેમ પાગલ બની જશે.

જીરાડ અને ઑબર્ટની સતત કાળજીને કારણે ઝચારીઅસની તબિયતમાં ધીમો સુધારો થઈ રહ્યો હતો. તેમને ભાન થયું હતું કે દુનિયામાં તે એકલા ન હતા. સુંદર અને યુવાન જીરાડની તેમને ચિંતા થવા લાગી હતી. આમ તો જીનિવાના કેટલાય યુવાનો જીરાડ સાથે લગ્ન કરવા ઉત્સુક હતા, પણ જીરાડના મનમાં કે ઝચારીઅસની નજરમાં એ પૈકીનો કોઈ યુવાન યોગ્ય લાગતો ન હતો. ઝચારીઅસને પોતાની પુત્રી માટે ઑબર્ટ જ સૌથી યોગ્ય પાત્ર જણાયો. બંને સાથે જ ઘરમાં રહેતાં હતાં. બંને વચ્ચે મૈત્રી પણ સારી હતી. ઑબર્ટ તેમનો એકમાત્ર વિશ્વાસુ સહાયક હતો. બંનેના વિચારો પણ એકબીજાને ખૂબ મળતા આવતા હતા. ઑબર્ટ પણ જીરાડને મનોમન ચાહતો જ હતો, પણ તેનો એકરાર ક્યારેય જીરાડ સમક્ષ કરી શકતો ન હતો. થોડા સમય બાદ સ્વસ્થતા આવતા એક દિવસ ઝચારીઅસે સ્કોલાસ્ટીકને બોલાવી કહ્યું:

“જીરાડ અને ઑબર્ટ! બંનેનું સર્જન ઈશ્વરે એકબીજાં માટે કર્યું હોય તેવું મને લાગે છે! મને તેમની જોડી ગમે છે!”

માસ્ટર ઝચારીઅસની વાત સાંભળી સ્કોલાસ્ટીક ખૂબ આનંદિત થઈ ગઈ. તેને તો જીરાડ-ઑબર્ટની જોડી પહેલેથી જ પસંદ હતી. પોતાના મનમાં રહેલી વાતને આજે માલિકે પણ કરી. અતિ આનંહિત થઈને એ

ખબર જીરાડ અને ઔબર્ટને આપવા માટે તે દોડવા ગઈ, પરંતુ ઝચારીઅસે તેને શાંત પાડી. તેઓ ન જણાવે ત્યાં સુધી આ વાત કોઈને ન જણાવવી તેવી સ્પષ્ટ સૂચના આપી, પરંતુ એ વાત લાંબો સમય ગુપ્ત રહી શકે તેવી ન હતી. ઝચારીઅસની મરજી વિરુદ્ધ અને તેમની જાણ બહાર જીરાડ અને ઔબર્ટનાં લગ્નની વાત આખા નગરમાં વહેતી થઈ ગઈ.

દરમિયાન ઝચારીઅસ સમક્ષ બીજી એક રહસ્યમય ઘટના બની. એક ભેદી અવાજ તેમને કાને પડ્યો. ધીમું ગણગણતું હોય તેમ કોઈ બોલી રહ્યું હતું:

“જીરાડ ક્યારેય ઔબર્ટને પરણી શકશે નહીં.”

ઝચારીઅસે ફરીને જોયું તો કોઈ વૃદ્ધ ઠીંગણો માણસ તેમની નજરે પડ્યો.

આ અજાણ્યા માણસની ઉંમર કેટલી હતી? તેના દેખાવ પરથી અનુમાન કરતાં જાણે સેંકડો વર્ષોની ઉંમર હોય તેવું લાગતું હતું. તેનો સપાટ અને મોટો ચહેરો તેના એક ખભા તરફ નમેલો હતો. તેનું શરીર માત્ર ત્રણ ફૂટ જેટલી જ ઊંચાઈ ધરાવતું હતું. તેના શરીરનો અડધોઅડધ ભાગ તો માત્ર તેના ચહેરાનો હતો. ભયાનક દેખાવ ધરાવતા આ માણસના ગળામાં લોલક જેવું કંઈ લટકતું હતું. ધ્યાનથી જોતાં ઝચારીઅસને ખ્યાલ આવ્યો કે તેના ચહેરામાં ઘડિયાળનું ડાયલ અંકિત હતું. ઘડિયાળના સંતુલન ચક્ર જેવું એક ચક્ર તેની છાતીના ભાગમાં ફરી રહ્યું હતું. તેનું નાક પણ વિચિત્ર હતું, જાણે સૂર્યઘડિયાળ પર સમયના આંકારૂપી પડછાયો રચાય તે માટે રાખવામાં આવેલી તીક્ષ્ણ ડાંડી. તેના દાંત પણ ઘડિયાળમાં ગોઠવાયેલા ચક્રોની જેમ છૂટાછવાયા હતા. તેનો અવાજ ધાતુના બનેલા ઘંટમાંથી નીકળતા અવાજ જેવો કર્કશ હતો. તેના હૃદયના ધબકારા પણ ઘડિયાળમાં થતી ટીકટીક અવાજ જેવા સ્પષ્ટ રીતે સાંભળી શકાતા હતા. એના હાથ પણ ઘડિયાળના કલાક અને મિનિટના કાંટા જેવા જ હતા. તેની ચાલ સામાન્ય માનવીની ચાલ જેવી સાહજિક ન હતી. તે ઝટકા મારી ગોળ ગોળ ઘૂમ્યા કરતો, પરંતુ ક્યારેય પાછળ ફરતો ન હતો. તેની ચાલની ઝડપ પણ એકદમ ચોક્કસ હતી. તેમાં કોઈ વધારો-ઘટાડો થતો ન હતો. અત્યાર સુધી સમય માપનવિજ્ઞાનના વિકાસમાં શોધાયેલા ઘડિયાળના વિવિધ ભાગોનો સમન્વય થયેલો હોય તેવો તેનો વિચિત્ર દેખાવ હતો. એને માણસ કહી શકાય તેમ ન હતું. તે એક પ્રકારનું હરતું-ફરતું ઘડિયાળ જ હતું, જે બોલી પણ શકતું હતું. એને ઘડીમાનવનું જ નામ આપી શકાય. માસ્ટર ઝચારીઅસ કંઈ બોલે તે પહેલાં તો ત્યાંથી એ ઘડીમાનવ ગાયબ થઈ ગયો.

આ ઘડીમાનવ નગરમાં વારેવારે દેખાતો ન હતો, પણ જ્યારે સૂર્ય આકાશમાં મધ્યાહ્ને પહોંચતો ત્યારે સંત પિયરે ચર્ચના વિશાળ ઘડિયાળ

પાસે આવીને તે ઊભો રહેતો હતો. બપોરના બાર વાગ્યાના બાર ડંકા ઘડિયાળમાં પડતા ત્યાં સુધી તે ત્યાં થોભતો અને ત્યાર બાદ ગાયબ થઈ જતો.

આ ઘડીમાનવ હવે વારંવાર ઝચારીઅસની સામે હાજર થવા લાગ્યો. ઘણી વાર રસ્તે ચાલતાં પણ તે તેમની પાછળ પાછળ ચાલતો દેખાતો. લોકો આ વિચિત્ર માણસને જોઈ ગભરાઈ જતા હતા. તેઓને જાણવું હતું કે માસ્ટર ઝચારીઅસ અને આ ભેદી વ્યક્તિ વચ્ચે શું સંબંધ છે! ઘડિયાળો અટકી પડવાની ઘટનાને ઘણા લોકો ઝચારીઅસની મેલીવિદ્યા સાથે સાંકળતા હતા. એ કારણે આ બાબતે તેમને પૂછવાની કોઈની હિંમત થતી ન હતી. માસ્ટર ઝચારીઅસ અને જીરાડ જ્યારે પણ બહાર ફરવા નીકળતાં ત્યારે આ ભેદી માણસ કાયમ તેમનો પીછો કરી તેમના પર નજર રાખતો.

એક દિવસ જીરાડ અને ઝચારીઅસ ફરવા નીકળ્યાં. જીરાડે જોયું કે પેલો ઘડીમાનવ તેમનો પીછો કરી રહ્યો હતો. દરરોજ કરતાં તે આજે એકદમ નજીક આવી ગયો હતો. જીરાડે પાછળ જોયું. ભેદી વૃદ્ધ વિચિત્ર રીતે હસ્યો. જીરાડ ગભરાઈ ગઈ. બાજુમાં ચાલતા પોતાના પિતાને તે વળગી પડી.

“શું થયું જીરાડ?” ઝચારીઅસે પૂછ્યું.

“કંઈ નહીં.” જીરાડ બોલી.

“પણ તું એકદમ ગભરાયેલી લાગી રહી છે. કોઈ ડર તારા ચહેરા પર દેખાઈ રહ્યો છે. એવું તે શું છે જે તું મને કહેવા માગતી નથી?”

“ઓહ! એવું ગંભીર કંઈ જ નથી. તમે ચિંતા ન કરો. હું શાંત છું, પણ મને અહીં કંઈક રહસ્યમય બની રહ્યું હોય તેવું વર્તાઈ રહ્યું છે.”

“‘એવું તે શું છે અહીં?’

“પેલા ભયાનક વૃદ્ધને જુઓ… કેટલાય દિવસોથી હું જોઈ રહી છું કે જ્યારે આપણે બહાર નીકળીએ ત્યારે તે સતત આપણો પીછો કરતો રહે છે. તેની આવી વર્તણૂક ઉપર મને શંકા જાય છે.” જીરાડે ધીમા અવાજે માસ્ટરનું એ તરફ ધ્યાન દોરતાં કહ્યું.

માસ્ટર ઝચારીઅસે પાછળ આવી રહેલા વૃદ્ધ ડોસા તરફ જોયું.

“ઓહ, તું આની વાત કરે છે? એનાથી ડરવાની જરૂર નથી!” ઝચારીઅસના ચહેરા પર કોઈ પણ જાતની ચિંતા જણાતી ન હતી. તે વૃદ્ધના ચહેરા તરફ જોઈ શાંતિથી બોલ્યા, “ચાર વાગ્યા છે! ડરવાની કોઈ જરૂર નથી. તે કોઈ માણસ નથી. એક ઘડિયાળ જ છે!”

માસ્ટરની આવી વાતથી જીરાડને કોઈ આશ્વાસન મળ્યું નહીં. તે હજી પણ ભયભીત જ હતી. એ કંઈ પણ બોલી શકી નહીં. પિતાના ચહેરા તરફ તે જોઈ રહી. તે વિચારી રહી હતી કે આ ભેદી વૃદ્ધના કદરૂપા ચહેરા ઉપર તેમને સમય કેવી રીતે દેખાતો હતો! ઉપરાંત તે તેને માણસ નહીં, પણ એક ઘડિયાળ કહી રહ્યા હતા. એવી ભેદી વ્યક્તિની બાબતમાં પિતાનું વલણ એને સમજાયું નહીં.

“છોડ હવે એ વાત!” એ બાબત તરફ વધુ ધ્યાન આપવાને બદલે ઝચારીઅસે વાત બદલતાં પૂછ્યું, “છેલ્લા ઘણા દિવસોથી ઔબર્ટ નથી દેખાતો? શું તે આપણને છોડીને ક્યાંય બહારગામ જતો રહ્યો છે?”

“એ આપણને છોડીને ક્યાંય નથી ગયો. આપણને છોડીને એ જઈ પણ કેવી રીતે શકે?” જીરાડ પણ ઔબર્ટની વાત આવતાં થોડી હળવી બની.

“તો પછી એ ક્યાં છે? શું કરી રહ્યો છે? મને મળવા પણ નથી આવતો.”

“એ કામમાં ડૂબી ગયો છે.”

“ઓહ!” ઝચારીઅસને જાણે અચાનક ભાન થયું હોય તેમ બોલ્યા, “મારી ખોટકાયેલી ઘડિયાળોના સમારકામમાં તે રોકાયેલો છે... બરાબરને? પણ તેને ક્યારેય સફળતા નહીં મળે! એ ઘડિયાળોને સમારકામની નહીં, પુનઃજીવિત કરવાની જરૂર છે!”

ઝચારીઅસની આવી વાતનો જીરાડે પ્રત્યુત્તર આપ્યો નહીં.

“મારે એ જાણવું છે કે મારી આ માંદગી દરમિયાન તમે બીજી કેટલી બગડેલી ઘડિયાળો પાછી ખરીદી છે?”

આ શબ્દો સાથે જ ઝચારીઅસ ચૂપ થઈ ગયા. જીરાડે પણ તેનો જવાબ આપ્યો નહીં. બંને ચાલતાં ચાલતાં પોતાના ઘર સુધી આવી ગયાં. ઘરમાં પ્રવેશતાં જ ઝચારીઅસ સીધા પોતાના વર્કશૉપ તરફ જતા રહ્યા. જીરાડ પણ તેમને રોકી શકી નહીં. તે પોતે પણ પોતાના રૂમમાં જતી રહી. લાંબી માંદગીમાં પટકાયા બાદ ઝચારીઅસ સૌ પ્રથમ વખત પોતાના વર્કશૉપમાં ગયા હતા.

ઝચારીઅસના વર્કશૉપમાં પ્રવેશ કરતાં જ દીવાલ પર ચારેતરફ લગાડવામાં આવેલી અનેક ઘડિયાળોમાં પાંચ વાગ્યાના સૂચક ટકોરા પડવાની શરૂઆત થઈ ગઈ. સામાન્ય સંજોગોમાં બધી ઘડિયાળો એટલી સચોટ હતી કે તેમાં કલાક સૂચક ટકોરા એકીસાથે પડતા. એકસાથે થતો દરેક ઘડિયાળના ટકોરાઓનો અવાજ ઝચારીઅસને આનંદિત કરી મૂકતો, પણ આજે બધી ઘડિયાળોમાં ટકોરા એકસાથે ચાલુ થવાને બદલે આગળપાછળ થવા લાગ્યા. ઘડિયાળો હવે પહેલાં જેવી સચોટ રહી ન

હતી. એક પછી એક અનિશ્ચિત રીતે ઘડિયાળોમાં પડતો ટકોરાઓનો અવાજ સતત પંદર મિનિટ સુધી ગુંજતો રહ્યો. સતત અવાજને કારણે ઝચારીઅસના કાનમાં ક્ષણિક બહેરાશ વર્તાવા લાગી. અવાજ કરતાં પણ તેમની અચોક્કસતા તેમને વધારે કઠતી હતી. તે વિવિધ ઘડિયાળો સમક્ષ જઈ તેને નિયમિત કરવા કે તેને અટકી જવાનું સમજાવવા પ્રયત્ન કરવા લાગ્યા. જાણે કોઈ ઑરકેસ્ટ્રાનો લીડર પોતાનો લય ગુમાવી બેઠેલા સંગીતજ્ઞોને લયમાં આવવા સૂચના ન આપતો હોય!

વર્કશૉપની છેલ્લી ઘડિયાળના ટકોરા બંધ થયા ત્યારે ઝચારીઅસનું આખું શરીર ધ્રૂજતું હતું. એ જ વખતે વર્કશૉપનો દરવાજો ખૂલ્યો અને પેલો ઠીંગણો વૃદ્ધ અંદર પ્રવેશ્યો. ઝચારીઅસ સમક્ષ જોઈ તે બોલ્યો.

"માસ્ટર, શું હું તમારી સાથે થોડી મિનિટ વાત કરી શકું?"

"તું કોણ છે?" ઝચારીઅસે રૂક્ષતાથી પૂછ્યું.

"તમારો સાથી! મારું કામ સૂર્યની ગતિને નિયંત્રિત કરવાનું છે!"

"ઓહ! તો સૂર્યની ગતિને તું નિયમિત કરે છે?!" ઝચારીઅસે તુચ્છકારથી જવાબ આપતાં આગળ ચલાવ્યું, "પણ હું તારા આ કાર્યથી સંતુષ્ટ નથી! તારા સૂર્યની ગતિ ખૂબ જ અનિયમિત છે. આખા વર્ષ દરમિયાન તેના ઊગવાનો અને આથમવાનો સમય અચોક્કસ છે તે માટે મારે, મારી ઘડિયાળોના સમયને પણ આગળપાછળ કરવા પડે છે!"

"હા, તમે સાચા છો, માસ્ટર! મારો સૂર્ય તમારી ઘડિયાળો જેટલો ચોક્કસ નથી. તેનો ઊગવાનો કે આથમવાનો સમય પણ તમારી ઘડિયાળો જેવો નથી, પણ તમારી ઘડિયાળોની માફક ક્યારેક તો તે જરૂરથી ચોક્કસ બનશે તે માટે હું પૂરતા પ્રયત્નો કરીશ."



વિચિત્ર આગંતુકં કૂદકો મારી ઝચારીઅસની જૂની ચામડાની ખુરશી ઉપર ચડી ગયો.

“શું હું તમારી રજા લઈ શકું છું?” ઝચારીઅસની આંખોમાં વિજયી ચમક ઝળકી ઊઠી હતી.

"નિઃશંકપણે..." ઠીંગણો વૃદ્ધ ખંધું હસતાં આગળ બોલ્યો, "તમે એવું માનો છો કે તમે ક્યારેય મૃત્યુ નહીં પામો?!"

"ઓહ, અત્યારે તો હું બીમાર છું."

"હમ્મ... હું પણ અહીં તમારી આ માંદગી વિશે જ વાત કરવા આવ્યો છું."

આ શબ્દો સાથે જ વિચિત્ર આગંતુક કૂદકો મારી ઝચારીઅસની જૂની ચામડાની ખુરશી ઉપર ચઢી ગયો. પોતાના બંને પગ ઉપર લઈ, તેણે આંટી મારી લીધા. એ રીતે વાળેલા તેના પગની ચોકડી વચ્ચે ભયાનક વિશાળ ચહેરાથી, ભયસૂચક ખોપરી અને હાડકાંનાં નિશાન જેવો તેનો દેખાવ હતો. તેના કર્કશ અવાજમાં તેણે બોલવાનું ચાલુ રાખ્યું:

"જુઓ માસ્ટર ઝચારીઅસ, જીનિવામાં તમારા વિશે એક જ વાત થઈ રહી છે. તમારી તબિયત કથળી રહી છે અને તમારી તબિયતની અસર તમારી બનાવેલી ઘડિયાળો ઉપર પણ થઈ રહી છે, તેથી તમારી તબિયત સાથે તમારી ઘડિયાળોને પણ ડૉક્ટરી ઉપચારની જરૂર છે."

"તો શું તું પણ એવું માને છે કે મારા સ્વાસ્થ્ય અને મારી બનાવેલી ઘડિયાળોની વચ્ચે કોઈ ભેદી સંબંધ છે?!" ઝચારીઅસે ઉત્તેજિત થઈ પૂછ્યું.

"મને આ ઘડિયાળમાં ખામી હોય તેમ લાગે છે. તે ચોક્કસ રીતે કામ આપતી નથી. તેની આવી અચોક્કસતા માટે તમારી બનાવટના મૂળમાં રહેલી ખામી જ જવાબદાર છે. મારા મતે તેમાં સુધારાવધારા જરૂરી છે."

"એવી તે એમાં શું ખામી છે?" ભેદી આગંતુકની આવી વાતથી ઝચારીઅસ સમસમી ગયા. તેણે તેમની જીવનભરની મહેનત પર ગંભીર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમના માટે તે અસહ્ય હતું. "શું આવી શ્રેષ્ઠ ઘડિયાળોના સર્જનનો મને ગર્વ ન હોવો જોઈએ! આ મહાન શોધ મેં કરી છે અને એને તારે પણ બિરદાવવી જ રહી."

"આ ઘડિયાળોની શોધનો ગર્વ?" આવેલો વૃદ્ધ તુચ્છકારથી બોલ્યો, "આ તારો ખોટો અહંકાર છે. આ ઘડિયાળો પર કોતરાયેલા તારા નામ પર તને ગર્વ છે? એક દિવસ તું જ તેને ધિક્કારીશ. તારી બધી ઘડિયાળો આમ જ ખોટકાઈને અટકી જશે અને તેને માટે તું કંઈ નહીં કરી શકે, માસ્ટર ઝચારીઅસ! એ દિવસે તું જીનિવાનો જગવિખ્યાત ઘડિયાળી નહીં, પણ સૌથી મૂર્ખ ઘડિયાળી તરીકે ઓળખાશે. એ દિવસ હવે મને દૂર નથી દેખાતો...!"

"હું... મૂર્ખ ઘડિયાળી?" ઝચારીઅસનું સ્વમાન ઘવાયું. ગુસ્સો તેમના કાબૂમાં રહી શકે તેમ ન હતો.

“હા… તું… માસ્ટર ઝચારીઅસ… તું… જ… જે પોતાની ઘડિયાળને પુનઃજીવિત પણ નથી કરી શકતો…” અત્યાર સુધી શાંતિપૂર્વક વાત કરતો વૃદ્ધ હવે આક્રમક બની ગયો.

“માન્યું કે હું બીમાર છું, પરંતુ તેને અને મારી ઘડિયાળોની સુચારુ કામગીરીને શું લાગેવળગે?” અનપેક્ષિત આગંતુકના આક્રમક વલણથી ઝચારીઅસના અહમ્‌ને ભારે ઠેસ પહોંચી હતી. ચિંતા અને ભયને કારણે તે પરસેવાથી રેબઝેબ થઈ ગયા.

“માનવું ન માનવું એ તારી મરજીની વાત છે, છતાં તું યાદ રાખ કે તારી એ ઘડિયાળો પણ તારા મૃત્યુ સાથે જ મરણ પામશે.”

પોતાના મૃત્યુની વાત આવતાં માસ્ટર ઝચારીઅસ એકદમ ગુસ્સે થઈ ગયા.

“મારું મૃત્યુ! હું મરવા માટે જન્મ્યો નથી! હું આ દુનિયાનો પહેલો ઘડિયાળી… ધાતુનાં ચક્રો અને અન્ય ભાગોને જોડીને ચોક્કસ સમય માપતી ઘડિયાળોનું સર્જન કરનાર.. ઘડિયાળોમાં પ્રાણ પૂરનાર… સમયના માપન વગર માનવજીવન કેવું અચોક્કસ અને ઢંગધડા વગરનું હોત તેનો તને ખ્યાલ છે? માનવજીવનને મેં ચોક્કસ માર્ગે વાળ્યું છે. તેને એક દિશા આપી છે, પણ તારા જેવો માણસ, યંત્ર કે પછી સેતાન, તું જે હોય તે, મારી આ ઉન્નત કળાને ક્યારેય સમજી નહીં શકે… હું માસ્ટર ઝચારીઅસ… ક્યારેય મરવાનો નથી… હું અમર છું… હું સમયને નિયંત્રિત રાખું છું અને સમયનો અંત પણ મારી સાથે જ આવશે… સમયના અંત સાથે સમગ્ર માનવજીવન અંધાધૂંધીમાં અટવાઇ જશે. મારી સાથે તેનો પણ અંત થશે. મારું કામ બ્રહ્માંડના સર્જક જેવું છે. જો ઈશ્વરે અનંત બ્રહ્માંડનું સર્જન કર્યું છે, તો મેં સમયનું! બંને એકબીજાના પૂરક છે. એક વગર બીજાનું અસ્તિત્વ શક્ય નથી. હું ઈશ્વરની સમકક્ષ છું. તેની બધી શક્તિઓનો હું ભાગીદાર છું! હું ક્યારેય મરી ન શકું!!”

માસ્ટર ઝચારીઅસ એકશ્વાસે ઘણું બધું બોલી ગયા. ઠીંગણો વૃદ્ધ એકીટશે એના તરફ તાકીને જોઈ રહ્યો. ઝચારીઅસને બોલતાં અટકાવવાનો તેણે પ્રયાસ પણ કર્યો નહીં.

“બહુ સરસ ઝચારીઅસ!” તેણે પોતાનું મૌન તોડ્યું, “હું પોતાને તમારી માફક ઈશ્વર સાથે તો ન સરખાવી શકું. તમે એક દૈવી મનુષ્ય છો! તમારી આ કીર્તિ આમ જ જળવાઈ રહે તેવી મારી શુભેચ્છા! પણ તમારા આ તુચ્છ સેવકની ઈચ્છા તમને મદદ કરવાની છે. તમારી સામે વિદ્રોહ કરી રહેલી તમારી જ ઘડિયાળોને કાબૂમાં લેવાનો ઉપાય હું તમને બતાવવા માગું છું.”

આવેગમાં ઘણું બોલી ગયેલા ઝચારીઅસમાં પોતાની ક્ષતિગ્રસ્ત ઘડિયાળોની ખામીને સુધારવાના ઉપાયની વાતમાત્રથી નવી ચેતના આવી. તેમની રૂક્ષતા નમ્રતામાં ફેરવાઈ ગઈ. ઝડપથી તે બોલી ઊઠ્યા:

"શું છે તેનો ઉપાય? મને જલદી જણાવ... શું છે?"

"હું તને તે જણાવીશ પણ તે માટે તારે મારી એક શરત પૂરી કરવી પડશે."

"શરત... કેવી શરત?"

"તારે તારી પુત્રી જીરાડનાં લગ્ન મારી સાથે કરવાં પડશે. તું તેનાં લગ્ન મારી સાથે કરીશ પછી જ હું તને ઘડિયાળમાં રહેલી ખામીનો ઉપાય જણાવીશ."

"મારી પુત્રી જીરાડ!"

"હા!"

"ના, એ ક્યારેય નહીં બની શકે. તે બીજાને પ્રેમ કરે છે." ઝચારીઅસની ઇચ્છા હતી કે તે બીજી કોઈ શરત મૂકે.

પણ વૃદ્ધ આગંતુક અન્ય કોઈ શરત મૂકવા તૈયાર ન હતો. તે પોતાની વાત પર જ અડગ રહ્યો.

"તારે, તારી પુત્રીના વિવાહ મારી સાથે કરવા જ પડશે."

"મારી પુત્રી! ના... ના... ક્યારેય નહીં."

"જેવી તારી ઇચ્છા... મહાન ઘડિયાળી માસ્ટર ઝચારીઅસ... જાઓ અને તમારી ઘડિયાળોને સમારકામ કરવાના નિરર્થક પ્રયત્નમાં ફરી લાગી જાઓ. જીરાડ અને ઔબર્ટનાં લગ્નની પણ તૈયારી કરો, પણ મારી એક વાત ધ્યાનમાં રાખજો... તમે તમારી ઘડિયાળોનાં ચક્રો અને તેના બીજા ભાગોમાં ગમે તેટલા ફેરફાર કરશો કે જીરાડ-ઔબર્ટના ભાવિ માટે ગમે તેટલી પ્રાર્થના કરશો... પણ તમારી ઘડિયાળો ફરી ક્યારેય શરૂ નહીં થાય, તેમ જ જીરાડ અને ઔબર્ટનાં લગ્ન પણ થશે નહીં...!"

કાળવાણી ઉચ્ચારીને ભયાનક વૃદ્ધ ત્યાંથી અચાનક ગાયબ થઈ ગયો.

# સંત પિયરે ચર્ચ

રહસ્યમય વૃદ્ધના આગમનની ઘટના બાદ ઝચારીઅસ માનસિક અને શારીરિક રીતે ફરીથી ભાંગી પડ્યા, પરંતુ જીરાડ અને ઑબર્ટે કરેલી સેવાથી તેમણે ફરી સ્વસ્થતા મેળવી. ફરીથી તેઓ પોતાના કાર્યમાં મંડી પડ્યા. આ વખતે તેમનો જુસ્સો દર વખત કરતાં અનેક ગણો વધુ હતો. આગંતુકે તેમની ઘડિયાળો વિશે કરેલી કાળવાણીને ખોટી પાડવાનો જાણે તેમણે નિર્ધાર કર્યો હતો. જીરાડે તેમના જીવનમાં ક્યારેય ઝચારીઅસને આ રીતે કામ કરતા જોયા ન હતા. ખોટકાયેલી અવસ્થામાં પરત આવેલી બધી ઘડિયાળોની તેમણે ફરી એક વખત ચકાસણી કરી. ડૉક્ટર પોતાના દર્દીની સામાન્ય તપાસમાં તેની નાડી, શ્વાસ તપાસે તેમ ઘડિયાળની સ્પ્રિંગ, ચક્રો વગેરે ભાગોને ફરી એક વાર તપાસ્યાં અને જરૂર લાગે તે બદલ્યાં પણ. જીરાડ અને ઑબર્ટ પણ તેમના આ કાર્યમાં મદદરૂપ થવા શક્ય પ્રયત્ન કરતાં.

ઑબર્ટ આ શાપિત ઘડિયાળોમાં રહેલી ખામીને શોધીને કંટાળી ગયો હતો. તેને કોઈ ઉપાય સૂઝતો ન હતો. તેણે કંટાળીને કહ્યું:

“મને તો આમાં કંઈ ખામી હોય તેવું જણાતું નથી.”

“ઑબર્ટ! શું આ ઘડિયાળ બનાવવી તેને તું બાળકોની રમત સમજે છે? તને એમ લાગે છે કે આવી ખામી સરળતાથી મળી જશે. મેં આ ઘડિયાળો બનાવવામાં આખી જિંદગી એમ જ નથી ખર્ચી નાખી. જો એ કામ આટલું સરળ હોત તો મારા પહેલાં કેટલાય ઘડિયાળીઓ આવી ઘડિયાળો બનાવી ચૂક્યા હોત.”

બીજી તરફ ઘડિયાળના અસંતુષ્ટ ગ્રાહકો આખો દિવસ ઝચારીઅસના ઘરે ફરિયાદો લઈને આવતા હતા. શરૂમાં તો જીરાડ અને સ્કોલાસ્ટીકે તેમને ઝચારીઅસને મળતા અટકાવ્યા હતા, પણ એ લાંબો સમય શક્ય બની શકે તેમ ન હતું. ઝચારીઅસથી મુલાકાત ન થતાં અસંતુષ્ટ ગ્રાહકોનો રોષ વધુ ભભૂકતો હતો. છેવટે તેમને ઝચારીઅસને મળવાની પરવાનગી આપવામાં આવી.

“આ ઘડિયાળ ખૂબ જ ધીમી ચાલે છે અને ઘણા પ્રયત્નો છતાં તે ચોક્કસ સમય બતાવતી નથી.” એક અસંતુષ્ટ ગ્રાહકે રોષપૂર્વક ઝચારીઅસ સામે ફરિયાદ કરી.

બીજા એક ગ્રાહકે કહ્યું, “આ ઘડિયાળ અટકી ગઈ છે. ચાલુ થવાનું નામ જ લેતી નથી.”

"શું એ ખરું છે કે તમારી તબિયતની અસર આ ઘડિયાળો પર પણ થાય છે? આ ઘડિયાળો તમારા આત્મા સાથે જોડાયેલી છે?" ફરિયાદ કરનારાઓમાંથી એકે શંકા વ્યક્ત કરતાં કહ્યું.

ઝચારીઅસ બધા માણસોને જોઈ રહ્યા હતા. તેમણે ધ્રૂજતા અવાજે કહ્યું.

"તમારી આ ફરિયાદો હું સમજી શકું છું, પણ અત્યારે કાતિલ શિયાળો ચાલી રહ્યો છે, આવા વાતાવરણમાં કોઈની પણ તબિયત બગડી શકે છે. આ ઘડિયાળોની પણ...! ઉનાળો શરૂ થાય ત્યાં સુધી તમે રાહ જુઓ."

"તો શું તમે એમ કહેવા માગો છો કે તમારી આ ઘડિયાળોને શિયાળાની ઠંડીમાં શરદી થઈ ગઈ છે?" આવેલા ફરિયાદીઓમાંથી સૌથી વધુ ગુસ્સે ભરાયેલા એક માણસે બરાડો પાડ્યો. તે આગળ બોલ્યો:

"તમારી આ ઘડિયાળોને પરત લઈ અમને અમારાં નાણાં પરત આપો, અમારે આવી ઘડિયાળો નથી જોઈતી."

આખરે ઝચારીઅસ લોકોની ફરિયાદોથી મૂંઝાઈ ગયા હતા. તેમણે પોતાની જૂની પેટીમાંથી વધેલા થોડા સોનાના સિક્કા કાઢ્યા. ખોટકાયેલી ઘડિયાળો પરત લઈ તેમણે લીધેલ રકમ પરત કરી. ઝચારીઅસે ઘડિયાળો પરત લઈ નાણાં પરત કરવાની ઘટનાના સમાચાર આખા જીનિવાનગરમાં ફેલાઈ ગયા. લોકોનાં ટોળેટોળાં ઘડિયાળો પરત કરવા આવવાં લાગ્યાં. ઝચારીઅસે ભારે નુકસાન વેઠીને પણ તે બધી ઘડિયાળો પરત લેવા માંડી. માસ્ટર ઝચારીઅસની પ્રામાણિકતા અખંડિત હતી. જીરાડે પણ તેમના આ નિર્ણયમાં તેમને સાથ આપ્યો. પિતાની પ્રામાણિકતાની મનોમન તે પ્રશંસા કરવા લાગી. જોકે ઝચારીઅસનો આ નિર્ણય તેમને આર્થિક પાયમાલીના રાહે લઈ જઈ રહ્યો હતો. ઔબર્ટે પોતાની અંગત બચત પણ આવી કપરી સ્થિતિમાં ઝચારીઅસને આપી દીધી.

"મારી પુત્રી જીરાડના ભાવિનું શું થશે?" ઝચારીઅસ નિસાસો નાખતાં બબડાટ કરતા રહ્યા.

ઔબર્ટ જીરાડને ખૂબ ચાહતો હતો, પણ તેને વ્યક્ત કરવાની તેનામાં હિંમત ન હતી. આવેગમાં ઝચારીઅસ ક્યારેક તેને પોતાના જમાઈ તરીકે સંબોધતા હતા. ઠીંગણા ડોસાએ કરેલી કાળવાણી, 'જીરાડ ક્યારેય ઔબર્ટને પરણી શકશે નહીં' તેમના કાનમાં ગુંજતી હતી. વારંવાર તેને રદિયો આપવા તેઓ એકલા એકલા પ્રયત્ન કરતા રહેતા હતા.

ઝચારીઅસની આર્થિક સ્થિતિ એટલી બધી કથળી ગઈ કે ગ્રાહકો દ્વારા પરત આવતી ઘડિયાળોને પાછી ખરીદવા ઘરનો પ્રાચીન અને કલાત્મક સામાન પણ વેચવાની ફરજ પડી. છેવટે તેમણે દીવાલોને

શોભાવતા નવજાગૃતિકાળ પહેલાંના ફ્લેમિસ ચિત્રકારોનાં ચિત્રો પણ વેચી નાખવાં પડ્યાં. જેનું નાણાકીય મૂલ્ય સાથોસાથ ઐતિહાસિક મહત્ત્વ પણ ખૂબ વધારે હતું.

આર્થિક પાયમાલી વેઠીને પણ ઘડિયાળો પરત લેવાના ઝચારીઅસના નિર્ણયમાં ઔબર્ટ અને જીરાડ તો તેમની સાથે હતાં, પણ સ્કોલાસ્ટીક તેનો સતત વિરોધ કરતી હતી. ફરિયાદ લઈને આવતા ગ્રાહકોની એક વાત સ્વીકારવા તે તૈયાર ન હતી. કોઈ પૈશાચિક લીલાને કારણે માલિકે બનાવેલી ઘડિયાળો બગડી રહી હતી અને તે માટે માલિકને પણ સંડોવતા આક્ષેપો તે સ્વીકારી શકે તેમ ન હતી. એવી વાતો અને અફવાઓનું તે જોરદાર રીતે ખંડન કરતી. મનોમન તો તેને પણ સમજાતું ન હતું કે શ્રેષ્ઠ અને સંપૂર્ણ ગણાતી આ ઘડિયાળો ક્યા કારણે ખોટકાઈ રહી હતી. આ તકલીફોનો જલદી ઉપાય જડે તે માટે સવાર-સાંજ સાચા દિલથી ઈશ્વરને પ્રાર્થના કરતી. આ સિવાય તેની પાસે બીજો કોઈ રસ્તો પણ ન હતો.

છેલ્લા કેટલાક દિવસોથી ઝચારીઅસે પોતાની રોજિંદી ધાર્મિક ક્રિયાઓ બંધ કરી દીધી હતી. પહેલાં જીરાડ સાથે તેઓ નિયમિત રીતે ચર્ચમાં જતા હતા, પણ ભેદી વૃદ્ધ સાથે થયેલી મુલાકાત બાદ તેમણે ચર્ચમાં જવાનું બંધ કરી દીધું. તેમની તબિયતમાં અગાઉ નોંધાયેલો સુધારો પણ ધાર્મિક આસ્થાને જ આભારી હતો. તેમના મગજમાં ઘેરાયેલા નકારાત્મક વિચારોમાંથી મુક્તિ મેળવવાનો એકમાત્ર આ જ ઉપાય હતો. ધાર્મિક વિધિઓથી વિમુખ થવાનો બીજો પણ ગેરલાભ થયો હતો. લોકો હવે ગંભીરપણે માનતા થયા હતા કે ઝચારીઅસનો કોઈ પિશાચી શક્તિ સાથે સંબંધ હતો, તેથી જ તેમણે ચર્ચમાં જવાનું બંધ કર્યું હશે. આમ, બંને રીતે ઝચારીઅસના ઇલાજ માટે તેને ધાર્મિક માર્ગે પાછા વાળવાનું જીરાડને જરૂરી લાગ્યું. એ જ રસ્તે જીવન જીવવાની નવી પ્રેરણા મળી શકશે એવી આ પ્રેમાળ પુત્રીને ખાતરી હતી. ઝચારીઅસના મગજમાં વિજ્ઞાનની અસીમ શક્તિઓનું એવું ઝનૂન ચઢ્યું હતું કે તે વિશ્વની અન્ય કોઈ શક્તિનો સ્વીકાર કરવા તૈયાર ન હતા. વિજ્ઞાનને જ તે સર્વસ્વ માનતા હતા અને પોતે તેના જનક હોવાથી પોતાને ઈશ્વર માનતા થઈ ગયા હતા. અનેક પ્રયત્નો બાદ જીરાડને સફળતા મળી. આખરે રવિવારે યોજાતી પ્રાર્થનામાં જીરાડ સાથે આવવા માટે ઝચારીઅસે સંમતિ આપી. પિતાની સંમતિથી જીરાડને આનંદ થયો. ધર્મમાં આસ્થા અને ઈશ્વરની પ્રાર્થનાના માર્ગે જ પોતાનું સ્વાસ્થ્ય સુધરશે એવી તેને આશા હતી.

સ્કોલાસ્ટીક પણ આ સમાચાર સાંભળીને રાજીરાજી થઈ ગઈ. અત્યાર સુધી ઝચારીઅસની વિરુદ્ધમાં વાતો કરતા અને તેમના વિશે અફવાઓ ફેલાવતા લોકોનો સામનો કરવાનો તેને એક આધાર મળી ગયો. ઝચારીઅસ રવિવારે ચર્ચમાં જવાના છે તે વાત તેણે પાડોશીઓ, મિત્રો ઉપરાંત દુશ્મનો અને અજાણ્યા માણસોને પણ જણાવવા માંડી.

"સ્કોલાસ્ટીક! અમને તારી વાત પર જરાય વિશ્વાસ નથી. માસ્ટર ઝચારીઅસને તો પહેલેથી જ પિશાચી શક્તિઓ સાથે સંબંધ રહ્યો છે." ઝચારીઅસના વિરોધીઓએ સ્કોલાસ્ટીકને ઉતારી પાડતાં કહ્યું.

"આટલી વાત તો તમારે માનવી જ પડશે. તમે ચર્ચની મુખ્ય ઘડિયાળ નથી જોઈ? તે પણ મારા માલિકે જ બનાવી છે અને દરરોજ મધ્યાહ્નની પ્રાર્થના માટે સૂચક ઘંટ પણ પડે છે ને તેમાં... જો તેમનો પિશાચી શક્તિઓ સાથે સંબંધ હોત તો તે ઘડિયાળ પણ બંધ પડી ગઈ હોત."

"પણ તેમણે બનાવેલી બીજી બધી ઘડિયાળો તો ભેદી સંજોગોમાં અટકી રહી છે તેનું શું?"

"એન્ડરમટની હવેલી માટે માસ્ટરે બનાવેલી ઘડિયાળ તમે જોઈ છે? એ એક અજબની કારીગરી છે. એવી કલાત્મક, આકર્ષક, મોંઘી ઘડિયાળ ખરીદવાની તો આખા જીનિવા નગરમાં કોઈની તાકાત નથી. તમને તો બીજા વિશે અફવાઓ ફેલાવવામાં જ વધુ રસ છે. મારા માલિક માટે તમારામાં પૂર્વગ્રહ ભરેલો છે, એવી સ્થિતિમાં તમે લોકો આ બધું નહીં સમજી શકો. એવા ખોટા આક્ષેપોથી તમારું કાંઈ ભલું થવાનું નથી. તમારી સૌની અવગતિ જ થવાની છે." શાપ આપતી હોય તે રીતે કડવાશથી બોલીને સ્કોલાસ્ટીક ત્યાંથી જતી રહી.

એન્ડરમટની આ ઉત્કૃષ્ટ ઘડિયાળ માસ્ટર ઝચારીઅસે વર્ષો પહેલાં બનાવી હતી અને ત્યારથી જ તેમની ખ્યાતિ ચારેકોર ફેલાઈ હતી, તેમ છતાં જાદુટોણાંની અફવાઓને કારણે વર્ષોથી કમાયેલી પ્રતિષ્ઠા ધૂળમાં મળી ગઈ હતી. આવી અફવાઓને ખોટી સાબિત કરવા જ માસ્ટર ઝચારીઅસ ચર્ચમાં જવા માટે રાજી થયા હતા.

જીરાડને આપેલા વચનને ભૂલી ઝચારીઅસ ફરી પાછા પોતાના વર્કશૉપમાં કામે લાગી ગયા. દરરોજની માફક આજે પણ બગડેલી ઘડિયાળોને ચાલુ કરવાના તેમના પ્રયત્નો નિષ્ફળ જ રહ્યા. અચાનક તેમને નવો વિચાર આવ્યો. જૂની ઘડિયાળોનું સમારકામ ન થાય તો ભલે! નવા જ પ્રકારની સ્ફટિકની ઘડિયાળ બનાવવાના કાર્યમાં આગળ વધવાનું તેમણે વિચાર્યું. જૂનું કામ તેમણે બંધ કરી દીધું અને નવી રચના વિશે મનોમન વિચારવા લાગ્યા. શું તેમાં અન્ય ભાગો તરીકે આ જ જૂના ભાગો વાપરવા? સ્ફટિક તરીકે હીરાનો જ ઉપયોગ કરવો? બીજા ક્યા પ્રકારના નવા ભાગોની શોધ કરી તૈયાર કરવા? આવા અનેક પ્રશ્નો તેમના મગજમાં ઘુમરાવા લાગ્યા.

જે રવિવારની આતુરતાથી જીરાડ રાહ જોતી હતી તે આખરે આવી ગયો. વાતાવરણ ખુશનુમા હતું. તાપમાનમાં પણ વધારો નોંધાયો હતો. સાથે જ જીનિવાની શેરીઓમાં લોકોની અવરજવર વધુ રહેવા લાગી. લોકો ફરવા માટે બહાર નીકળવાનું પસંદ કરતા. જીરાડ તેના પિતાના

હાથમાં હાથ નાખી ચર્ચ તરફ આગળ વધી. તેમની પાછળ પ્રાર્થનાપોથી સાથે સ્કોલાસ્ટીક હતી. તેઓ જ્યાંથી પસાર થતા ત્યાં લોકો તેમને જોઈ રહ્યા. લોકોની ગુસપુસ ચાલુ જ હતી, પણ જીરાડે તેમના આવા વર્તન તરફ ધ્યાન આપ્યું નહીં. જીરાડનો હાથ પકડી ઝચારીઅસ એવી રીતે ચાલતા હતા કે જાણે કોઈ બાળક કે આંધળી વ્યક્તિ કોઈના સહારે ચાલી રહી હોય. તે ક્યાં જઈ રહ્યા છે તેનું ભાન તેમને હોય, તેવું તેમના હાવભાવ પરથી લાગતું ન હતું. સંત પિયરે ચર્ચદ્વાર પર પહોંચતા જ લોકોની નજર તેમના પર પડી. કેટલાકને તો ઝચારીઅસને અહીં જોઈ આશ્ચર્ય થયું. અહીં પણ લોકોનો અંદરોઅંદર ગણગણાટ શરૂ થઈ ગયો.

ચર્ચમાં પ્રાર્થનાની શરૂઆત થઈ. જીરાડ ઝચારીઅસને આગળની એક પાટલી તરફ લઈ ગઈ. તેઓ કાયમ આ જ જગ્યાએ બેસી પ્રાર્થના કરતા હતા. જીરાડ ઘૂંટણિયે પડી શ્રદ્ધાથી પ્રાર્થનામાં તલ્લીન થઈ ગઈ. ઝચારીઅસ તેની બાજુમાં જ ઊભા હતા.

દૈનિક ક્રમ મુજબ ધાર્મિક વિધિ અનુસાર ક્રિયાઓ આગળ ચાલી રહી હતી, પણ ઝચારીઅસનું મન તેમાં જરા પણ લાગતું ન હતું. બાઈબલના પવિત્ર શબ્દોની તેમના પર કોઈ અસર ન હતો. લોકો ઈશ્વર સમક્ષ પોતાના પાપની ક્ષમાયાચના કરતા હતા, પરંતુ ઝચારીઅસના હૃદયમાં તેવી કોઈ લાગણી જાગતી જ ન હતી. તેઓ હજી પણ પોતાના કલ્પના તરંગોમાં જ ખોવાયેલા હતા. વિજ્ઞાનની શક્તિમાં તેમને વિશ્વાસ હતો. ચુપચાપ પથ્થરના પૂતળાની માફક તે ત્યાં ઊભા હતા પ્રાર્થનાસમારંભ પૂર્ણ થયો ત્યારે ઝચારીઅસે માથું નમાવી ઈશ્વરનો આભાર માનવા જેટલી તસ્દી પણ ન લીધી. નાસ્તિકતા તેમના વર્તન પરથી છલકી રહી હતી. ઈસુના પૂતળાને તેઓ ધારીધારીને જોઈ રહ્યા હતા, જાણે ઈશ્વરના અસ્તિત્વ સામે જ તેમને શંકા હતી. જીરાડ તેના પિતાના આવા વર્તનને જોઈ રહી. પિતાની આવી સ્થિતિ જોઈ તેની આંખોમાં આંસુ આવી ગયાં.

બરાબર એ જ સમયે સંત પિયરે ચર્ચની ઘડિયાળમાં સાડા અગિયાર વાગ્યાનો સૂચક એક ટકોરો થયો. પાછળ ફરી માસ્ટરે ઘડિયાળ તરફ જોયું. તેને યાદ આવ્યું કે આ ઘડિયાળ પણ તેમણે જ બનાવી હતી અને હજી પણ બરાબર જ ચાલી રહી હતી. ઘડિયાળ સામે તે એકીટશે જોઈ રહ્યા.

દૈનિક પ્રાર્થના પૂરી થઈ હતી, પણ ઍન્જલિસ તરીકે ઓળખાતી ત્રિકાળ ઉપાસના શરૂ થવાને વાર હતી. ઍન્જિલસની શરૂઆત બપોરે બાર વાગ્યાને ટકોરે જ કરવામાં આવતી હતી. બાર વાગવાને થોડી વાર હતી, તેથી પાદરી ઘડિયાળમાં બાર વાગ્યાના ટકોરા પડે તેની રાહ જોવા લાગ્યા. મૅરીની આ પ્રાર્થના શરૂ જ થવાની હતી ત્યાં એક કર્કશ અવાજ બધાને કાને પડ્યો. ઝચારીઅસ ચર્ચમાં વચ્ચોવચ ધ્રુસકે ને ધ્રુસકે રડી રહ્યા હતા. લોકોને ઝચારીઅસના આવા વર્તનથી ખૂબ આશ્ચર્ય થયું, પણ કોઈ સમજી શકતું ન હતું કે ઝચારીઅસ આવું કેમ કરી રહ્યા હતા.

સંત પિયરે ચર્ચની ઘડિયાળના મોટા કાંટાઓ બાર વાગ્યામાં એક મિનિટનો સમય બતાવી રહ્યા હતા. બાર વાગ્યે સૂચક ટકોરા પડે અને વિધિની શરૂઆત થવાની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, પરંતુ આ શું થયું? ઘડિયાળના કાંટા એટલું અંતર પાર કરવાને બદલે ત્યાં જ અટકી ગયા. એ આગળ વધ્યા જ નહીં. પરિણામે બારના ટકોરા થયા જ નહીં.

એ સાથે જ અચાનક માસ્ટર ઝચારીઅસ ઢળી પડ્યા. જીરાડ લોકોની મદદથી ઝચારીઅસને ચર્ચની બહાર લઈ આવી. ઝચારીઅસ બેભાન અવસ્થામાં હતા. તેમણે બનાવેલી વધુ એક ઘડિયાળ અટકી પડવાનો આઘાત તે સહી શક્યા ન હતા. જીરાડ તેમને વળગીને રડી રહી હતી. બેભાન સ્થિતિમાં જ તેમને ઘેર લઈ જવામાં આવ્યા.

ઝચારીઅસ પોતાની પથારીમાં પડ્યા હતા. તેઓ નામમાત્રના જ જીવિત હતા. ક્યારેક તેમને થોડું ભાન આવતું અને તેઓ થોડો ઘણો બબડાટ કરતા. તેમની ચેતના તરત પાછી જતી રહેતી હતી. જાણે કે કોઈ બુઝાતા દીપકના એ છેલ્લા ઝબકારા.

થોડા કલાકો બાદ તેમને ભાન આવ્યું. જીરાડ અને ઑબર્ટ તેમની પથારી પાસે જ બેઠાં હતાં. ઝચારીઅસની નજર તેમની ઉપર પડી. જાણે તેમની નજર સામે ભવિષ્ય હોય તેમ તેમને લાગ્યું. પોતાના મૃત્યુ બાદ જીરાડની ચિંતાના ભયે તેનો હાથ ઑબર્ટના હાથમાં આપતાં બોલ્યા:

“ઑબર્ટ! મારા પુત્ર! મારી એકની એક પુત્રીની જવાબદારી હું તને સોંપું છું.”

આ શબ્દો સાથે જ તેમણે તેમના બંને હાથ લંબાવ્યા. ઑબર્ટ અને જીરાડ તેમને ભેટી પડ્યાં.

પણ અચાનક જ ઝચારીઅસના મગજમાં વિરોધાભાસી વિચારોનું મોજું ઊછળ્યું. ભેદી વૃદ્ધના પેલા શબ્દો તેમને ફરી યાદ આવ્યા અને તેઓ બૂમ પાડવા લાગ્યા:

‘હું મરવા નથી માગતો...! હું ક્યારેય ન મરી શકું! હું માસ્ટર ઝચારીઅસ અમર છું! મારી ઘડિયાળો ખરીદનારા ગ્રાહકોની નામાવલીવાળી નોંધપોથી ક્યાં છે?”

નબળાઈ છતાં તેઓ પથારીમાંથી એકદમ ઊભા થઈ ગયા. પેલી નોંધપોથી શોધવા લાગ્યા. નોંધપોથીમાં તેમના અત્યાર સુધીના બધા ગ્રાહકોના નામ અને સરનામાં હતા. અત્યાર સુધી તેમણે વેચેલી બધી ઘડિયાળોના ગ્રાહકોની નામાવલી ધરાવતી નોંધપોથી તેમણે શોધી કાઢી. ઝડપથી તેનાં પાનાં ફેરવી તેમાં કંઈ શોધવા લાગ્યા. એક પાના પર તેમની આંગળી અટકી ગઈ.

“આ રહી!” તેમણે બૂમ પાડી, “સ્ટીલની બનેલી આ જૂની ઘડિયાળ... પિનોકિયો નામના ગ્રાહકને વેચી હતી... એમ ત્યારે...” એ એકલા એકલા જ બોલી રહ્યા હતા.

“આ એકમાત્ર માણસ એવો છે જેણે મને મારી ઘડિયાળ પરત નથી કરી... એનો અર્થ એ જ કે તે હજી ચાલુ છે, જીવી રહી છે! અને એટલે જ હું જીવી રહ્યો છું... મારે તેને શોધવી પડશે... મારે તે પરત મેળવવી પડશે. હું તેની યોગ્ય કાળજી લઈશ. હું તેને અટકવા નહીં દઉં અને જ્યાં સુધી તે ચાલતી રહેશે ત્યાં સુધી મૃત્યુ મારા સુધી નહીં પહોંચી શકે!” આ શબ્દો સાથે જ ઝચારીઅસ ફરી ઢળી પડ્યા. અશક્તિને કારણે તે બેભાન થઈ ગયા હતા.

જીરાડ અને ઑબર્ટ મહામુશ્કેલીએ ઝચારીઅસને પથારી સુધી લઈ ગયાં. તેમની તબિયત માટે ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યાં.

# અમરત્વની ઘેલછા

એ વાત પછી દિવસો પસાર થઈ ગયા. માસ્ટર ઝચારીઅસ મોતને હાથતાળી આપી, ફરી પ્રવૃત્ત જિંદગી જીવવા લાગ્યા. તેમને નવું જીવન મળ્યું હતું. પહેલાં કરતાં પણ વધુ જોમથી તેઓ પોતાના વર્કશૉપમાં કામ કરવા લાગ્યા. ભૂતકાળમાં બનેલી ઘટનાઓની અસર તેમના પર વર્તાતી ન હતી. તે જાણે બધું ભૂલી ગયા હતા, પણ જીરાડ કાંઈ જ ભૂલી ન હતી. તેને હજી ઝચારીઅસની ચિંતા રહેતી. તેમની તે ખૂબ કાળજી લેતી હતી.

ઝચારીઅસ આખો દિવસ પોતાની ઘડિયાળો પર નવા પ્રયોગો કર્યો કરતા. ધારી સફળતા ન મળવા છતાં તેમણે પોતાનું કામ આગળ ચાલુ રાખ્યું.

એક સવારે જીરાડ ઝચારીઅસને મળવા વર્કશૉપમાં ગઈ. ઝચારીઅસ ત્યાં ન હતા. જીરાડે આખો દિવસ તેમની રાહ જોઈ. ઝચારીઅસ આવ્યા નહીં. જીરાડને ચિંતા થવા લાગી. અગાઉ ક્યારેય ઝચારીઅસ જાણ કર્યા વિના આખો દિવસ ઘરથી બહાર રહ્યા ન હતા. તેણે ઑબર્ટને જાણ કરી. ઑબર્ટે શહેરભરમાં તપાસ કરી. ક્યાંય ઝચારીઅસનો પત્તો લાગ્યો નહીં. ઑબર્ટે ઘેર આવી દુઃખદ સમાચાર જીરાડને આપ્યા.

તેઓ બંને ઝચારીઅસની ક્ષેમકુશળતા માટે ચિંતિત હતાં. ત્યાં અચાનક ઝચારીઅસના અંતિમ શબ્દો ઑબર્ટને યાદ આવ્યા. ઝચારીઅસના મતે તેમણે બનાવેલી ઘડિયાળો પૈકીની એકમાત્ર ઘડિયાળ પરત આવી ન હતી. માત્ર એક પ્રાચીન બનાવટની સ્ટીલની ઘડિયાળ ચાલુ હોવાનું તેમનું અનુમાન હતું. તેને લીધે જ પોતે હજી જીવિત છે તેવું તે માનતા હતા. ચોક્કસ તે ઘડિયાળની શોધમાં જ તેઓ ગયા હોવા જોઈએ.

ઑબર્ટે આ શક્યતા જીરાડને જણાવી.

"ચાલો, એમના ગ્રાહકોની નામાવલી તપાસીએ. તેના પરથી તે ઘડિયાળ કોની પાસે છે તે આપણે જાણી શકીશું." જીરાડ બોલી.

તેઓ વર્કશૉપમાં ગયા. ગ્રાહકોની નામાવલી ધરાવતી નોંધપોથી શોધી કાઢી. જે ગ્રાહકોએ પોતાની ઘડિયાળો પરત કરી હતી તેનાં નામ સામે ઝચારીઅસે નોંધ કરી હતી.

"મિસ્ટર પિનોકિયો! ઓહ... સ્ટીલનું મોટું ઘડિયાળ, જેમાં મોટો ઘંટ હતો, આંકડા ફરી શકે તેવું ડાયલ હતું. એન્ડરમટની હવેલીમાં મોકલવામાં આવ્યું હતું."

આ એ જ ઘડિયાળ હતું જેનાં વખાણ, લોકો સમક્ષ કરતાં સ્કોલાસ્ટીક થાકતી ન હતી.

“મારા પિતા ત્યાં જ ગયા હશે!” જીરાડ બોલી.

“આપણે તરત જ તેમને શોધવા જવું જોઈએ. આપણે તેમને ત્યાં પહોંચ્યા પહેલાં, હજી અટકાવી શકીશું.” ઔબર્ટે કહ્યું.

“અહીંથી તે કેટલે દૂર છે?”

“ઈશ્વરની કૃપાથી એન્ડરમટની હવેલી જીનિવાથી દૂર ડેન્ટસ-ડુ-મીડીની ખીણમાં આવેલી છે. અહીંથી ત્યાં પહોંચતાં લગભગ વીસેક કલાક જેટલો સમય લાગે છે. માસ્ટર હજી રસ્તામાં જ હશે. ઝડપથી નીકળીએ તો તેમને ત્યાં પહોંચતાં પહેલાં જ આપણે અટકાવી શકીશું.” ઔબર્ટે કહ્યું.

તે સાંજે જ જીરાડ, ઔબર્ટ અને સ્કોલાસ્ટીક ઝચારીઅસની શોધમાં નીકળી પડ્યાં. લેહમન સરોવરને કાંઠે પગપાળા આગળ વધવાનું તેમણે નક્કી કર્યું. રાત્રિ દરમિયાન પણ, તેમણે ક્યાંય રોકાણ ન કર્યું. પાંચ લીગ જેટલું અંતર તેમણે રાત્રે જ કાપી નાખ્યું હતું. રસ્તામાં મળતા માણસોને તેઓ ઝચારીઅસની પૂછપરછ કરતા રહેતા. તેમ જ એન્ડરમટની હવેલી તરફ જવાનો આ રસ્તો યોગ્ય છે કે નહીં તેની ખાતરી પણ જાણકારો પાસેથી કરતાં રહ્યાં.

આખી રાતની સતત મુસાફરી બાદ તેઓ એવિયન નામના ગામડા પાસે આવી પહોંચ્યાં. આખા રસ્તે ઔબર્ટ, સ્કોલાસ્ટીક અને જીરાડને મદદરૂપ બનતો હતો. શરૂમાં સરોવર કાંઠેનો રસ્તો સરળતાથી કપાઈ ગયો, પણ પછીના પહાડી ચઢાણો ધરાવતો રસ્તો કપરો હતો.

ચોવીસ કલાકની સતત મુસાફરી કરી તેઓ નોસ્ટ્રાડૅમ પહોંચી ગયાં. ત્યાંથી વધુ આગળ જવાની કોઈનામાં શક્તિ ન હતી. એક આરામગૃહમાં તેમણે રાત વિતાવવાનું નક્કી કર્યું. આરામગૃહના માલિકને પણ તેમણે ઝચારીઅસ વિશે પૂછપરછ કરી, પણ એવી કોઈ વ્યક્તિ અહીં બે દિવસમાં દેખાઈ ન હોવાનું તેણે જણાવ્યું. ઝચારીઅસનો પત્તો લાગવાની આશા તેમણે છોડી દીધી. રાત્રિ ભયાનક લાગતી હતી. વાતાવરણમાં ઠંડીનો ચમકારો અનુભવાતો હતો. પહાડનાં કોતરોમાંથી વાતા ઠંડા પવનના સુસવાટાના અવાજથી વાતાવરણમાં ભયની લાગણી પ્રસરી જતી હતી.

રાત્રિ દરમિયાન ઔબર્ટ અને જીરાડે ઝચારીઅસની દુઃખદ કહાની આરામગૃહના માલિકને જણાવી.

“અહંકાર!” આરામગૃહના માલિકે કહ્યું, “બધા દુર્ગુણોનો પિતા હોય તો તે અહંકાર જ છે... તેનો નશો માણસને બધું ભુલાવી દે છે. જે મહાન કાર્યો કરવા તેનું સર્જન થયું હોય છે, તે બધી શક્તિ આડે માર્ગે વપરાઈ જાય છે. અહંકારમાં ડૂબેલો માણસ પોતાની વિચારવાની ક્ષમતા જ ગુમાવી

બેસે છે. તમારા પિતા માટે હવે ઈશ્વરને કરેલી દુઆ જ કામ કરી શકે એમ લાગે છે. છતાં બની શકે તેટલી મદદ હું તમને કરીશ."

બહાર વિશ્રામગૃહના માલિકનો કૂતરો ક્યારનો ભસી રહ્યો હતો, પણ તેનો અવાજ હવાના જોરદાર સુસવાટાના અવાજમાં જ ઓગળી જતો હતો. અચાનક કૂતરાનો ભસવાનો અવાજ વધી ગયો. કોઈએ વિશ્રામગૃહનો દરવાજો ખખડાવ્યો. બહારથી અવાજ આવ્યો, "મારે અહીં રાતવાસો કરવો છે. દરવાજો ખોલો..."

હવાના ધક્કાથી દરવાજો આપોઆપ ખૂલી ગયો. વિખેરાયેલા વાળવાળો, જંગલી જેવો દેખાતો માણસ અંદર ધસી આવ્યો. તેનાં કપડાં પણ ફાટીને ચીંથરેહાલ થઈ ગયાં હતાં.

"ઓહ! પિતાજી..." જીરાડે બૂમ પાડી. તે માસ્ટર ઝચારીઅસ હતા.

"હું ક્યાં છું?" ઝચારીઅસ બોલ્યા, "બધી ઘડિયાળના કાંટા અટકી ગયા છે? સમય થંભી ગયો છે? હું મરણ પામ્યો છું? હું ક્યાં છું? સ્વર્ગમાં કે નર્કમાં?"

"પિતાજી, તમને શું થયું છે?" રડતાં રડતાં જીરાડ દુ:ખદ સ્વરે બોલી.

ઝચારીઅસની નજર જીરાડ પર પડતાં તેમને થોડું ભાન આવ્યું, "મારી દીકરી, જીરાડ. ઔબર્ટ તું પણ... ઓહ! તમારાં તો આપણા પ્રાચીન ચર્ચમાં લગ્ન થવાનાં હતાં!"

"પિતાજી, તમને શું થઈ ગયું છે? તમે કેમ આવી વાત કરો છો?" જીરાડ તેમને વળગી પડી "ચાલો, અમારી સાથે... પાછા ઘરે...!"

ઝચારીઅસે જીરાડને દૂર હડસેલી દીધી. તે દરવાજા તરફ દોડ્યા. ઉંબર પાસે આવી બહાર જોવા લાગ્યા. બહાર હિમવર્ષા થઈ રહી હતી.

"અમને છોડીને ન જાઓ. તમારા વિના અમારું આ દુનિયામાં કોઈ નથી." ઔબર્ટ બોલ્યો.

"હું પાછો ત્યાં કેમ જાઉં?" ઝચારીઅસ દુ:ખી હાવભાવ સાથે બોલ્યા, "જ્યાં મારું શરીર દફન થયેલું છે! જ સ્થળ છોડીને મારો આત્મા અહીં આવી ગયો છે! હું પાછો નહીં આવી શકું."

"તમે હજી જીવિત છો... તમારો આત્મા પણ..." આશ્રયગૃહનો માલિક ઝચારીઅસને આશ્વાસન આપતાં બોલ્યો.

"મારો આત્મા? એ કેવી રીતે જીવિત હોય? જ્યારે મારી બધી જ ઘડિયાળો અટકી ગઈ છે."

"તમારો આત્મા અમર છે..."

“હા! મારી કીર્તિની જેમ... પણ એ તો હવે માત્ર એન્ડરમટની પેલી હવેલીમાં પુરાયેલી પડી છે. મારી એ એકમાત્ર ઘડિયાળ છે, જે હજી ચાલી રહી છે. હું તેને જોવા માગું છું... પાછી મેળવવા ઇચ્છું છું.”

સાવ એકલવાયું જીવન જીવતો આરામગૃહનો માલિક તેમને સમજાવવા આગળ વધ્યો. સ્કોલાસ્ટીક તો ક્યારની પોતાની ચેતના ગુમાવી ચૂકી હતી. તેના મોંમાંથી એક શબ્દ પણ નીકળતો ન હતો. ઑબર્ટે જીરાડનો હાથ પકડી લીધો.

“એન્ડરમટની હવેલીનો રહેવાસી એક સેતાન છે.” આરામગૃહના માલિકે ઝચારીઅસને સમજાવતાં કહ્યું, “ત્યાં તમે ના જાઓ એમાં જ તમારી ભલાઈ છે.”

“ઓહ, પિતાજી તમે કેમ સમજતા નથી? ત્યાં જવું સલાહભરેલું નથી.”

“મારે મારો આત્મા જોઈએ. જે અત્યારે તેના કબજામાં છે. મારા આત્મા પર માત્ર મારો જ અધિકાર હોઈ શકે. હું તે કોઈ પણ ભોગે પરત મેળવીને જ રહીશ.”

“રોકો એમને... કોઈ રોકો મારા પિતાને...” જીરાડે રડતાં રડતાં ચીસ પાડી.

ઝચારીઅસ દરવાજો ઓળંગી બહાર જતા રહ્યા. રાતના અંધારામાં તે ખોવાઈ ગયા. માત્ર તેમની બૂમો જ સંભળાઈ રહી હતી...

“મારો આત્મા... હું તેને મેળવીને જ જંપીશ... મારો આત્મા...”

જીરાડ, ઑબર્ટ અને સ્કોલાસ્ટીટક પણ તેમની પાછળ દોડ્યાં. આગળનો રસ્તો ચઢાણવાળો હતો. ભારે હિમવર્ષાને કારણે આગળ વધવું વધારે મુશ્કેલ બનતું હતું. પોતાનો આત્મા પરત મેળવવાની ધૂનમાં ઝચારીઅસ વધુ ને વધુ જોમથી આગળ વધતા રહ્યા. કપરાં ચઢાણ છતાં તે ઘણા આગળ નીકળી ગયા હતા. હવે તો તેમનો અવાજ પણ સંભળાતો ન હતો.

અહીં અનેક પ્રાચીન ખંડિયેરો હતાં. બાંધકામનો ભંગાર ચોતરફ વેરણછેરણ પડ્યો હતો. એ પસાર કરી તેઓ આગળ વધતાં રહ્યાં, પરંતુ ઝચારીઅસ ક્યાંય દેખાતા ન હતા.

આખરે ઈવીઓનાઝ નામના ગામમાં તેઓ આવી પહોંચ્યાં. ગામ સાવ ઉજ્જડ હતું. સ્મશાન જેવી શાંતિ હતી. આખા ગામમાં એક પણ માણસ દેખાતો ન હતો. જાણે એમાં ભૂતપલીત જેવી પિશાચી શક્તિઓનો જ વાસ હોય તેવું લાગતું હતું. ડરેલા હોવા છતાં સૌ આગળ વધ્યાં. આગળ

ડેન્ટસ-ડુ-મીડીની ખીણ હતી. બધાં તેમાં ઊતર્યાં. આગળનો રસ્તો ખડકાળ હતો. ચાલવામાં સૌને તકલીફ પડતી હતી.

“એ ત્યાં છે... પેલી રહી...” ઝચારીઅસનો અવાજ સંભળાયો.

ઝચારીઅસનો અવાજ સાંભળતાં જ જીરાડ, ઔબર્ટ અને સ્કોલાસ્ટીકના જીવમાં જીવ આવ્યો. અવાજની દિશામાં સૌ ઝડપથી આગળ વધ્યાં.

એન્ડરમટની હવેલીનું ખંડિયેર નજરે પડ્યું. તેનો ત્રિકોણાકાર વિશાળ મિનારો દૂરથી જ કોઈ ભૂતિયા આવાસની ઝાંખી કરાવે તેવો ડરામણો લાગતો હતો. તેના વરંડામાં તેઓ પહોંચી ગયાં. પ્રાચીન સમયનો જૂનો ભંગાર ચારેબાજુ વિખરાયેલો પડ્યો હતો. અંદર પ્રવેશતાં મુખ્ય ઓરડાની સ્થિતિ પણ એવી જ હતી. તેની છત પર ચામાચીડિયાં લટકતાં હતાં. હવેલીમાં વધુ અંદર જવા માટે એક નાનકડા બાકોરા જેવો દરવાજો હતો. આટલી મોટી હવેલીમાં પ્રવેશ માટેનું આટલું નાનું દ્વાર વિચિત્ર લાગતું હતું, પણ તેના બનાવનારે સુરક્ષા કારણોસર આવી રચના કરી હશે. પ્રવેશદ્વારની આગળ માનવ હાડપિંજરો લટકતાં હતાં. દૃશ્ય અતિ બિહામણું હતું. કદાચ હવેલીમાં ચોરી કે લૂંટફાટ કરવાના ઇરાદાથી પ્રવેશ કરનારાઓને સજારૂપે અહીં જ લટકાવવામાં આવ્યા હશે.

આવા ડરામણાં દૃશ્યોથી ઝચારીઅસ અટકે તેમ ન હતો. પ્રવેશદ્વાર વાટે તે અંદર પ્રવેશ્યા. થોડું ચાલ્યા બાદ એક વિશાળ અંધારિયા ખંડમાં તે પહોંચ્યા. જીરાડ, ઔબર્ટ અને સ્કોલાસ્ટીક પણ તેમની પાછળ જ હતાં. આ ખંડ હવેલીના અન્ય ખંડો કે વરંડા જેવો ન હતો. અહીં બધું વ્યવસ્થિત ગોઠવેલું હતું. દીવાલો પર પિશાચોનાં ચિત્રો લગાવવામાં આવ્યાં હતાં. તેની મોટી ખુલ્લી બારીઓમાંથી ઠંડા પવનના સુસવાટા વાઈ રહ્યા હતા.

ઝચારીઅસ એ વિશાળખંડની વચ્ચોવચ ઊભા હતા. તેમની નજર સ્ટીલની બનેલી મોટી ઘડિયાળ ઉપર પડી. તેમણે આનંદિત બની બૂમ પાડી. આ એ જ ઘડિયાળ હતી. જે તેમણે વર્ષો પહેલાં બનાવી હતી. તેને પરત મેળવવાની ધૂન તેમને જીનિવાથી આટલે દૂર ખેંચી લાવી હતી. આટલા લાંબા સમય બાદ તેને જોઈ ઝચારીઅસ ખુશ થાય તે સ્વાભાવિક હતું. વર્ષો જૂની હોવા છતાં ઘડિયાળ હજી એવી જ સ્થિતિમાં જળવાઈ રહી હતી. તેની આજુબાજુની કલાત્મક કોતરણી તથા અન્ય સુશોભનો જોનારને મંત્રમુગ્ધ કરે તેવાં હતાં. જાણે કોઈ મહાન શિલ્પકારનું શિલ્પ. તે હજી પણ ચોક્કસ સમય બતાવતી હતી. તેની વિશેષતા એ હતી કે કલાકસૂચક ટકોરા તેમાં પડે ત્યારે તેના નીચેના ભાગમાં એક તકતી દેખાતી. જેના પર દર વખતે જુદાં જુદાં સુવાક્યો કે ધાર્મિક ઉપદેશો લખેલાં દેખાતાં. તેની રચના અત્યંત જટિલ હોવા છતાં અન્ય ઘડિયાળોની માફક તેમાં કોઈ ખામી ઉદ્ભવી ન હતી.

ઝચારીઅસ ઘડિયાળ મળવાના આનંદમાં ખોવાઈ ગયા હતા. તેમને ભાન ન હતું કે તે ક્યાં હતા. તે ઘડિયાળ લેવા ઝડપથી આગળ વધ્યા. ત્યાં ભયાનક હસવાનો અવાજ તેમને કાને પડ્યો. તેમણે પાછળ ફરીને જોયું. તેમનાં ભવાં ચઢી ગયાં. તે ચિત્કાર કરી ઊઠ્યા, "તું અહીં?!" જીનિવામાં ઝચારીઅસનો સતત પીછો કરતો રહેલો પેલો ઠીંગણો વૃદ્ધ તેમની પાછળ ઊભો ઊભો હસી રહ્યો હતો.

જીરાડ તેને જોઈ ગભરાઈ ગઈ. તે ઑબર્ટને વળગી પડી.

"કેમ છો? માસ્ટર ઝચારીઅસ..."

"તું ખરેખર છે કોણ?"

"તમારો સેવક... સિન્યૉર પિનોકિયો! છેવટે તમે તમારી પુત્રીને મારી સાથે પરણાવવા માટે આવી જ પહોંચ્યા. તમને મેં કહેલા મારા શબ્દો યાદ છે ને... 'જીરાડ ક્યારેય ઑબર્ટને પરણી શકશે નહીં' તારે તેને મારી સાથે જ પરણાવવી પડશે! જો તારે આ ઘડિયાળ ચાલુ સ્થિતિમાં પરત જોઈતી હોય તો."

પિનોકિયોના આ શબ્દો સાંભળતાં જ ઑબર્ટથી રહેવાયું નહીં. એવા વિચિત્ર વામનને પાઠ ભણાવવા તેના પર હુમલો કરવા તે આગળ વધ્યો, પણ પિનોકિયો તેના હાથમાં આવ્યો નહીં. છાયાની જેમ તેની જગ્યા પરથી અદૃશ્ય થઈ તે બીજી બાજુ આવી ગયો.

"ઑબર્ટ! રહેવા દે..." ઝચારીઅસે ઑબર્ટને અટકાવતાં કહ્યું.

"શુભ રાત્રિ... ઝચારીઅસ..." આ શબ્દો સાથે પિનોકિયો ત્યાંથી ગાયબ થઈ ગયો.

"ચાલો પિતાજી... આ ડરામણી જગ્યાએથી આપણે ચાલ્યા જઈએ." જીરાડે કહ્યું.

જીરાડના આ શબ્દોની ઝચારીઅસ પર કોઈ અસર ન થઈ. તે પિનોકિયોને શોધવા હવેલીના કૉરિડૉરમાંથી વધુ અંદર ગયા. વધુ આગળ જતાં તે દેખાતા બંધા થયા. રાત થઈ ગઈ હતી. અંધારિયા ખંડમાં જીરાડ, સ્કોલાસ્ટીક અને ઑબર્ટ ત્યાં જ રહ્યા. જીરાડ થાકી ગઈ હતી. નજીકની પથ્થરની બેઠક પર તે બેસી ગઈ સ્કોલાસ્ટીક પણ તેની બાજુમાં બેઠી અને ઝચારીઅસ માટે ઈશ્વરને પ્રાર્થના કરવા લાગી. ઑબર્ટ જીરાડ સામે જોઈ રહ્યો હતો. તેને કોઈ રસ્તો સૂઝતો ન હતો. અંધારિયા ભયાનક વાતાવરણમાં ત્રણે જણાં ચુપચાપ બેસી રહ્યાં. માત્ર ચામાચીડિયાં કે નાના ઉંદર જેવા જીવોનો બહાર નીકળવાનો અવાજ સંભળાતો હતો. ઘડિયાળમાં પડતા કલાકસૂચક ટકોરા સાંભળીને તેઓ સમયની ગણતરી કરતાં રહ્યાં.

ભયના ઓથાર તળે આખી રાત વીતી ગઈ. અજવાળું થતાં ત્રણે જણાં ઝચારીઅસને શોધવા કૉરિડૉરમાં આગળ વધ્યાં. ત્યાં અંધારા ભોંયરામાં ઊતરતો વિશાળ દાદર તેમના જોવામાં આવ્યો. તેમાં તેઓ નીચે ઊતર્યાં, પરંતુ તેમાં કોઈ જીવિત માણસ કે પ્રાણી હોવાના સંકેત તેમને મળ્યા નહીં. દાદર જાણે અંધારામાં જ ઓગળી જતો હતો. સૌ ભ્રમિત દશામાં હતાં. તેમને લાગતું હતું કે જમીનથી હજારો ફૂટ નીચે તેઓ જઈ રહ્યાં હતાં, તો ક્યારેક પહાડની ટોચ પર ઊભાં હોય તેવું લાગતું હતું.

આખરે સૌ થાક્યાં. આવ્યાં હતાં તે જ રસ્તે ઉપર પાછાં ફર્યાં. તેઓ ફરી પાછાં વિશાળ ખંડમાં આવી પહોંચ્યાં, જ્યાં તેમણે આગલી રાત ગુજારી હતી. તેમને એ જોઈ આશ્ચર્ય થયું કે ઝચારીઅસ અને પિનોકિયો ત્યાં વાતો કરી રહ્યા હતા. પિનોકિયો પોતાની મારબલની બેઠક પર અક્કડ થઈ બેઠો હતો જ્યારે ઝચારીઅસ તેની સામે ઊભા ઊભા કગરતા હતા.

જીરાડ, ઔબર્ટ અને સ્કોલાસ્ટીક તરફ ઝચારીઅસનું ધ્યાન ગયું. તે જીરાડ પાસે આવ્યા. તેનો હાથ પકડી પિનોકિયો પાસે લઈ ગયા અને બોલ્યા,

“જીરાડ! આ તારા ભાવિ પતિ છે. આ જ હવે તારો ઈશ્વર છે! તારું ભવિષ્ય હવે આની સાથે જ છે!”

“નહીં! એવું ક્યારેય ન બની શકે!” ઔબર્ટે બૂમ પાડી, “તે મારી પ્રેમિકા છે.”

“ના પિતાજી, હું આની સાથે લગ્ન નહીં કરું.” જીરાડે રડતાં રડતાં કગરતા અવાજે કહ્યું.

પિનોકિયો તેની રાક્ષસી શૈલીમાં હસવા લાગ્યો.

“જીરાડ! તું શું એવું ઇચ્છે છે કે હું મૃત્યુ પામું?” ઝચારીઅસે આશ્ચર્યથી પૂછ્યું, “જો પેલી ઘડિયાળ! તેમાં મારો આત્મા છે. તે ચાલી રહી છે તો હું જીવી રહ્યો છું. તે પિનોકિયોની માલિકની છે. તેણે મને વચન આપ્યું છે કે ‘જો હું તારાં લગ્ન એની સાથે કરાવું તો તે મને પેલી ઘડિયાળ પરત કરશે.’ જો તું તેની સાથે લગ્ન નહીં કરે તો તે તેને તોડી નાખશે. તેની ચાવી તેની પાસે છે. તેમાં આવી નહીં ભરતાં ઘડિયાળ આપોઆપ અટકી જશે. એ સાથે મારું પણ મોત થશે. તું નથી ઇચ્છતી કે હું અનંત જીવન જીવું? તું મને પ્રેમ નથી કરતી?”

“પિતાજી? તમને શું થયું છે? તમે કેવી વાતો કરી રહ્યા છો?”

“આ ઘડિયાળ અહીં રહેશે તો તેની સંભાળ કોઈ નહીં લે. અન્ય ઘડિયાળોની માફક તે પણ ખોટકાશે. તેને એ રીતે નષ્ટ થવા દેવાને બદલે હું મારા હાથે તેની સંભાળ લેવા ઇચ્છું છું. હું તેને ક્યારેય નહીં અટકવા દઉં. ઘડિયાળના આયુષ્ય સાથે મારું આયુષ્ય પણ આપોઆપ લંબાશે. હું

અનંત સમય સુધી જીવિત રહીશ. મેં જીવનના રહસ્યને પામવા મારી આખી જિંદગી ખર્ચી નાખી છે. પ્રકૃતિના અસ્તિત્વના રહસ્યનો હું મહાન શોધક છું, તેથી મને અમર બનવાનો પૂરો અધિકાર છે અને તે હવે તારા હાથમાં છે. તું પિનોકિયોનો પતિ તરીકે સ્વીકાર કર." ઘડિયાળ સામે જોતાં ઝચારીઅસે આગળ બોલવાનું ચાલુ રાખ્યું. "જો પાંચ વાગવાની તૈયારી છે. હમણાં તેના ટકોરા ઘડિયાળમાં પડશે અને સુવાક્ય પણ તેની નીચેની તકતીમાં દેખાશે."

પાંચ વાગ્યાનો સમય થતાં જ ઘડિયાળમાં જોરથી પાંચ ટકોરા પડ્યા. ઘડિયાળના ડાયલના નીચેના ભાગમાં લાલ અક્ષરોમાં લખેલી તકતી દેખાઈ, તેમાં લખ્યું હતું.

**માનવજાતે વિજ્ઞાનના અતિરેકના ફાયદાઓ સાથે માઠાં પરિણામો પણ ભોગવવાં પડશે.**

જીરાડ અને ઔબર્ટ એકબીજા સામે શૂન્યમનસ્કની જેમ જોઈ રહ્યાં. ઘડિયાળમાં દેખાયેલા શબ્દોનો તેમને ખ્યાલ આવ્યો ન હતો. ઝચારીઅસની નજર તેના પર પડી હતી, પણ એ વાક્યના સૂચિતાર્થ તરફ ધ્યાન આપી શકે એવી તેમની માનસિક સ્થિતિ જ ન હતી. પોતે બનાવેલી ઘડિયાળ જેવા યંત્ર સાથે પોતાના જીવનને જોડી અમર થવાની આંધળી ધૂનમાં જ તેઓ રાચતા હતા. પોતાની ગાંડી ઘેલછાને પરિતૃપ્ત કરવાના એકમાત્ર હેતુને મનમાં રાખીને તે બોલ્યા,

"જો જીરાડ! હું હજી જીવિત છું. મારા શ્વાસ ચાલુ છે. મારી નસોમાં વહેતું લોહી હજી અટક્યું નથી! તું નથી ઇચ્છતી કે હું અનંત જીવું. પિનોકિયોનો તારા પતિ તરીકે સ્વીકાર કર, તેથી આ ઘડિયાળનો માલિક બની હું અમરત્વ પ્રાપ્તં કરી શકું! ઈશ્વરની શક્તિઓનો પણ હું ભાગીદાર બની શકું!"

સ્કોલાસ્ટીક ગુસ્સે થઈ ગઈ હતી. તેણે ઝચારીઅસની વાતોની નિંદા કરી અને પિનોકિયોને ગાળો દીધી. એના ઉપર કે ઝચારીઅસ ઉપર સ્કોલાસ્ટીકના આક્રોશની કોઈ અસર દેખાતી ન હતી. ઝચારીઅસના મગજ ઉપર તો અમરત્વની એક જ ધૂન સવાર હતી.

"જીરાડ, તું આ માણસ સાથે જીવનભર ખુશ રહીશ. આ માણસને જો. તારો ભાવિ જીવનસાથી. આ સમય છે! હું આજે તારી પાસે મારા જીવનની ભીખ માગું છું."

પિતાની કાકલૂદીથી જીરાડ સંભ્રમિત થઈ ગઈ. અમરત્વ પ્રાપ્ત કરવાની પિતાની ધૂનમાં તે ખેંચાઈ ગઈ. અવાક્ બનીને પિતા તરફ તે આગળ વધી.

ઔબર્ટે આ જોયું, તે બરાડી ઊઠ્યો.

“જીરાડ.” જીરાડનું ધ્યાન પોતાના તરફ ખેંચવા તે બોલ્યો, “હું તને ખૂબ જ પ્રેમ કરું છું.”

“તે મારા પિતા છે!” જીરાડ દુ:ખી ભાવે બોલી. તે ઝચારીઅસની વાતોથી પીગળી ગઈ હતી. પિતાના અમરત્વ માટે પિનોકિયોની પત્ની બનવા તે તૈયાર થઈ ગઈ.

“પિનોકિયો! જીરાડ હવે તારી છે. મેં શરત પૂરી કરી. હવે તું પણ તારું વચન પૂરું કર.”

“આ રહી ઘડિયાળની ચાવી.” રાક્ષસી અટ્ટહાસ્ય સાથે ઘડિયાળની ચાવી ઝચારીઅસને આપવા તે આગળ વધ્યો.

અમરત્વની એષણામાં ઝચારીઅસ હવે સાવ અંધ બની ગયા હતા. પિનોકિયોના હાથમાંથી તેમણે ઝડપથી ચાવી આંચકી લીધી. સીધા કરેલા સાપ જેવી દેખાતી ચાવી લઈ ઝચારીઅસ દોડીને ઘડિયાળ પાસે ગયા. ચાવી ઘડિયાળમાં નાખી ઝડપથી ફેરવવા લાગ્યા. ચાવી ફેરવવાનો અવાજ આખા ખંડમાં સંભળાઈ રહ્યો. ઝચારીઅસની ઝડપ ખૂબ હતી. તેમાંની બધી સ્પ્રિંગ હલી રહી હોય તેવો અવાજ આવતો હતો. ઝચારીઅસ એકશ્વાસે ચાવી ભરી રહ્યા હતા. એક પળ માટે પણ તે અટક્યા નહીં. ઘડિયાળના જીવન સાથે જ તો એમનું પોતાનું જીવન જોડાયેલું છે તેવું તે માનતા હતા. આવી આખી ભરાઈ ગઈ ત્યાં સુધી તેમણે ચાલુ રાખ્યું.

“આહ, આખી ચાવી ભરાઈ ગઈ. એક સદી સુધી હવે ચાવી ભરવાની જરૂર નહીં રહે! હું પણ સો વર્ષો સુધી આ ઘડિયાળની જેમ જ સ્વસ્થ રીતે જીવતો રહીશ!”

આ દૃશ્ય જોઈ ઑબર્ટથી રહેવાયું નહીં. તેને લાગ્યું તે પાગલ થઈ જશે. તરત જ એ ખંડની બહાર નીકળી ગયો. થોડી વાર આમતેમ ભટક્યા બાદ બહાર નીકળવાનો માર્ગ તેણે શોધી કાઢ્યો. બહાર ખુલ્લી હવામાં આવી તેણે શાંતિ અનુભવી. નજીકમાં જ આવેલા નોસ્ટ્રાડેમના વિશ્રામસ્થળે તે પાછો આવ્યો. એન્ડરમટની હવેલીમાં બની રહેલી ઘટનાની વિશ્રામગૃહના માલિકને ભારે હૃદયે તેણે વાત કરી. આ એકલવાસીએ તેમને મદદ કરવાનું વચન આપ્યું હતું. તે ઑબર્ટ સાથે એન્ડરમટની હવેલી તરફ આવવા નીકળ્યો.

કલાકો દરમિયાન જીરાડ હવેલીમાં ઝચારીઅસ અને પિનોકિયો સાથે હતી. તે સ્તબ્ધ હતી. મગજ કામ કરતું ન હતું. એ કશું વિચારી શકતી ન હતી. સુખ અને દુ:ખ જાણે વિસારે પડ્યાં હતાં. પિનોકિયો સાથેના અંધકારમય ભાવિનો પડદો એની નજર સામે છવાઈ ગયો હતો. એ રડી પણ શકતી ન હતી.

માસ્ટર ઝચારીઅસ ત્યાં જ હતા. તેમને જીરાડના દુ:ખની પરવા ન હતી. વિશાળ ખંડમાં તેઓ ખુશીના માર્યા ગોળ ગોળ ઘૂમીને જાણે નૃત્ય કરી રહ્યા હતા. ઘડિયાળના એક એક ધબકારાના અવાજને માણી રહ્યા હતા. સ્કોલાસ્ટીક પણ આ દૃશ્ય જોઈ બેબાકળી બની ગઈ. ઑબર્ટની ગેરહાજરીને કારણે તે સાવ એકલી હતી. શું કરવું તે તેને સૂઝતું ન હતું. ઘડિયાળમાં ફરી ટકોરા પડવા શરૂ થયા. સાથે તેના ડાયલ નીચેની તકતીમાં શબ્દો ઝગમગી ઊઠ્યા.

***માનવી ઈશ્વરની સમકક્ષ બનવાના પ્રયત્નો કરશે.***

ઘડિયાળમાં ચમકેલા આ શબ્દોથી ઝચારીઅસને કોઈ આશ્ચર્ય થયું નહીં. તેણે બેફિકરાઈથી આ વાક્ય વાંચ્યું અને પાછા પોતાની ધૂનમાં ખોવાઈ ગયા.

આખો દિવસ આમ જ વીતી ગયો. અંધારું છવાઈ ગયું. જીરાડ અને પિનોકિયોનાં લગ્ન માટેના કરાર ઉપર સહી કરવાની ઘડી આવી. જીરાડ બેભાન જેવી સ્થિતિમાં હતી. તેની આંખો ખૂલતી ન હતી કે મોઢામાંથી એક શબ્દ પણ બોલવાની શક્તિ તેનામાં ન હતી. એની સહમતી નામ પૂરતી જ હતી. ખંડમાં માત્ર ઝચારીઅસના બડબડાટનો અવાજ સંભળાતો હતો. પિનોકિયો તેના આવા વર્તનને જોઈ મનોમન હસતો રહ્યો.

ઘડિયાળમાં અગિયાર વાગ્યાના સૂચક ટકોરા પડવા શરૂ થયા. ઝચારીઅસે ઘડિયાળના ડાયલ નીચે ચમકેલા શબ્દો ઊંચા અવાજે વાંચ્યા.

***માનવી વિજ્ઞાનનો ગુલામ બનશે. તે માટે તેના પરિવારજનો***

***અને સ્નેહીઓનું બલિદાન આપવા પણ તૈયાર થઈ જશે.***

"હા!" ઝચારીઅસ ગેલમાં આવી બોલ્યા, "આ દુનિયામાં વિજ્ઞાન સર્વસ્વ છે. તેનાથી ઉન્નત બીજું કંઈ ના હોઈ શકે."

ત્યાર બાદ થોડી મિનિટો વીતી ગઈ. ઘડિયાળમાં અચાનક કોઈ ગરબડ થઈ હોય તેવો અવાજ તેમાંથી આવ્યો. તેના કાંટાઓ અસંતુલિત રીતે ગતિ કરવા લાગ્યા.

ઝચારીઅસ પણ આ જોઈ સ્તબ્ધ બની ગયા! ત્યાં ઊભા ઊભા જ તે જમીન પર પટકાયા. તેમની છાતીમાં દુખાવો થઈ રહ્યો હતો. તે તડપી રહ્યા હતા. કંઈ બોલવા ઇચ્છતા હતા, પણ તેમના ગળામાંથી એકાદ-બે શબ્દો માંડ નીકળી શક્યા, "જિંદગી – વિજ્ઞાન...!"

એ જ સમયે ઑબર્ટ તથા વિશ્રામગૃહનો માલિક ત્યાં આવી પહોંચ્યા. ઝચારીઅસ જમીન પર પડ્યા હતા. જીરાડ અર્ધબેભાન અવસ્થામાં પિતાની બાજુમાં બેઠી હતી. પિતાની ક્ષેમકુશળતા માટે ઈશ્વરને પ્રાર્થના કરી

રહી હતી. ઘડિયાળમાં ગરબડ વધી રહી હતી, તેના અંદરના ભાગોમાંથી અવાજ આવી રહ્યો હતો.

ઝચારીઅસ બોલ્યા, “મધ્યરાત્રિ... મધ્યરાત્રિ...”

ઔબર્ટ અને તેની સાથે આવેલા એકલવાસીએ ઝચારીઅસનું માથું ખોળામાં લીધું. રાત્રિના બાર વાગ્યા હતા, પણ તેના ટકોરા ઘડિયાળમાં ન પડ્યા.

ઝચારીઅસની નજર ઘડિયાળમાં દેખાયેલી નવી તકતીના વાક્ય પર પડી. તે પોક મૂકીને રડવા લાગ્યા. શબ્દો હતા –

> ***જે વ્યક્તિ ઈશ્વરની સમકક્ષ બનવાના પ્રયત્નો કરે છે તે ધિક્કારને પાત્ર છે.***

એ સાથે જ ઘડિયાળમાં એક મોટો ધડાકો થયો. તેની સ્પ્રિંગ, ચક્રો અને અન્ય ભાગો વિશાળ ખંડમાં ચારે બાજુ વિખેરાઈ ગયાં. ઘડિયાળની સાથે જ પોતાના જીવનનો પણ અંત આવી રહ્યો હોવાની માન્યતાને લીધે ઝચારીઅસ આ દૃશ્ય સહી ન શક્યા. તેમનામાં કોઈ અદૃશ્ય શક્તિ આવી. તે ઊભા થયા અને ખંડમાં ચારે બાજુ વિખેરાયેલા ઘડિયાળના ભાગોને એકઠા કરવા પ્રયત્નો કરવા લાગ્યા. તેઓ બૂમો પાડી રહ્યા હતા... “મારો આત્મા... મારો આત્મા...”

જેમ જેમ ઘડિયાળના ભાગો એકત્ર કરવા તે પ્રયત્ન કરતા, તેમ તેમ તે ભાગો એમનાથી દૂર ને દૂર વિખેરાતા જતા હતા. તેમના પ્રયત્નો, તેમની નિષ્ફળતાને વધારી રહ્યા હતા. પોતાના વેરવિખેર બની રહેલા જીવનને ફરીથી જોડવા તેઓ હવાતિયાં મારી રહ્યા હતા.

છેવટે પિનોકિયોએ ઘડિયાળના બધા ભાગોને થોડી પળોમાં એકત્ર કરી લીધા અને તેની સાથે જ અદૃશ્ય થઈ ગયો. કોઈને ખ્યાલ ન આવ્યો કે તે જમીનમાં સમાઈ ગયો કે આકાશમાં ઓગળી ગયો.

ઝચારીઅસનું નિર્જીવ શરીર ત્યાં જ પડ્યું હતું. તેમાં જીવનની કોઈ નિશાની રહી ન હતી.

આ વૃદ્ધ ઘડિયાળીના દેહને એન્ડરમટની હવેલીના ચોગાનમાં જ દફનાવવામાં આવ્યો. તેમના મૃતદેહને જીનિવા સુધી પાછા લઈ જવું શક્ય ન હતું.

ઔબર્ટ, જીરાડ અને સ્કોલાસ્ટીક જીનિવા પરત આવ્યાં. થોડા સમય બાદ સંત પિયરેના પ્રાચીન ચર્ચમાં જીરાડ અને ઔબર્ટનાં સાદાઈથી લગ્ન થયાં. વિજ્ઞાનને જ પોતાનું સર્વસ્વ માની પોતાના જીવનને તેના માટે ન્યોચ્છાવર કરી દેનારા ઝચારીઅસના આત્માની શાંતિ માટે તેઓ દરરોજ ઈશ્વરને પ્રાર્થના કરતાં.

# બાઉન્ટીનો બળવો

# બળવો

પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધની રાતનો સમય હતો. દરિયો શાંત હતો. પવનની એક લહેરખી પણ અનુભવાતી ન હતી. આકાશ પણ સ્વચ્છ હતું. આસમાનમાં તારાઓ ઝગમગી રહ્યા હતા. રાત્રિ હવે પૂરી થવા આવી હતી. ચંદ્રનો પ્રકાશ પણ નવા દિવસના આગમન સાથે ઝાંખો થઈ રહ્યો હતો. ખુલ્લા શાંત દરિયાની વચ્ચે બાઉન્ટી જહાજ મધ્યમ ગતિએ પોતાની મંજિલ તરફ આગળ વધી રહ્યું હતું.

બાઉન્ટી બસો પંદર ટન વજનનું બ્રિટિશ જહાજ હતું. ૨૩ ડિસેમ્બર, ૧૭૮૭ના રોજ તેના છેંતાલીસ નાવિકો સાથે એ પોતાની સફરે નીકળ્યું હતું. એનો કૅપ્ટન બ્લિઘ, અનુભવી નાવિક હતો. કૅપ્ટન કૂકની છેલ્લી સફરમાં તેના સાથી તરીકે તેણે ફરજ બજાવી હતી. સ્વભાવે તે તોછડો, અતિશય જિદ્દી તેમ જ ગરમ મિજાજનો માણસ હતો.

બાઉન્ટીની સફરનો મુખ્ય ઉદ્દેશ તાહિતીના ટાપુ સમૂહમાં થતાં, નવા પ્રકારના બ્રેડ-ફ્રૂટ[૧]ના રોપાઓ એકઠા કરી, તેને અન્ય બ્રિટિશ સંસ્થાનોમાં પહોંચાડવાનો હતો. ત્યાંના ગુલામ મજૂરોના ખોરાક માટે આવાં ફળોનો ઉપયોગ થતો હતો.

માતાવાઈની ખાડીમાં લાંબા સમયના રોકાણ દરમિયાન કૅપ્ટન બ્લિઘે આસપાસના ટાપુઓ પરથી આવાં ફળોનાં વૃક્ષોના રોપાઓ મોટી સંખ્યામાં એકઠા કર્યા હતા. તે લઈ હવે તેઓ મધ્ય ઍટલાન્ટિકના વેસ્ટ ઇન્ડિઝનાં સંસ્થાનો તરફ ઊપડવાના હતા. એ સફર ઘણી લાંબી હતી. સફર દરમિયાન વચ્ચે આવતા એક નાનકડા ટાપુ પર તેમણે રોકાવાનું નક્કી કર્યું હતું. ત્યાંથી પ્રસ્થાન બાદ હાલમાં તેઓ ખુલ્લા દરિયામાં હતા.

શંકાશીલ અને ક્રોધી સ્વભાવનો કૅપ્ટન બ્લિઘ એના હાથ નીચેના તમામ અધિકારીઓ અને નાવિકો સાથે અત્યંત નિષ્ઠુર અને અમાનુષી વર્તન કરતો હતો.

પ્રથમ અધિકારી સાથે પણ તેનો વર્તાવ જોહુકમી ભર્યો હતો. જહાજમાં તેમની વચ્ચે નાની-નાની બાબતોમાં મતભેદ સર્જાતા. મોટા ભાગના અધિકારીઓ અને નાવિકો એની વિરુદ્ધ થઈ ગયા હતા. બધા એનાથી એટલા ત્રાસી ગયા હતા કે બળવાનું જોખમ લઈને પણ એના શાસનનો અંત લાવવા આતુર હતા.

૨૮મી એપ્રિલ, ૧૭૮૯ના મળસ્કે બાઉન્ટીના તૂતક પર ભેદી હિલચાલ થઈ રહી હતી. કેટલાક નાવિકો એકઠા થયા. તેઓ અંદરોઅંદર ગુસપુસ

કરી રહ્યા હતા. બહુ લાંબી ચર્ચા કરવાને બદલે થોડા શબ્દોમાં જ પોતાનો ઇરાદો સ્પષ્ટ કરી બધા છૂટા પડ્યા. ખરેખર શું બનવાનું હતું?

"મિત્રો, ધ્યાન રાખજો કે આ કાર્ય આપણે અત્યંત ગુપ્તતાથી પાર પાડવાનું છે." બાઉન્ટીના દ્વિતીય અધિકારી ફ્લેચર ક્રિશ્ચિયને કહ્યું, "બૉબ, તારી પિસ્તોલ લોડ કરી દે, પણ હું આદેશ આપું નહીં ત્યાં સુધી ગોળી ન ચલાવતો. ચર્ચિલ! કૅપ્ટનના દરવાજાનું લૉક તોડવા કુહાડી લઈ લે અને બીજી એક વાત ધ્યાનમાં રાખજે, મને એ જીવતો જોઈએ."

બારેક જેટલા અન્ય વિદ્રોહી નાવિકો સાથે ફ્લેચર ક્રિશ્ચિયન ધીમેધીમે કૅપ્ટનની કૅબિન તરફ આગળ વધ્યો. કૅપ્ટનની કૅબિન પહેલાં બોટ્સવાન સ્ટુવર્ટની અને જહાજના અન્ય ઉચ્ચ અધિકારી પિટર હેયવુડની કૅબિનો હતી. બંનેની કૅબિનની બહાર ફ્લેચરે બે વિદ્રોહી નાવિકોને સંત્રી તરીકે તહેનાત કર્યા. જેથી કૅપ્ટનને પકડતાં તેઓ મદદે આવી ન શકે. ફ્લેચર કૅપ્ટનની કૅબિનના દરવાજાની બહાર જઈ ઊભો રહ્યો.

"ચાલો સાથીઓ... આ દરવાજો તોડી નાખો..." બધા નાવિકોના ભેગા પ્રયાસે દરવાજાને પહેલે ધક્કે જ તોડી નાખ્યો. બધા નાવિકો કૅબિનમાં ઘૂસી ગયા.

કૅબિનમાં અંધારું હતું. ઝડપથી બધા અંદર ઘૂસી ગયા હતા, પણ કોઈને કંઈ દેખાતું ન હતું. અંધારામાં બધા આમતેમ ફાંફાં મારવા લાગ્યા. કૅપ્ટન તેમને ક્યાંય નજરે ચઢતો ન હતો.

"કોણ છે? આ ધમાચકડી શેની મચાવી છે? કોની આટલી હિંમત કે મારી કૅબિનમાં વગર સંમતિએ ઘૂસી આવે." ઊંઘમાંથી જાગી ગયેલો કૅપ્ટન ગુસ્સામાં તેના પલંગ પરથી ઊભો થયો.

"શાંતિ રાખ... કૅપ્ટન બ્લિઘ!" ચર્ચિલ બોલ્યો, "ચૂપચાપ તું તારી જાતને અમારે હવાલે કરી દે. કોઈ પણ ચાલાકી કરવાની કોશિશ કરી છે તો મારા હાથમાંની પિસ્તોલની ગોળી તારી સગી નહીં થાય."

"કૅપ્ટન, તારે કપડાં પહેરવાની પણ કોઈ જરૂર નથી." બૉબે ઉમેર્યું, "તને જહાજના કૂવાથંભ પર ફાંસીને માંચડે લટકાવશું ત્યારે તારું આ ઉઘાડું તંદુરસ્ત શરીર વધુ શોભશે."

"ચર્ચિલ, તેના હાથ પીઠની પાછળ બાંધી દે અને તૂતક પર લઈ આવો." ફ્લેચરે આદેશ આપ્યો.

"આ જુલ્મીને એવી સજા કરો કે તેના અન્ય મળતિયા નાવિકો માટે પણ તે નમૂનારૂપ બની રહે." જહૉન સ્મિથ નામના એક નાવિકે ગુસ્સો ઠાલવ્યો.

જહાજના મોટા ભાગના નાવિકો હજી જાગ્યા પણ ન હતા. તેમની કોઈ પણ જાતની પરવા કર્યા વિના કૅપ્ટનને ઘસડીને તૂતક પર લાવવામાં આવ્યો.

ફ્લેચર ક્રિશ્ચિયન તરફી નાવિકો દ્વારા થયેલા બળવાના પહેલા ચરણમાં તેઓ સફળ રહ્યા હતા. જહાજનો કૅપ્ટન જીવતો તેમના કબજામાં આવ્યો હતો.

તૂતક પર થઈ રહેલી ચહલપહલના કારણે કેટલાક નાવિકો અને જહાજના ઉચ્ચ અધિકારીઓ જાગીને ત્યાં આવી ગયા હતા. શું બની રહ્યું છે, તેનો તેમને કંઈ પણ ખ્યાલ આવતો ન હતો. બળવો થયાનું તેમને ભાન થયું તો પણ શસ્ત્રો અને યોગ્ય આગેવાનીના અભાવમાં તેઓ કંઈ પ્રતિકાર કરી શકે તેમ ન હતું. તૂતક પર બની રહેલી ઘટનાના તેઓ માત્ર મૂક પ્રેક્ષક બની રહ્યા.

અર્ધનગ્ન અવસ્થામાં, બંધાયેલી સ્થિતિમાં કૅપ્ટન તૂતક પર પડ્યો હતો. બધાની નજર તેના પર હતી. એક સમયે તેના એક અવાજથી બધા કાંપતા હતા, તે જ નાવિકોનો અત્યારે તે બંદીવાન હતો.

"કૅપ્ટન બ્લિઘ!" ફ્લેચરે તુચ્છકારથી કહ્યું, "હું તને કૅપ્ટનના હોદ્દા પરથી બેદખલ કરું છું. હવે આ જહાજનો નવો કૅપ્ટન હું છું."

'હું તારી આવી કોઈ વાત સ્વીકારવા તૈયાર નથી." કૅપ્ટને ઉદ્દંડતાથી કહ્યું.

"નકામો વિરોધ કરી મારો સમય બરબાદ ન કર." કૅપ્ટનને ઉતારી પાડતા ફ્લેચર બોલ્યો, "આ મારા એકલાનો નહીં, બાઉન્ટીના તમામ નાવિકોનો નિર્ણય છે. આપણે ઇંગ્લૅન્ડથી નીકળ્યા ત્યારથી અત્યાર સુધી મેં અને બીજા નાવિકોએ ઘણી વખત અમારી તકલીફો બાબતે તને ફરિયાદ કરી. તેનો યોગ્ય જવાબ તો શું, તેં તેને ધ્યાનમાં લેવાની પણ તસ્દી ક્યારેય લીધી નથી. અમારી સાથે તેં હંમેશાં હિંસક અને ઘૃણાભર્યું વર્તન કર્યું છે. શું અમે તારા પાલતુ કૂતરા છીએ? કે જ્યારે ઇચ્છે ત્યારે તું અમારું અપમાન કરે? બદમાશો, દુષ્ટો, જુઠ્ઠા, ચોર જેવા ઊતરતી કોટીના શબ્દો સિવાય તેં અમને ક્યારેય સંબોધન નથી કર્યું. તેમ છતાં અમે તારું બધું સહી લીધું. અમારી સાથેનું તારું વર્તન ક્યારેય માનવીય કહી શકાય તેવું રહ્યું નથી. ગઈ કાલે તો તેં તારી ક્રૂરતાની હદ કરી. હું તારો સાથી, દેશવાસી, તારી આગેવાની હેઠળ મેં બે દરિયાઈ સફરો ખેડી છે. તારા કુટુંબીઓ સાથે પણ મારા સંબંધ છે. આવા ગાઢ સંબંધ છતાં કેટલી નાની બાબતમાં કાલે તેં મને ગુનેગાર ઠરાવ્યો. એકાદ ટોપલી ફળોની ચોરીનો તેં મારા પર આરોપ મૂક્યો. મારી એક વાત પણ તેં સાંભળી નહીં. નજીવી કિંમતનાં ફળો માટે તેં મને જહાજના ભંડકિયામાં કેદ કર્યો અને ત્યાર બાદ ચોવીસ કોરડા ફટકારવાની સજા કરી, પણ હવે બહુ થયું. આ દુનિયામાં બધાએ પોતાનાં કર્મોનું ફળ

ભોગવવું પડે છે. અમારી સાથે તેં બહુ અમાનવીય વહેવાર કર્યો છે. મિ. બ્લિઘ! હવે અમારો વારો છે! છેલ્લાં દોઢ વર્ષથી વારંવાર થતાં અમારાં અપમાન, અન્યાય, ખોટા આરોપો અને તેની સજારૂપે અમે ભોગવેલા માનસિક અને શારીરિક ત્રાસની ખૂબ મોટી કિંમત. તારે ચૂકવવી પડશે. તારા આ ગુનાઓનો ચુકાદો બધા નાવિકોના નિર્ણય ઉપર જ છે! તને તારા અપરાધ બદલ દોષિત ઠરાવવામાં આવે છે... મારા આ નિર્ણય બાબતે તમારું શું માનવું છે, મારા સાથીઓ?"

"હા... એ જાલિમને જલદીથી મોતની સજા કરો... હા... એ ગુનેગાર છે આપણો... મૃત્યુદંડ... મૃત્યુદંડ..." મોટા ભાગના નાવિકો એકસાથે કૅપ્ટનની વિરુદ્ધમાં બોલવા લાગ્યા.

"કૅપ્ટન બ્લિઘ!" ક્રિશ્ચિયન ફ્લેચરે કહ્યું, "ઘણા નાવિકોએ તને આગળના કૂવાથંભ પર, સમુદ્ર અને આકાશની વચ્ચે ફાંસી આપવાનું સૂચવ્યું છે. જ્યારે કેટલાક તને ચાબુકના એટલા ફટકા મારવા ઇચ્છે છે કે જ્યાં સુધી તારો આ દુષ્ટ આત્મા તારા આ શરીરને છોડી જતો ન રહે. પણ તને ત્રાસદાયક મોત આપવા માટે મેં જુદી જ સજા વિચારી છે અને આ ગુનામાં તું એકલો જ ગુનેગાર નથી. તારા આદેશોનો અમલ કરનાર અને તારી હામાં હા પુરાવી તારી ચાપલૂસી કરનાર તારા સાથીઓ પણ એટલા જ ગુનેગાર છે. તારી સાથે તેમને પણ સજા મળવી જ જોઈએ. હું તને આ અફાટ સમુદ્રમાં, એક નાનકડી નૌકામાં, તારા પાલતુ કૂતરાઓ સાથે છોડી દેવા માગું છું. આ વિશાળ સમુદ્રમાં ભૂખ અને તરસથી તડપી તડપીને તું મોતને ભેટે એ જ તારે માટે યોગ્ય સજા છે. હવે આ પવનની દિશા જ તમારા જીવનની ગતિ નક્કી કરશે. જહાજ ઉપરની મોટી બચાવનૌકાને દરિયામાં ઉતારવામાં આવે."

ક્રિશ્ચિયન ફ્લેચરના નિર્ણયથી વિદ્રોહી નાવિકોમાં ગણગણાટ થવા લાગ્યો. તેઓ ફ્લેચરના નિર્ણયથી નાખુશ હતા. કોઈ પણ ભોગે નાવિકો કૅપ્ટનને જીવતો છોડવા ઇચ્છતા ન હતા. ફ્લેચરની ઇચ્છા કૅપ્ટનને વધુ તડપાવીને દર્દનાક મોત આપવાની હતી, પણ કૅપ્ટનનો અંત પોતાની નજર સમક્ષ જ આવે તેવું નાવિકો ઇચ્છતા હતા. ફલેચરના નિર્ણયનો કૅપ્ટનના ચહેરા પર કોઈ ભય દેખાતો ન હતો. તે બોલ્યો,

"નાવિકો અને જહાજના ઉચ્ચ અધિકારીઓ," હજી પણ તેના અવાજમાં કૅપ્ટનના રુઆબનો પડઘો હતો, "રૉયલ નૌકાદળના એક ઉચ્ચ અધિકારી અને આ જહાજના કૅપ્ટન તરીકે તમારા આ વર્તાવની હું સખત ટીકા કરું છું. જહાજ પરની કોઈ પણ તકલીફોની ફરિયાદ માટેનો આ રસ્તો અયોગ્ય છે. જો સાચા અર્થમાં તમને જહાજ પર કોઈ પણ તકલીફ હોય કે મારા નિર્ણયો સામે વાંધો હોય તો તેની ફરિયાદ તમે સફરના અંતે લશ્કરી ન્યાયાલયમાં કરી શકો છો, પણ મારી સામે વિરોધનું આ કૃત્ય અવિચારી અને મૂર્ખતાભર્યું છે. આ રીતે કૅપ્ટન પર હુમલો કરી જહાજ પર

કબજો મેળવવો તે કાયદાની ભાષામાં બળવો છે. જહાજ પર બળવો કરવો એ રાજદ્રોહ છે. આ રીતે તમે પોતાને વતન ક્યારેય પરત ફરી શકશો નહીં. કાયદાની નજરમાં તમે ગુનેગાર પુરવાર થશો. તમારી સાથે દરિયાઈ ચાંચિયાઓ જેવો વ્યવહાર થશે. તેમને કરાતી સજા તમને પણ થશે. આ માર્ગે હાલમાં કે પછી અપમાનજનક મોત સિવાય બીજું કંઈ હાંસિલ નહીં થાય. ઇતિહાસમાં પણ તમે વિશ્વાસઘાતીઓ અને બળવાખોરો તરીકે જ આલેખાશો! તમારા કૅપ્ટન તરીકે, તમારું કર્તવ્ય ફરી યાદ કરાવતા તમને હુકમ આપું છું કે, તમારી ફરજ પર પાછા ફરો...!"

"અમને ખબર છે કે અમે શું કરી રહ્યા છીએ... અને આ માર્ગ અમને ક્યાં લઈ જશે..." ચર્ચિલે કહ્યું.

"કૅપ્ટનને સજા કરો... સજા કરો..." નકામી ચર્ચામાં વેડફાતો સમય બળવાખોર નાવિકોને પસંદ ન હતો. કૅપ્ટનની સજાનો ઝડપથી અમલ કરવા બધાએ એક સાથે નારા લગાવ્યા.

"તમારી નજરોમાં હું તમારો ગુનેગાર છું તો જેવી તમારી ઇચ્છા... પણ મારા ગુનાઓની સજા માત્ર મને કરો... મારા અન્ય સાથીઓને નહીં... તેઓએ મારા હુકમોનો અમલ માત્ર તેમની ફરજના ભાગરૂપે કર્યો હતો... તેઓ મારા કૃત્યો માટે ગુનેગાર નથી."

અન્ય સાથીઓને સજામાંથી મુક્તિ આપવાની કૅપ્ટનની આજીજી બળવાખોરોના હૃદયમાં કોઈ દયા જન્માવી શકી નહીં.

ક્રિશ્ચિયનના હુકમનો અમલ કરવામાં આવ્યો. જહાજની સૌથી મોટી બચાવનૌકાને પાણીમાં ઉતારવા માટે તૈયારી શરૂ કરવામાં આવી.

બળવાખોરો વચ્ચે એક બાબતનો વિવાદ હજી ચાલુ જ હતો. કેટલાક કૅપ્ટન અને તેના સાથીઓને જહાજ પર જ મોતને ઘાટ ઉતારવાના પક્ષમાં હતા, તો કેટલાક તેમને ખોરાક-પાણી વગર મધ્યસાગરમાં ભૂખ્યા-તરસ્યા છોડી દેવા ઇચ્છતા હતા. જ્યારે કેટલાકે તેમને થોડો ઘણો ખોરાકનો જથ્થો આપવાની તરફેણ કરી.

જે નાવિકોએ બળવામાં સાથ આપ્યો ન હોય અને તટસ્થ રહ્યા હોય તેવા નાવિકોને પણ ચર્ચિલ અને અન્ય કેટલાક તેના સાથીઓ કૅપ્ટન સાથે મધદરિયે છોડી દેવા ઇચ્છતા હતા. બળવામાં સાથ નહીં આપનારને પણ ચર્ચિલ ગુનેગાર સમજતો હતો. ચર્ચિલ પણ કૅપ્ટનના જુલ્મોથી પીડિત હતો. તાહિતીમાં તેને ફટકારવામાં આવેલા ચાબુકના ફટકાઓનું દર્દ તેની પીઠ પર હજી શમ્યું ન હતું. તે ફ્લેચર કરતાં પણ વધુ ગુસ્સામાં લાગતો હતો.

"હાવર્ડ! હાલેટ!!" ચર્ચિલના મત તરફ ધ્યાન આપવાને બદલે પોતાનો નિર્ણય લેતાં ફ્લેચર આગળ બોલ્યો, "નૌકામાં ચાલ્યા જાઓ."

“ફ્લેચર! મેં તારું શું બગાડ્યું છે કે તું મારી જોડે આવું વર્તન કરી રહ્યો છે. મહેરબાની કરી મને આવા કરુણ મોતના મુખમાં ન ધકેલ.” હાવર્ડે આજીજી કરતાં કહ્યું.

“હવે આવા પસ્તાવાનો કોઈ અર્થ નથી. તને કહ્યું તેમ કર, નહીં તો મારે તારી સાથે બળજબરી કરવી પડશે. હાવર્ડ! તેની સાથે ફ્રેયર તું પણ..!”

નાવિકો નૌકા તરફ જવાને બદલે કૅપ્ટન બ્લિઘ તરફ આગળ વધ્યા. બધામાં સૌથી આત્મવિશ્વાસમાં જણાતો ફ્રેયર ધીમેથી બોલ્યો:

“કૅપ્ટન, તમે જહાજ પર પુનઃ કબજો મેળવવા પ્રયત્ન કરવા માગો છો? મને ખબર છે કે બળવાખોરોનો સામનો કરવા આપણી પાસે શસ્ત્રો નથી, પણ તેના સિવાય મને બીજો કોઈ ઉપાય દેખાતો નથી. તેમનો સામનો કરવામાં આપણામાંથી કેટલાક માર્યા પણ જાય... પણ તેનાથી શું ફેર પડે છે! તેમને તાબે થવામાં પણ આપણે મરવાનું જ છે. આપણે આ રીતે હાર માની લેવા કરતાં એક પ્રયત્ન તો કરી શકીએ ને! આ બાબતે તમારું શું માનવું છે?”

બચાવનૌકાને દરિયામાં ઉતારવાની તૈયારીમાં વ્યસ્ત બળવાખોરો સામે બાથ ભીડવાની કૅપ્ટન અને તેના સાથીઓ તૈયારી કરી રહ્યા હોવાની ગંધ ચર્ચિલને આવી ગઈ. તેણે કેટલાક વધુ સશસ્ત્ર બળવાખોરોને કૅપ્ટન અને તેના સાથી નાવિકો સામે તૈનાત કરી દીધા અને ઝડપથી તેમને નૌકામાં ઉતારવા હુકમ કર્યો. સામો પ્રતિકાર થવાની શક્યતા જણાતાં એક પછી એક નાવિકોને બળજબરીથી નૌકામાં ઉતારવામાં આવ્યા.

“મિલવર્ડ, મુસપાટ્ટ, બિરકેટ અને તમે બધા પણ...” બળવામાં ભાગ નહીં લેનારા કેટલાક નાવિકોને ઉદ્દેશીને ક્રિશ્ચિયન બોલ્યો, “પેલી નૌકામાં ચાલ્યા જાઓ... તમે પણ કૅપ્ટનની આ લાંબી સફરમાં તેમનો સાથ આપશો. નૌકામાં તમને ગમતી જગ્યા તમે લઈ લો. મોરીસન, આ બધા પર નજર રાખ. આ લોકો કંઈ ચાલાકી ન કરે. પરસેલ તું પણ... તને હું તારા સુથારીકામનો સામાન સાથે લઈ જવાની છૂટ આપું છું... તેને ઉઠાવ અને નૌકામાં જા...”

બે ધ્વજસ્તંભો તેમના સઢ સાથે, તેને ખોડવાના ખીલા, કરવત, સઢ માટે વપરાતા કાપડના ટુકડા, ચાર નાનાં પીપડાં (જે દરેકમાં ચોવીસ ક્વૉટ[૨] પાણીનાં હતાં). એકસો પચાસ પાઉન્ડ[૩] બિસ્કિટ, બત્રીસ પાઉન્ડ મીઠામાં સૂકવેલું ડુક્કરનું માંસ, છ બૉટલ વાઇન, છ બૉટલ રમ, કૅપ્ટનની વાઇનની પેટી વગેરે જેવાં અનેક સાધનો, સરંજામ અને ખોરાકી પુરવઠો પણ તેમને લઈ જવા દેવામાં આવ્યો.

તેમને બે-ત્રણ જૂની તલવારો પણ આપવામાં આવી, પરંતુ કોઈ પણ પ્રકારનો દારૂગોળો કે અગ્નિશામક વસ્તુઓ આપવામાં ન આવી.

"પિટર હેયવુડ અને સ્ટુવર્ટ ક્યાં છે?" કૅપ્ટન બ્લિઘે નૌકામાં જતાં પૂછ્યું, "શું તેઓએ પણ મારી સાથે દગો કરી બળવાખોરોને સાથ આપ્યો છે?!"

કૅપ્ટનના માનીતા બંને સાથીઓએ તેની સાથે દગો કર્યો ન હતો, પણ તેમને કૅપ્ટન સાથે નહીં મોકલવાનો ફ્લેચરે નિર્ણય લીધો હતો. તે તેમને જહાજ પર સાથે જ રાખવા માગતો હતો.

નિર્વાસનનો સમય આવી ગયો. કૅપ્ટન બ્લિઘના ચહેરા પર ભય સ્પષ્ટ વર્તાઈ રહ્યો હતો. અફાટ સમુદ્રમાં નાનકડી નૌકા સાથે જીવતા બચવાની કોઈ સંભાવના તેમને જણાતી ન હતી.

"ક્રિશ્ચિયન!" કૅપ્ટન નિરાશ થઈ બોલ્યો, "હું તને ભૂતકાળમાં બનેલી બધી દુઃખદ ઘટનાઓ ભૂલી જવા અને અમને આવી ભયાનક સજામાંથી મુક્તિ આપવા આજીજી કરું છું... મારું નહીં તો મારી પત્ની અને પરિવારનું તો તું વિચાર! જો હું આવા કરુણ મોતને ભેટીશ તો તેમનું શું થશે? હું તારી સામે દયાની ભીખ માગું છું."

"તારામાં દયા જેવી કોઈ લાગણી હોત તો તારે આ દિવસ ક્યારેય ન જોવો પડત. તેં માત્ર તારી પત્ની અને તારા પરિવારથી આગળ વધી બીજાની પત્નીઓ અને પરિવારો વિશે વિચાર્યું હોત તો તેં ક્યારેય અમારી સાથે આવું અમાનવીય વર્તન ન કર્યું હોત. તું આવા અકાળ અને ભયાનક મોતને જ લાયક છે."

કૅપ્ટન સાથે અન્ય નાવિકોએ પણ ક્રિશ્ચિયન ફ્લેચર સમક્ષ દયાની ભીખ માગી. તેમને માફી આપવા ઘણી આજીજી કરી, પણ તે બધું વ્યર્થ હતું. ફ્લેચર કોઈ પણ ભોગે પીગળે તેમ ન હતો.

"મેં પણ તમારા જુલમો બહુ સહ્યા છે." ફ્લેચર નિષ્ઠુરતાથી બોલ્યો, "મારા પર વિતાવવામાં આવેલા અસહ્ય ત્રાસને તમે ક્યાંથી સમજી શકશો! આખા પ્રવાસ દરમિયાન મારા પર ગુજારાયેલા અત્યાચારના તમે બધા પણ ગવાહ છો! ત્યારે તમે ક્યારેય મારે પક્ષે સહાનુભૂતિ નથી દાખવી. આ જહાજનો હું દ્વિતીય અધિકારી... તમે મારી સાથે કૂતરા જેવું વર્તન કરતા હતા, પણ મને તેમાંથી મુક્તિનો મોકો મળી ગયો છે. આ ધિક્કારપાત્ર કૅપ્ટનનું મોઢું હું ક્યારેય જોવા નથી ઈચ્છતો... પણ હું તમારા પર એક દયા કરું છું. તમને બચવા એક તક આપવા માંગું છું... સ્મિથ, કૅપ્ટનની કૅબિનમાં જા. તેનાં કપડાં, તેની કૅપ્ટન તરીકેની સનદ (નિમણૂક પત્ર), તેની જર્નલ, તેની અન્ય નોંધપોથીઓ વગેરે વસ્તુઓ લઈ આવ. તેમને મારી

સમુદ્રી નકશાપોથી અને મારું સેક્સ્ટન્ટ[૪] આપી દે. કૅપ્ટનને પોતાને અને તેના સાથીઓને આ ગોઝારી સ્થિતિમાંથી બચવાની હું એક તક આપું છું!"

બળવાખોર નાવિકોની ઇચ્છા ન હોવા છતાં ક્રિશ્ચિયનના આ હુકમનો પણ અમલ કરવામાં આવ્યો.

"મોરીસન! નૌકાને પાણીમાં ઉતાર!" બાઉન્ટીના નવા કૅપ્ટને હુકમ કરતાં કહ્યું, "તેઓ હવે ભગવાન ભરોસે છે!"

કૅપ્ટન બ્લિઘ અને તેના બદકિસ્મત સાથીઓને બળવાખોર નાવિકોએ વિજયી નારાઓથી વિદાય આપી. બદલાની ભાવનામાં ભભૂકતો ક્રિશ્ચિયન પણ જહાજના કઠેડા પાસે ઊભો ઊભો નીચે ઉતારવામાં આવી રહેલી નૌકાને જોઈ રહ્યો હતો. તેની નજર ક્ષણભર પણ તેના પરથી ખસતી ન હતી. આ સાહસી અધિકારી, જેણે અનેક કૅપ્ટનોની આગેવાનીમાં અત્યાર સુધી ઘણી જહાજી સફરો ખેડી હતી અને બધા કૅપ્ટને તેની પ્રામાણિકતા, શૌર્યની પ્રશંસા કરી હતી. તે ક્રિશ્ચિયન ફ્લેચર આજે તેની બદલાની જ્વાળાઓમાં કાર્યનિષ્ઠ નાવિકમાંથી બળવાખોરોનો સરદાર બની ગયો હતો. તેના આ કૃત્યથી તે તેની વૃદ્ધ માતા, તેની પત્ની કે તેના અન્ય સગાંસંબંધીઓને ક્યારેય મળી શકવાનો ન હતો. તેના વતનની ભૂમિ પર તે ક્યારેય પગ મૂકી શકવાનો ન હતો. હવે તેના રાષ્ટ્ર માટે તે એક દેશદ્રોહી, ચાંચિયો, બળવાખોર હતો. બદલાની ભાવનાના સમુદ્રમાં તે ડૂબી ગયો હતો અને આખી જિંદગી ભાગેડુ જીવન જીવવાનો હતો. એક બહાદુર અને વફાદાર નાવિક તરીકે દરેકની નજરોમાં તેના માટે સન્માનની લાગણી હતી, તે બધાની આંખોમાં ધિક્કારને પાત્ર બનવાનો માર્ગ તેણે પસંદ કર્યો હતો.

ક્રિશ્ચિયન ફ્લેચરની નજરોમાં ગુનેગાર કૅપ્ટન અને તેના સાથીઓને સજા કરવાની ઇચ્છાથી તેણે પોતે જે માર્ગ પસંદ કર્યો હતો, તે તેને અંધકારમય ભવિષ્ય તરફ ઘસડી જવાનો હતો.

---

(૧) બ્રેડ-ફ્રૂટ: ઉષ્ણકટિબંધના એક ઝાડનું સફેદ ગરવાળું ફળ.

[૨] ક્વૉટ: આશરે ૧ લિટર જેટલું માપ.

[૩] પાઉન્ડ: ૧ પાઉન્ડ: ૪૫૩ ગ્રામ.

[૪] **સેક્સ્ટન્ટ:** વહાણવટીમાં વપરાતું ખૂણા માપવાનું સાધન ષષ્ટાંક યંત્ર.

# બચાવનૌકાની સફર

બાઉન્ટીના નિર્વાસિત કૅપ્ટન, ઉચ્ચાધિકારીઓ અને નાવિકો એમ કુલ અઢાર જેટલા મુસાફરો અને તેમની સફર માટે અપૂરતાં કહી શકાય તેટલાં સાધન-સરંજામ સાથે નૌકા સાગરમાં આગળ વધી રહી. તેના નાવિકો અને સાધન સરંજામનું વજન નૌકા માટે ભારરૂપ બનતું હતું. દરિયાની સપાટીથી નૌકાની ઉપલી કોર માત્ર પંદર ઈંચ જેટલી જ બહાર રહેતી હતી. એકવીસ ફૂટ લાંબી અને છ ફૂટ પહોળી આ નૌકા જહાજની બચાવનૌકા તરીકે ટૂંકા પ્રવાસ માટે પૂરતી ગણી શકાય, પરંતુ જે પ્રકારનો પ્રવાસ આ નાવિકોને ખેડવાનો હતો, તે માટે એ ખરેખર પડકારરૂપક પુરવાર થાય તેમ હતું.

નાવિકોને તેના કૅપ્ટનની આવડત અને હિંમતમાં પૂરતો વિશ્વાસ હતો. હોડીમાંના દરેકનો એક જ હેતુ હતો, બની શકે તેટલાં જોરથી હલેસાં મારી નૌકાને નજીકના ટાપુ સુધી પહોંચાડવાનો.

જહાજ પર બનેલી ઘટનાનો કૅપ્ટન બ્લિઘને કોઈ રંજ ન હતો. શરૂઆતમાં થોડા ડરી ગયેલા કૅપ્ટને પોતાની હિંમત પાછી મેળવી લીધી હતી. બની શકે તેટલી ઝડપથી તોફો ટાપુ પર પહોંચી જવાનો તેણે નિર્ધાર કર્યો. આ ટાપુની થોડા દિવસ પહેલાં જ તેમણે મુલાકાત લીધી હતી. આ ટાપુની મુલાકાત વખતે તેમણે બ્રેડ-ફ્રૂટનાં વૃક્ષોના રોપાઓ બાઉન્ટી માટે મેળવ્યા હતા. ત્યાં સરળતાથી ખોરાક અને પીવાના પાણીનો પૂરતો જથ્થો મેળવી તેઓ ટોન્ગા-ટાબોઉ ટાપુ તરફ જવા ઇચ્છતા હતા. તે ટાપુથી તેઓ સારી રીતે પરિચિત હતા. ત્યાંથી ખોરાક-પાણીનો ઘટતો પુરવઠો મેળવી તિમોર તરફ જવાનો તેમણે નિર્ધાર કર્યો. રસ્તામાં બીજા ઘણા ટાપુસમૂહો હતા, પણ તે ટાપુઓ પર કોઈ આકસ્મિક જરૂરિયાત સિવાય ન જવાનો કૅપ્ટને નિર્ણય લીધો. આ અજાણ્યા ટાપુઓ પર ત્યાંના સ્થાનિક આદિવાસીઓનો ભય હતો. તેમની પાસે નાવિકોનું મોટું સંખ્યાબળ ન હતું કે પૂરતાં શસ્ત્રો પણ ન હતાં જેનાથી તેઓ સ્થાનિક રહેવાસીઓ સાથે લડી શકે. આમ, સ્થાનિકો સાથેના સંઘર્ષને ટાળવા આવા અજાણ્યા ટાપુઓ પર નહીં જવાનું જ તેમને માટે વધુ યોગ્ય હતું.

પ્રથમ દિવસ કોઈ પણ પ્રકારની નોંધપાત્ર ઘટના વિના પસાર થયો. તોફો ટાપુનો કાંઠો દેખાયો ત્યારે રાતનું અંધારું છવાઈ ગયું હતું. તોફો ટાપુનો કાંઠો ખડકાળ હતો. કાંઠા પર જ આવેલી મોટી કરાડોને કારણે રાત્રિ દરમિયાન નાની હોડીમાં ત્યાં પહોંચવું જોખમભર્યું હતું. તેમણે દિવસનું અજવાળું ફેલાય ત્યાં સુધી દરિયામાં જ રાત્રિરોકાણ કરવાનું નક્કી કર્યું.

બાઉન્ટીએ લીધેલી આ ટાપુની છેલ્લી મુલાકાત વખતે ટાપુના રહેવાસીઓનો ભેટો થયો ન હતો કે તેઓની કોઈ નિશાનીઓ પણ જણાઈ ન હતી, પણ કૅપ્ટન બ્લિઘ દૃઢપણે માનતો હતો કે આ ટાપુ પર તેના આદિ રહેવાસીઓની હાજરી હતી. આ વખતે તેમની મુલાકાત થવાની સંભાવના હતી. આ ટાપુ તેમની ખોરાક-પાણીની જરૂરિયાત પૂરી કરી શકે તેમ હતું, છતાં અહીંના આદિવાસીઓની મુલાકાત થાય તો તેમનું વર્તન તેમના પ્રત્યે કેવું હશે તેનું અનુમાન કરવું મુશ્કેલ હતું, તેથી નૌકા પરના ખોરાક-પાણીના જથ્થાને આખા દિવસ દરમિયાન નહીં વાપરવાનું જ તેમણે નક્કી કર્યું. ટાપુ પરથી પૂરતો પુરવઠો મળ્યા બાદ ખોરાક-પાણીના જથ્થાનો દૈનિક ઉપયોગ કેટલા પ્રમાણમાં કરવો તે નક્કી કરવાનું તેમણે સૂચવ્યું.

કૅપ્ટન બ્લિઘના અનુભવ અને કાબેલિયતને લીધે જ આવી વિકટ પરિસ્થિતિમાં પણ ચોક્કસ નિર્ણય લેવાનું શક્ય બન્યું હતું. ત્યાંના રહેવાસીઓ સાથે મુલાકાત થાય તો સુમેળભર્યો સંબંધ બાંધવા કૅપ્ટન બ્લિઘે દરેક નાવિકોને સૂચના આપી. તે માટે તેઓ અહીં કેવી રીતે આવ્યા તે તેમને જણાવવું પણ જરૂરી હતું, પણ સાચું કારણ તેઓ જણાવી શકે તેમ ન હતું. અજાણ્યાઓ જોડે તેમને હાંકી કઢાયાની વાત તેમનામાં અવિશ્વાસ પેદા કરે અને તેના વિપરીત પરિણામના ભયે કૅપ્ટને સાચું કારણ નહીં જણાવવાનું નક્કી કર્યું. બાઉન્ટી જહાજ માટે જરૂરી ખોરાક-પાણીનો પુરવઠો લેવા આવ્યા હોવાનું. અને તેમનું જહાજ ટાપુથી દૂર તેમની રાહ જોઈ રહ્યું છે તેવું બહાનું સૂઝ્યું.

પણ જ્યારે ટાપુથી દૂર દૂર સુધી ક્યાંય બાઉન્ટી જહાજ દેખાતું ન હોય ત્યારે આવું બહાનું ચાલી શકે તેમ ન હતું. તેમની વાત પર ત્યાંના સ્થાનિક રહેવાસીઓને શંકા જાય તે તેમને માટે વધુ જોખમી હતું, તેથી તે બહાનું તેમણે પડતું મૂક્યું. બાઉન્ટી જહાજ મધદરિયે ડૂબી ગયું છે અને તેથી થોડા નાવિકો બચાવનૌકામાં બચી અહીં સુધી આવી શક્યા છે તેવું બહાનું બનાવવાનું કૅપ્ટને નક્કી કર્યું. કૅપ્ટનને મતે જહાજ ડૂબી જવાની ઘટના, સ્થાનિક રહેવાસીઓના હૃદયમાં આશ્વાસનની લાગણી જન્માવી તેમની મદદ માટે તૈયાર થાય અને જરૂરી ખોરાકી પુરવઠો પૂરો પાડે તેવી હતી પોતાના બધા નાવિકોને આ બહાનું જણાવી આ જ ખોટી કહાનીને વળગી રહેવા કૅપ્ટન બ્લિઘે જણાવ્યું. જેથી ટાપુ પર આવવા બાબતે દરેક નાવિકો દ્વારા થતી જુદી જુદી વાત તેમના પર શંકા ન જન્માવે. કૅપ્ટનની વાતથી નાવિકો પણ સંમત થયા હતા.

દિવસનું અજવાળું પથરાયું. તોફોના ખડકાળ કિનારે નૌકા લાંગરવામાં આવી. જે બાબતનો કૅપ્ટનને ભય હતો તેવું જ બન્યું. ટાપુની આગલી મુલાકાત વખતે નહીં દેખાયેલા સ્થાનિક રહેવાસીઓનો આ વખતે તેમને ભેટો થયો. સ્થાનિકોની સંખ્યા ઓછી હતી. તેમની ભાષા નહીં સમજી શકતાં કૅપ્ટને ઇશારાઓ દ્વારા બાઉન્ટી જહાજના મધદરિયે ડૂબી

જવા અને તેના માત્ર અઢાર જેટલા નાવિકો બચીને અહીં સુધી પહોંચી શક્યાની ખોટી કહાની તેમને સમજાવવા પ્રયત્ન કર્યો. કૅપ્ટનની આ કહાનીથી સ્થાનિક ટાપુવાસીઓના હૃદયમાં કેવી લાગણી જન્મી હતી, તે તેમના હાવભાવ પરથી સમજી શકાયું નહીં. તેમના મોઢા પર ગૂઢ રહસ્યભાવ હતો. કૅપ્ટનને સ્થિતિ તેમની તરફેણમાં ન જણાઈ. ટાપુ પર ઊતરતાં જ તેમણે તેમના કેટલાક સાથીઓને ટાપુના અંદરના ભાગમાં જઈ ખોરાક અને પાણીનો પુરવઠો એકઠો કરી લાવવાની સૂચના આપી દીધી હતી.

ટાપુના બીજા ભાગમાંથી પણ સ્થાનિક આદિવાસીઓ આ તરફ આવવા લાગ્યા. તેમની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો હતો. તેમના અંદરોઅંદરના વર્તનથી કૅપ્ટનને તેમની વૃત્તિ આક્રમક જણાઈ. તેમાંના કેટલાક કૅપ્ટનની નૌકા પર પણ કબજો જમાવવાની ફિરાકમાં જણાઈ રહ્યા હતા. કૅપ્ટન પાસે લડવા બીજાં શસ્ત્રો તો ન હતાં, પણ તેમની પાસેની જૂની નાનકડી તલવાર દ્વારા તેમને ડરાવવાનો પ્રયત્ન કર્યો. એટલા સમયમાં ટાપુના અંતરિયાળ વિસ્તારમાં શોધખોળ માટે ગયેલા તેમના સાથીઓ પણ આવી પહોંચ્યા. તેઓ પીવાના પાણીનો ત્રણ ગૅલન[૫] જેટલો પુરવઠો સાથે લાવ્યા હતા.

આ ટાપુ પર હવે વધુ સમય રોકાવું સલામત ન હતું. સૂર્યાસ્તનો સમય પણ થઈ ગયો હતો, પણ ખડકાળ કિનારાથી થોડા ફેધમ[૬] જેટલી દૂર લાંગરવામાં આવેલી નૌકા સુધી પહોંચવું સરળ ન હતું. કિનારે સ્થાનિક રહેવાસીઓનો મોટો જમાવડો થઈ ગયો હતો. બધા ગુસ્સામાં પોતાના હાથમાંના પથ્થરો એકબીજા સાથે અફાળી રહ્યા હતા. તેઓ ક્યારે પથ્થરો વડે હુમલો કરે તે કહી શકાય તેમ ન હતું.

કાંઠા પરના બસ્સો જેટલા સ્થાનિકો વચ્ચેથી આ અંગ્રેજ નાવિકોની ટુકડી ધીમેધીમે પોતાની નૌકા તરફ આગળ વધી. બધા સ્થાનિકો તેના નેતાના આક્રમણ કરવાના આદેશની રાહ જોઈને જ ઊભા હતા. મહામુશ્કેલીએ એ લોકો નૌકા સુધી પહોંચ્યા. બધા ઝડપથી નૌકામાં સવાર થઈ ગયા. ઈશ્વરની કૃપાથી સ્થાનિકોએ હજી આક્રમણ કર્યું ન હતું. ત્યાં જ તેઓમાંથી એક મૂર્ખ નાવિક બેનક્રોફ્ટે અવિચારી પગલું ભર્યું. કાંઠા પર ભુલાઈ ગયેલી તેની કેટલીક વસ્તુઓ પાછી લઈ આવવા નૌકા પરથી ઊતરી તે કિનારા તરફ દોડ્યો. તેનું આ પગલું તેના સહિત બધા માટે જોખમી પુરવાર થવાનું હતું. થોડી જ વારમાં સ્થાનિકોએ તેને ઘેરી લીધો અને પથ્થરોના તેના પર છુટ્ટા ઘા કર્યા. નૌકામાં બેઠેલા તેના સાથીઓ પણ તેની મદદ માટે કંઈ જ કરી શકે તેમ ન હતું. શસ્ત્ર તરીકે તેમની પાસે એક પણ પિસ્તોલ કે ફેંકી શકાય તેવાં હથિયારો પણ ન હતાં. તેઓ તેની સામે લાચાર બની જોઈ રહ્યા. ત્યારે જ સ્થાનિક આદિવાસીઓએ તેમના પર પથ્થરોનો વરસાદ વરસાવ્યો.

“ચાલો સાથીઓ... તમારાં હલેસાં સંભાળી લો... બને તેટલી ઝડપથી દરિયામાં આગળ વધો...”

સ્થાનિક રહેવાસીઓએ સાગરકાંઠા પર બની શકે તેટલા આગળ વધી નાવિકો પર એકસામટો પથ્થરમારો કર્યો. પથ્થરોથી થયેલા આક્રમણમાં મોટા ભાગના નાવિકો ઘાયલ થયા. તેમ છતાં તેમણે નૌકાનાં હલેસાં મારવાનું ચાલુ રાખ્યું. તેમના એક સાહસી નાવિક-થોમસ હાવર્ડે નૌકામાં આવી પડેલા પથ્થરોમાંથી એક પથ્થર લઈ કાંઠા પરના આદિવાસીનું નિશાન તાકી ઘા કર્યો. પથ્થર સીધો એક આદિવાસીની બે આંખની વચ્ચે વાગ્યો. પથ્થરના જોરદાર ઘાથી આદિવાસી ઊછળીને પટકાયો. દર્દનો માર્યો તે કણસી રહ્યો હતો. આખી અંગ્રેજ નાવિક ટુકડીએ આનંદિત પોકારો કર્યા. તેમના કમનસીબ સાથી બેનક્રાફ્ટના મોતનો બદલો તેમણે વાળ્યો હતો.

આદિવાસીઓ હજી તેમનો પીછો છોડવા તૈયાર ન હતા. ઘણી બધી નાનકડી હોડીઓ દરિયાના પાણીમાં ઉતારવામાં આવી. જે ઝડપથી કૅપ્ટનની ટુકડીનો પીછો કરી રહી હતી. આ સંગ્રામ વધુ ભયાનક સ્વરૂપ પકડી રહ્યો હતો. હથિયાર વિનાની નાવિક ટુકડી માટે તેમની સામે લડવું પડકારરૂપ હતું. ત્યાં કૅપ્ટન બ્લિઘે એક યુક્તિ લડાવી. તેમણે પોતાનું જૅકેટ ઉતાર્યું અને દરિયાના પાણીમાં તરતું મૂકી દીધું. પીછો કરતા મોટા ભાગના આદિવાસીઓ તેને કોઈ નાવિક દરિયામાં પડી ગયો છે તેવું સમજી, તેને ઘેરી, તેને પકડવા ગયા. તેનો ફાયદો ઉઠાવી કૅપ્ટને નૌકાને ઝડપથી દરિયાનાં પાણીમાં આગળ વધારી. દરેક નાવિક બને તેટલી તાકાતથી હલેસાં મારી રહ્યો હતો. દરિયામાં પડેલા જૅકેટને લેવામાં સમય બગડવાને કારણે કૅપ્ટનની નૌકા આદિવાસીઓ કરતાં ઘણી આગળ નીકળી ગઈ હતી. સૂર્યાસ્ત થઈ ગયો હતો. અંધારું થવા લાગ્યું. હોડી પણ ઘણી આગળ નીકળી ગઈ, એવી સ્થિતિમાં આદિવાસીઓ માટે પીછો કરવાનું મુશ્કેલ બની ગયું. તેમણે કૅપ્ટન અને તેના સાથીઓનો પીછો પડતો મૂક્યો. કૅપ્ટન બ્લિઘે લડાવેલી જૅકેટની યુક્તિ કામિયાબ નીવડી હતી. તેમણે ભૂતકાળમાં ‘ઍટલાન્ટા’ નામના જહાજ સાથે થયેલી સ્પર્ધામાં પણ આવી જ યુક્તિ લડાવી કામયાબી મેળવી હતી. આ અનુભવ જ કૅપ્ટન અને તેના સાથી નાવિકોનો જીવ બચાવવા ઉપયોગી નીવડ્યો હતો.

બાઉન્ટીના નિર્વાસિતોની સફરનો પહેલો પડાવ તેમને માટે કમનસીબ પુરવાર થયો હતો. જરૂરી ખોરાકનો જથ્થો તો તેઓ મેળવી શક્યા ન હતા, પણ તેમના એક સાથી બેનક્રોફ્ટને પણ તેમણે ગુમાવવો પડ્યો હતો.

“આ ઘટના પરથી આપણે ચોકક્સ તારણ પર આવવું પડશે.” પોતાના સાથીઓને સંબોધતાં કૅપ્ટન બ્લિઘે કહ્યું, “તોફો ટાપુ પર બનેલી ઘટના આપણી સામે ફરી પાછી બનશે. હવે આપણે જે ટોન્ગા-ટાબોઉ ટાપુઓ તરફ જઈ રહ્યા છીએ, તે ટાપુ પર પણ ત્યાંના સ્થાનિક

રહેવાસીઓનો ભેટો આપણને થશે, એવું મારું ચોક્કસપણે માનવું છે. આપણી સંખ્યા ખૂબ ઓછી છે. આપણી પાસે લડવા માટે શસ્ત્રો પણ નથી. આ સ્થિતિમાં ત્યાંના આદિવાસીઓની સામે આપણે લાચાર પુરવાર થઈશું. તેમનું આપણા પ્રત્યેનું વર્તન મૈત્રીપૂર્ણ હોય તેવી આશા મને ઓછી જણાય છે. આપણી પાસેના થોડાં ઘણાં બ્રિટિશ ચલણી નાણાં દ્વારા પણ આપણે એ ટાપુના રહેવાસીઓને આકર્ષી, કંઈ ખરીદી શકીએ તેમ નથી. અન્ય કોઈ સામાન પણ આપણી પાસે નથી, જેને વિનિમય તરીકે ટાપુવાસીઓને આપી, આપણી જરૂરિયાતનો ખોરાક-પાણીનો પુરવઠો આપણે મેળવી શકીએ. તેમની પાસેથી જબરજસ્તી કંઈ છીનવી લેવાનું તો આપણે માટે શક્ય જ નથી. આ સ્થિતિમાં આપણી પાસે ખોરાક અને પાણી માટે ખૂબ સીમિત જથ્થો છે, તેનાથી જ આપણે ચલાવવું પડશે. આપણી જરૂરિયાતોને જ આપણે ઘટાડવી પડશે. રસ્તામાં ઘણા ટાપુઓ આવે છે, પણ એવા અજાણ્યા ટાપુઓ પર ઉતરાણ કરી હું આપણા બધાના જીવને જોખમમાં નાખવા નથી ઇચ્છતો. આપણા સાથી બેનક્રોફ્ટને આપણે હમણાં જ ગુમાવ્યો છે. અત્યારે આપણે સૌથી કઠિન પરિસ્થિતિમાં ફસાયા છીએ અને તેની ગંભીરતાનો સંપૂર્ણ ચિતાર હું તમને આપી દેવા માગું છું. ખોટાં આશ્વાસનો આપી હું તમને ભ્રમિત કરવા નથી ઇચ્છતો. સ્થિતિ સમજી, તમે બધા સહકારથી વર્તો એવી મારી તમને વિનંતી છે. અહીંથી તિમોર પહોંચવું આપણે માટે જરૂરી છે. તે માટે લગભગ બારસો લીગ[૭] જેટલું અંતર આપણે આ જ નૌકામાં કાપવું પડશે. આ લાંબી યાત્રા દરમિયાન આપણે દરેકે દૈનિક એક ઔંસ[૮] જેટલાં જ બિસ્કિટ અને એક ક્વૉર્ટ જેટલાં પાણી વડે ચલાવવું પડશે! આ સફરમાં એકતાથી આગળ વધીશું તો જ આપણે બચી શકીશું. આ સિવાય પણ આખી સફરમાં તમારે મારા હુકમો અને મારાં સૂચનોનો કડકપણે અમલ કરવો પડશે. તો સાથીઓ જણાવો, તમે ગમે તે ભોગે મને સાથ આપવા અને મારા હુકમોનો અમલ કરવા પ્રતિજ્ઞાબદ્ધ છો?! શું આ જોખમમાં પ્રામાણિક રીતે પોતાના સ્વાર્થને નેવે મૂકી આપણી ટુકડીના હિતને ધ્યાનમાં લેવાના સોગંદ લ્યો છો?! કોઈ પણ મુશ્કેલીમાં એકબીજાનો સાથ જ આ હાલાકીમાંથી આપણને બચાવી શકશે…"

"હા… અમે પ્રતિજ્ઞા લઈએ છીએ… તમારા હુકમોનું પાલન કરવાની…" નૌકામાં બેઠેલા બધા જ સાથી નાવિકોએ એકસૂરે સંમતિસૂચક પોકારો કર્યા.

"મિત્રો, આ સ્થિતિમાં આપણે એકબીજાની ભૂલો, ખામીઓ, આંતરિક વેરભાવના, વિખવાદો પણ ભૂલી જવા પડશે. એકબીજા પ્રત્યેનો પ્રેમભર્યો વ્યવહાર જ આપણને આ વિકટ સ્થિતિમાંથી ઉગારી શકશે. આંતરિક કલહથી ઉદ્‌ભવેલા ઘર્ષણથી આપણી શક્તિનો દુર્વ્યય થશે.

વ્યક્તિગત અણબનાવો ત્યજવાની પણ તમે પ્રતિજ્ઞા લો... તો જ આપણે ટકી શકીશું.”

બધા નાવિકોએ કૅપ્ટનની આ વાતમાં પણ સંમતિ પુરાવી.

“જો તમે બધા તમારી પ્રતિજ્ઞા પર અડગ રહેશો તો હું તમારે માટે ગમે તેટલું મોટું જોખમ ખેડવા તૈયાર રહીશ. તમારી સલામતી માટે મારા જીવનું પણ જોખમ લેતા હું નહીં અચકાઉં. તેનું હું તમને વચન આપું છું. મારા સાથીઓ...”

નૌકાને પવનની દિશાનો લાભ મળી રહ્યો હતો. નાવિકોને હલેસાં મારવામાં સરળતા રહેતી હતી. ખુલ્લા સમુદ્રમાં આ નૌકા આમ જ આગળ વધતી રહી.

૪થી મેની સાંજે પણ નાવિકો પોતાની ફરજ બજાવી રહ્યા હતા. દરિયાનાં મોજાં વધુ ને વધુ ઊંચાં ઊછળી રહ્યાં હતાં. નૌકા ઘડીમાં મોજાંની ઊંચાઈ ઉપર તો બીજી પળે બે મોજાં વચ્ચેની ગર્તામાં ઊંડી ઊતરી જતી હતી. વાતાવરણમાં થઈ રહેલા ફેરફારથી દરેક ઘડીએ ભયમાં વધારો થઈ રહ્યો. ઊંચા ઊછળતાં મોજાંઓની છાલકોથી ભીંજાયેલા નાવિકો માટે ઠંડીને કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની. તેમની પાસે અન્ય કોઈ રસ્તો પણ ન હતો. ઠંડીથી રક્ષણ મેળવવા એક ગ્લાસ રમ અને થોડાં અર્ધ પાકેલાં ફળોથી જ તેમણે ચલાવી લીધું.

ત્યાર પછીના થોડા દિવસો સુધી પણ પરિસ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નહીં. સફરમાં આગળ વધી રહેલી નૌકાને વચ્ચે ઘણા નાનકડા ટાપુઓના કિનારા દેખાયા, પણ કૅપ્ટને ત્યાંના સ્થાનિક લોકોના ભયે ટાપુ પર ઉતરાણ કરવાનું ટાળ્યું અને પોતાને માર્ગે આગળ વધતા રહ્યા.

૯મી મેનો દિવસ તેમને માટે વધુ મુશ્કેલીઓ લઈને આવ્યો. સમુદ્રમાં ઊછળતાં ઊંચાં મોજાં અને ભારે વરસાદમાં આગળ વધવું ખૂબ જ મુશ્કેલ બન્યું હતું. કેટલાય દિવસોથી અપૂરતો ખોરાક અને સખત મહેનતને કારણે નાવિકો દુર્બળ બન્યા હતા. અસહ્ય ઠંડી તેમની મુશ્કેલીમાં વધારો કરતી હતી. સતત વરસતા વરસાદને કારણે તેઓ ભીના રહેતા હતા અને ઠંડા પવનો તેમાં સજારૂપ બનતા. ઠંડી સામે રક્ષણ મેળવવા કૅપ્ટને એક યુક્તિ કરી. પોતાનાં કપડાં તેમણે દરિયાનાં ખારા પાણીમાં ભીંજવ્યાં. મીઠાયુક્ત સમુદ્રના પાણીનું તાપમાન બહારના વાતાવરણથી વધુ ગરમ હતું. આમ, આવા મીઠાયુક્ત પાણીના ભેજવાળાં કપડાં વરસાદનાં પાણી અને ઠંડી સામે થોડી રાહત આપતાં હતાં. ભારે વરસાદ, ઠંડા પવનો અને ઊંચાં ઊછળતાં દરિયાનાં મોજાંએ તો કૅપ્ટન અને તેના સાથી નાવિકોની હિંમત તોડી જ નાખી હતી, પણ હજી તેમણે મહામુશ્કેલીનો સામનો કરવાનો તો બાકી જ હતો. જેની સામે આ બધી તકલીફો કંઈ જ ન હતી. એ હતી પાણીની તરસ. અફાટ દરિયાની વચ્ચે પીવાના પાણીનો પુરવઠો ખૂબ જ

સીમિત હતો. તેમને દૈનિક એકાદ લિટર જેટલા પાણી પર જ ચલાવવું પડતું, તેથી તેમના શરીરમાં પાણીનું પ્રમાણ સતત ઘટતું રહેતું હતું.

૧૭મી મેનો દિવસ ઊગ્યો. નાવિકોની તકલીફમાં કોઈ ઘટાડો થયો ન હતો. કાતિલ પવનો અને વારંવાર આવતો વરસાદ, ભૂખ, તરસ સામે તેઓ સતત ઝઝૂમી રહ્યા હતા.

"હવે અમારામાં આગળ વધવાની જરા પણ શક્તિ નથી." શારીરિક અને માનસિક બંને રીતે ત્રસ્ત એક નાવિકે આજીજી કરતાં કહ્યું, "અમે વરસતા વરસાદ અને ઊછળતાં મોજાંઓ વચ્ચે સતત કામ કરીને થાકી ગયા છીએ. અમે એક ઘડી જેટલો પણ આરામ કર્યો નથી! ભૂખ અને તરસના માર્યા અમારી હાલત અડધા મરેલા જેવી થઈ ગઈ છે. અમે આ સ્થિતિમાં હવે કામ નહીં કરી શકીએ... શું અમારો ખોરાક-પાણીનો દૈનિક પુરવઠો તમે વધારી ન શકો? આપણો ખોરાક-પાણીનો પુરવઠો પૂરો થઈ જાય તો પણ શું ફેર પડે છે? આપણે ખોરાક-પાણીનો નવો પુરવઠો ન્યુ હૉલેન્ડમાં[૯] ફરી મેળવી લઈશું...! તે હવે બહુ દૂર નથી જણાતું."

'હું તમારી સાથે બિલકુલ સહમત નથી." કૅપ્ટન બ્લિઘે જણાવ્યું, "એવું મૂર્ખામીભર્યું પગલું હું ક્યારેય નહીં ભરું! હજી આપણે ઑસ્ટ્રેલિયાની પાસે પણ નથી પહોંચ્યા. આપણે હજી અડધી સફર પણ પૂરી નથી કરી અને તમે બધા આમ હિંમત હારી ગયા છો... શું તમને એમ લાગે છે કે તમે ન્યૂ હૉલેન્ડના સંસ્થાનોમાં સરળતાથી ખોરાક-પાણીનો પુરવઠો મેળવી શકશો? શું તમે એ દેશના શાસકો અને તેના સ્થાનિક રહેવાસીઓને નથી જાણતા?! મેં શરૂઆતથી જ ખોરાક-પાણીના પુરવઠાની વહેંચણી તિમોર સુધીની સફરને ધ્યાનમાં રાખીને કરી છે. અવિચારી રીતે ઉપયોગ કરી, તેને હું પૂરો નહીં થવા દઉં. ન્યૂ હૉલેન્ડ સુધી પહોંચતાં પહેલાં જ ખોરાક-પાણીનો પુરવઠો વાપરી નાખવામાં આવે તો હૉલેન્ડમાં તે મેળવવો ફરજિયાત બને. હું ત્યાંના સ્થાનિકો કે શાસકો સાથે સંઘર્ષમાં ઊતરવા નથી ઇચ્છતો. વગર શસ્ત્રોએ તેમની સાથે યુદ્ધમાં ઊતરવું આપણે માટે મોતને આમંત્રણ આપવા સમાન રહેશે. એ માટે ખોરાક-પાણીનો કરકસર પૂર્ણ ઉપયોગ જરૂરી છે."

ન્યૂ હૉલેન્ડના શાસકો અને ત્યાંના સ્થાનિકોના, ભૂતકાળમાં કૅપ્ટન બ્લિઘને થયેલા દુ:ખદ અનુભવો વર્ણવી તેણે નાવિકોને માહિતગાર કર્યા. જે કૅપ્ટન કૂક સાથેની કૅપ્ટન બ્લિઘે ખેડેલી સફર દરમિયાન તેને થયા હતા. આ સમયે બધા નાવિકો કૅપ્ટનને શાંતચિત્તે સાંભળી રહ્યા. કોઈએ તેનો વિરોધ ન કર્યો. કૅપ્ટનના અંતિમ નિર્ણયને શિરોમાન્ય રાખ્યો.

થોડા વધુ દિવસો સુધી નૌકા સમુદ્રમાં આગળ વધતી રહી. વરસાદ બંધ થયો હતો. સૂર્ય તપી રહ્યો હતો. ભીનાં કપડાંના ત્રાસમાંથી બધાંને મુક્તિ મળી હતી. દરિયો પણ શાંત હતો. ૨૭મી મેને દિવસે પરવાળાના

નાના ટાપુઓની હારમાળા પસાર કરી તેઓ આગળ વધ્યા. જે ન્યૂ હૉલેન્ડ ટાપુઓની પૂર્વીય સીમા જેવા હતા. સુંદર અને સ્વચ્છ દરિયાનું પાણી અને પરવાળાંના ટાપુઓના સૌંદર્યથી નાવિકોએ નવી તાજગી અનુભવી. શાંત દરિયામાં વધુ આગળ વધતાં લીલી વનસ્પતિથી છવાયેલા કેટલાય ટાપુઓની વણઝાર તેમની નજરે પડી.

લાંબા સમય બાદ લીલાછમ ટાપુઓને જોઈ તેમની આંખોને ઠંડક મળી. ટાપુઓ પર ઊતરવાના મોહમાંથી તેઓ છૂટી ન શક્યા. નૌકાને તેમણે એક ટાપુને કાંઠે લાંગરી. સાવચેતીપૂર્વક ટાપુ પર ઊતરી આગળ વધ્યા. સદ્‌નસીબે ટાપુ પરના સ્થાનિક રહેવાસીઓ સાથે તેમનો ભેટો ન થયો, પણ ઠેરઠેર બુઝાયેલા તાપણાની નિશાનીઓ ત્યાંના સ્થાનિકોની, આ ટાપુ પરની હાજરીની ચાડી ખાતી હતી, તેથી બધાંને સાવચેતી રાખવાનું કૅપ્ટને સૂચન કર્યું. રાત થવા આવી હતી. ટાપુની વધુ અંદર તરફ જવાનું તેમને જોખમી લાગ્યું. રાત કાંઠા પર વિતાવવાનું તેમણે નક્કી કર્યું. કાંઠે છીપલાંઓના મોટા ઢગલાને એક નાવિકે શોધી કાઢ્યો. ઘણા દિવસો બાદ તેમને માટે આ ઉજાણીની રાત હતી. પોચી છીપોને તેમણે કાચી જ ખાઈ, પેટ ભરી મજા માણી.

બીજા દિવસે સવારે કૅપ્ટને નૌકામાંથી બિલોરી કાચ અને અગ્નિ પેટાવવા માટેની પેટી (જેમાં ચકમક પથ્થર અને લોખંડના ટુકડા હતા જેને ઘસી આગ પ્રગટાવવામાં આવતી) શોધી કાઢી. જેથી શિકાર કરેલા પક્ષી કે પ્રાણીઓ અથવા દરિયાઈ માછલીને રાંધવા માટે આગ પેટાવવામાં તેમને સફળતા મળી.

કૅપ્ટન બ્લિઘે તેના નાવિકોને ત્રણ ટુકડીમાં વહેંચી દીધા. તેમાંની એક ટુકડીએ કાંઠા પર જ રોકાઈ નૌકાનું ધ્યાન રાખવાનું હતું. જ્યારે બીજી બે ટુકડીઓને ટાપુના અંતરિયાળ ભાગો તરફ ખોરાકની શોધમાં મોકલવાનું નક્કી થયું. કૅપ્ટને પ્રથમ ટુકડી સાથે કાંઠા પર રહેવાનું જ નક્કી કર્યું. ખોરાકની શોધમાં ટાપુના અંદરના ભાગમાં જવા માટે કેટલાક નાવિકોએ વિરોધ નોંધાવ્યો.

તેમાંનો એક નાવિક વધુ ગુસ્સે ભરાયો હતો. તે હિંમતભેર કૅપ્ટન સામે જઈ વિરોધ કરતાં બોલ્યો, "અમારા જીવની કિંમત પણ તમારા જીવ જેટલી જ છે. હંમેશાં હું જોઉં છું કે સુવિધા સભર, સરળ અને ઓછી જોખમી કામગીરી તમે તમારે પોતાને ભાગે રાખો છો. જો તમને ભૂખ લાગી હોય તો, તમે પોતે ટાપુના અંદરના ભાગમાં શિકાર કરવા જાઓ...! તમે જે કામ અમને સોંપી રહ્યા છો, તે તમે પણ કરી શકો છો!"

કૅપ્ટનને આ બળવાખોર પર ખૂબ ગુસ્સો આવ્યો. આ અવાજને અહીં જ દબાવી દેવો આવશ્યક હતો, નહીં તો બીજા નાવિકો પણ તેની વિરુદ્ધમાં થતાં તેની કૅપ્ટન તરીકે સર્વોપરિતા માટે જોખમરૂપ બને તેમ હતું.

તેણે આ બળવાખોર અવાજને દબાવી દેવા પોતાની પાસેની નાનકડી તલવાર કાઢી. બીજી તલવાર તેણે વિદ્રોહી તરફ ફેંકી અને ગુસ્સામાં બોલ્યો:

"તારો બચાવ કર...! હું તને કૂતરાને મોત મારી નાખીશ..."

કૅપ્ટનના આવા આક્રમક વલણથી બળવાખોર નાવિક ઠંડો પડી ગયો. કૅપ્ટન પ્રત્યે અસંતોષ ધરાવતા અન્ય નાવિકોની પણ તેની સામે વધુ બોલવાની હિંમત ન થઈ.

કૅપ્ટન સામે તલવાર ઉઠાવવાની હિંમત ન કરી શકનારા નાવિકને, કૅપ્ટને તેને સોંપાયેલી ફરજ પર લાગી જવા કહ્યું. નાવિકોના અવાજને, કૅપ્ટન બ્લિઘ કોઈ પણ ભોગે દબાવી દેવા માગતો હતો. બંને ટુકડી પોતાને સોંપાયેલી ફરજ પર જતી રહી.

આ સમય દરમિયાન કાંઠે રોકાનાર ટુકડીએ કાંઠે ખેંચાઈ આવતા દરિયાઈ જીવોનો ઢગલો એકઠો કરી લીધો. પીવાના પાણીના પુરવઠાને પણ શોધી, તેમની પાસે રહેલાં પીપડાં ભરી લીધાં.

શિકાર માટે ગયેલી બંને ટુકડીમાંથી એક ટુકડી પાછી ફરી. તેઓ માત્ર છ જેટલાં દરિયાઈ પક્ષીઓનો શિકાર કરી શક્યા હતા. જ્યારે બીજી ટુકડી ખાલી હાથે પાછી ફરી હતી. તેમને હાથ એકેય પક્ષી, પ્રાણી કે ટાપુ પર થતા કાચબા હાથ લાગ્યા ન હતા. તેમણે બંદૂક ન હોવાનું બહાનું બનાવ્યું હતું, પણ પાછળથી ટુકડીના એક સભ્યએ કબૂલ્યું હતું કે તેમને નવ જેટલાં પક્ષીઓનો શિકાર કરવામાં સફળતા મળી હતી, પણ તેઓ તેમને ત્યાં કાચાં જ આરોગી ગયા હતા.

ન્યૂ હૉલેન્ડના આ ટાપુને કાંઠે કૅપ્ટન અને તેના સાથીઓને ખોરાક-પાણીનો પુરવઠો પ્રાપ્ત ન થયો હોત તો તેમની સ્થિતિ ખૂબ જ દયનીય બની હોત. એકાદ મહિનાની ભૂખ અને તરસ તેમ જ દરરોજના સખત પરિશ્રમને લીધે તેઓનાં શરીર હાડપિંજર જેવાં બની ગયાં હતાં. આ ટાપુ પરના રોકાણને લીધે તેમને પોતાની ગુમાવેલી શક્તિ પાછી મળી. સૌને બચવાની નવી આશા બંધાઈ.

હવે પછીની તિમોર સુધીની યાત્રા તેમને માટે સરળ બનવાની હતી. આ વિસ્તારના દરિયાથી તેઓ પરિચિત પણ હતા. કૅપ્ટન બ્લિઘ અગાઉ પણ કૅપ્ટન કૂક સાથે આ વિસ્તારમાં ફરી ચૂક્યો હતો. તેમની પાસે ખોરાક-પાણીનો પુરવઠો પણ પૂરતા પ્રમાણમાં હતો. ટાપુ પરના ઉતરાણ સમયે મળેલા આરામને કારણે મોટા ભાગના નાવિકો પણ થાકથી મુક્ત બની સ્વસ્થ થયા હતા, પણ ન્યૂ હૉલેન્ડ સુધીની તેમની સફર ખરેખર જીવનના અસ્તિત્વના સંઘર્ષની કસોટીરૂપ હતી. તેમણે વેઠેલી તકલીફો દર્દનાક અને કદી ન ભુલાય એવી હતી. નાવિકોની માનસિક સ્વસ્થતા જાળવી રાખવા

કૅપ્ટન બ્લિઘે પણ બનતા તમામ પ્રયત્નો કર્યા હતા. તેની આગેવાની જ તેમને અહીં સુધી જીવતા લાવી શકી હતી. થોડા દિવસના આરામમાં સ્વસ્થ થઈ આ ટાપુ પરથી તેમણે વિદાય લીધી. તેમની દિશા તિમોર તરફની હતી.

૧૨મી જૂનની સવારે તિમોરનો કાંઠો દેખાયો. નાવિકો ખુશીથી ઝૂમી ઊઠ્યા. ત્રણ હજાર છસ્સો માઈલ લાંબી, અનેક કષ્ટોથી ભરેલી સફર ખેડી તેઓ અહીં આવી પહોંચ્યા હતા.

કુપાન્ગના કાંઠે અંગ્રેજ ટુકડીને આશ્વાસન સાથે આવકારવામાં આવી. કૅપ્ટન અને તેના સાથીઓએ વેઠેલી યાતનાઓના દુ:ખદ વર્ણનથી ત્યાંના દરેકને તેઓ પ્રત્યે સહાનુભૂતિ જન્મી. તેમણે બે મહિના ત્યાં જ રોકાણ કર્યું. બે મહિનાના આરામ બાદ બધાએ પોતાની તંદુરસ્તી પાછી મેળવી. કૅપ્ટન બ્લિઘે અહીં એક નાનકડું જહાજ ખરીદ્યું અને નજીક આવેલા બાટાવિયાની પણ મુલાકાત લીધી. ત્યાંથી જ તેઓ ઇંગ્લૅન્ડ જવા માટે જહાજ પર ચઢ્યા.

૧૪મી માર્ચ ૧૭૯૦ના દિવસે બાઉન્ટીના નિર્વાસિત નાવિકો પોતાને વતન પહોંચ્યા. તેમણે ભોગવેલી માનસિક અને શારીરિક યાતના બદલ સમગ્ર દેશમાંથી સહાનુભૂતિ દાખવવામાં આવી. આખા દેશમાં બાઉન્ટીના બળવાખોરો પ્રત્યે રોષ ભરાયો હતો. બ્રિટિશ નૌકાદળે ચોવીસ તોપો ધરાવતી ફ્રિગેટ પેન્ડોરાને એકસો ને સાઠ નાવિકો સાથે બાઉન્ટીના બળવાખોરોની તપાસ માટે રવાના કરી.

બીજી બાજુ બાઉન્ટી અને તેના બળવાખોર નાવિકોનું શું થયું તે જોઈએ.

---

[૫] **ગૅલન:** ૧ ગૅલન = ૩.૭૮૫ લિટર.

[૬] **ફેધમ:** ૧ ફેધમ = છ ફૂટનું માપ.

[૭] **લીગ:** ૧ લીગ = ૫.૫૫ કિ.મી.

[૮] **ઔંસ:** ૧ ઔંસ = ૨૮.૩૪ ગ્રામ

[૯] **ન્યુ હૉલેન્ડ:** ત્યારે પૂર્વ ઑસ્ટ્રેલિયાના કેટલાક ટાપુઓ ન્યુ હૉલેન્ડ તરીકે ઓળખાતા હતા. તેના પર હૉલેન્ડનું શાસન હતું.

# પિટકર્ન ટાપુના વસાહતીઓ

કૅપ્ટન બ્લિઘ અને તેના સાથીઓને ખુલ્લા સમુદ્રમાં રઝળતા મૂક્યા બાદ બાઉન્ટીએ પોતાનો મોરો તાહિતી તરફ ફેરવ્યો. તે દિવસે જ બાઉન્ટી તૌબાઈ ટાપુ પર પહોંચી ગયું. ચારે બાજુ પરવાળાઓથી ઘેરાયેલા આ નાનકડા સુંદર ટાપુ ઉપર લાંગરવાનું ક્રિશ્ચિયને નક્કી કર્યું, પણ ટાપુની નજીક પહોંચતાં જ ત્યાંના સ્થાનિક આદિવાસીઓ દેખાયા. તેઓ અજાણ્યા આગંતુકો પ્રત્યે આક્રમક જણાતા હતા. ટાપુ પર ઊતરવું સલામતીભર્યું ન જણાતાં બાઉન્ટીએ ત્યાંનું રોકાણ મોકૂફ રાખી તાહિતી તરફ આગળ વધવું પડ્યું.

થોડા દિવસ બાઉન્ટી ખુલ્લા દરિયામાં હંકારતું રહ્યું. છઠ્ઠી જૂન ૧૭૮૯ના દિવસે બાઉન્ટીના લંગરને માતાવાઈની ખાડીમાં ફરી એક વાર ઉતારવામાં આવ્યું. તાહિતીના સ્થાનિકોએ બાઉન્ટીને ખુશીથી આવકાર્યું. આ ટાપુ પરની આગલી મુલાકાત વખતે બાઉન્ટીના નાવિકો અને સ્થાનિકો વચ્ચે સુમેળભર્યા સંબંધો બંધાયા હતા. કૅપ્ટન કૂકની સફર વખતે પણ તેમણે અહીં ઉતરાણ કર્યું હતું. તેને અહીંના રહેવાસીઓ સારી રીતે જાણતા હતા અને તેનું નામ તેમને જણાવતાં તેમણે બાઉન્ટીના નાવિકો સાથે પણ મૈત્રીપૂર્ણ વ્યવહાર કર્યો.

૨૯મી જૂનના દિવસે બળવાખોરોએ બાઉન્ટીને તૌબાઈ ટાપુની દિશામાં ઉપાડ્યું. તેમનો હેતુ અન્ય જહાજોના સામાન્ય પ્રવાસમાર્ગથી દૂર, કોઈ એકલવાયા ટાપુની શોધનો હતો. જેની જમીન ખેતી માટે પૂરતી ફળદ્રુપ હોય અને તેમાં ખેતી કરી પોતાના ખોરાકની જરૂરિયાતને પૂરી કરી શકાય. સાથે સાથે તેમને બ્રિટિશ નૌકાદળનો પણ ભય હતો. જેથી દૂરના આવા ટાપુ પર તેઓ સલામતીપૂર્વક રહી શકે તેમ હતું.

તેઓ રસ્તામાં આવતા કેટલાય ટાપુઓ પર રખડતા રહ્યા. ત્યાં વસી શકાય તે માટે દરેક પ્રકારની ન્યૂનતમ જરૂરિયાતોને સંતોષવામાં તે ટાપુઓ ઉપયોગી બની શકે તેમ હતા કે નહીં તેની ચકાસણીનો જ તેમનો મુખ્ય હેતુ હતો. દરિયામાં ઘણી રખડપટ્ટી બાદ તેમને કોઈ પણ ટાપુ યોગ્ય ન જણાતાં તેઓ ફરી તાહિતી તરફ આકર્ષાયા. ત્યાંના સ્થાનિકોનો વ્યવહાર પણ મૈત્રીપૂર્ણ હતો. તેઓ ફરી તાહિતી પર પાછા ફર્યા. બે તૃતીયાંશ જેટલા નાવિકો આ ટાપુ પર ઊતરી અંદર તરફ ગયા, પણ તે સાંજે બાઉન્ટીએ પોતાનું લંગર ઉપાડ્યું અને દરિયામાં અદૃશ્ય બની ગયું. ક્રિશ્ચિયન તેના મોટા ભાગના સાથીઓને લીધા વિના જ ત્યાંથી નીકળી પડ્યો હતો.

બાઉન્ટી દ્વારા તેના નાવિકોને આ રીતે ત્યજી દેવાયા બાદ, નાવિકો પાસે અન્ય કોઈ રસ્તો બચ્યો ન હતો. તેઓ ટાપુના જુદા જુદા ભાગોમાં વસી ગયા. જ્યૉર્જ સ્ટુવર્ટ અને પિટર હેયવૂડ નામના બે અધિકારીઓ જેમણે કૅપ્ટન બ્લિઘ સામેના બળવામાં ભાગ લીધો ન હોવા છતાં તેમની ઇચ્છા વિરુદ્ધ ક્રિશ્ચિયને તેમને જહાજ પર રાખ્યા હતા. તેઓ માતાવાઈની ખાડી પાસેના સ્થાનિક કબિલામાં જ વસી ગયા. સ્ટુવર્ટ કબિલાના રાજા ટિપ્પાઓની બહેન સાથે જ પરણી ગયો. મોરીસન, પેનો નામના કબિલાના સરદાર સાથે રહી ગયો. તેનો મનમેળ તેની સાથે વધુ હતો. જ્યારે અન્ય નાવિકો ટાપુના વધુ અંદરના ભાગોમાં જઈ વસ્યા હતા. લગભગ બધાએ ત્યાંની સ્થાનિક સ્ત્રીઓ સાથે લગ્ન કરી ત્યાં જ નવજીવનની શરૂઆત કરી.

ચર્ચિલ અને થોમસન નામનો ગાંડો નાવિક આ ટાપુ પર આવી બેકાબૂ બની ગયા હતા. તેઓ ટાપુવાસીઓ સાથે સતત ઝઘડતા રહેતા. ચર્ચિલનું સ્થાનિકો સાથેના સંઘર્ષમાં જ મૃત્યુ થયું. થોમસનને પણ સ્થાનિકોએ પથ્થરો મારીને મારી નાખ્યો.

બળવામાં મુખ્ય ભાગ ભજવનાર બંને નાવિકોને સ્થાનિકોએ બેરહેમીથી મારી નાખ્યા છતાં તેમનું વર્તન અન્ય નાવિકો પ્રત્યે સુમેળભર્યું જ રહ્યું. નાવિકો પણ તેમની સાથે હળીમળી ગયા હતા.

મોરીસન અને અન્ય નાવિકોને હંમેશાં બ્રિટિશ નૌકાદળના હાથે ઝડપાઈ જવાનો અને બળવાની સજાનો ભય સતાવતો હતો. બ્રિટિશ નૌકાદળના જાણીતા આ ટાપુ પર લાંબો સમય છુપાઈને રહી શકાય તેમ ન હતું, તેથી તેમણે એક નાનકડું જહાજ બાંધવાનું નક્કી કર્યું. જેમાં તેઓ બાટાવિયા ટાપુ સુધીની સફર ખેડી ત્યાં જઈ વસી શકે તેમ હતું. ત્યાંની સંસ્કૃત પ્રજામાં સરળતાથી હળીમળી જઈ બ્રિટિશ નૌકાદળથી છુપાઈને તેઓ રહી શકે તેમ હતું. તેના અન્ય આઠ સાથીઓ સાથે થોડા ઘણા સુથારીકામનાં સાધનો વડે, નાનકડા જહાજનું તેમણે બાંધકામ શરૂ કર્યું. ટાપુના પાછળના ભાગમાં આવેલી વિનસ પૉઈન્ટની ખાડીમાં આ કામ તેમણે છૂપી રીતે શરૂ કર્યું.

આ સમય દરમિયાન આ બધાથી અજાણ સ્ટુવર્ટ આખો દિવસ બગીચાના સંવર્ધન અને ખેતીના કામમાં મશગૂલ રહેતો. જ્યારે તેનો સાથી પિટર હેયવૂડ ત્યાંની સ્થાનિક ભાષાના શબ્દોનો શબ્દકોશ તૈયાર કરવામાં વિતાવતો. જે ભવિષ્યમાં અહીં આવનારા ખ્રિસ્તી ધર્મપ્રચારકોને ખૂબ મદદરૂપ પુરવાર થવાનો હતો.

દોઢ વર્ષ કરતાં વધુ સમય આમ જ પસાર થઈ ગયો. ૨૩મી માર્ચ, ૧૭૯૧ના દિવસે માતાવાઈ ખાડીમાં એક જહાજ લાંગર્યું. એ બ્રિટિશ નૌકાદળનું પેન્ડોરા હતું. બાઉન્ટીના બળવાખોરોને શોધવા બ્રિટિશ નૌકાદળે તેને મોકલ્યું હતું.

હેયવૂડ અને સ્ટુવર્ટને તેની જાણ થતાં તેઓ ઝડપથી જહાજના તૂતક પર પહોંચી ગયા. તેમણે જહાજના કૅપ્ટનને તેઓનાં નામ અને બાઉન્ટી જહાજમાં તેમના હોદ્દાની જાણ કરી. તેમણે બળવામાં ભાગ નહીં લીધો હોવાનું પણ કૅપ્ટનને જણાવ્યું, પણ પેન્ડોરાના નાવિકોને તેમના પર ભરોસો ન હતો. તેમણે બંનેને બંદી બનાવી કેદ કર્યા. ટાપુ પર તેમણે અન્ય નાવિકોની પણ શોધ ચલાવી. તેમના હાથે પકડાયેલા નાવિકોના કોઈ પણ ખુલાસા સાંભળ્યા વિના સૌને કેદ કરવામાં આવ્યા. ત્યાંની સ્થાનિક ભાષાના જાણકાર નાવિકો મારફતે ત્યાંના સ્થાનિકોને આ કેદીઓ ગુનેગાર હોવાનું જણાવ્યું. પકડાયેલા બધા બળવાખોર નાવિકોને જહાજના તૂતકના પાછળના ભાગ તરફ ૧૧ ફૂટ લાંબા કેદખાનામાં પૂરવામાં આવ્યા. કેદીઓએ આ પિંજરાને ખ્રિસ્તી ધર્મકથામાં આવતા પેન્ડોરા બૉક્સની ઉપાધિ આપી. લાંબા રોકાણ છતાં પેન્ડોરાના નાવિકોને આ ટાપુ પર છુપાયેલા બધા બળવાખોરોનો પત્તો મેળવવામાં સફળતા ન મળી.

આખરે ૧૯મી મેના દિવસે પેન્ડોરાએ તાહિતીના બારામાંથી લંગર ઉપાડ્યું. ત્યાર બાદ ત્રણ મહિના સુધી તેણે ત્યાંના ટાપુઓ પર બાઉન્ટીના બળવાના મુખ્ય સૂત્રધાર ક્રિશ્ચિયન ફ્લેચર અને તેના અન્ય સાથીઓની શોધ ચલાવી, પણ કંઈ નક્કર પરિણામ આવ્યું નહીં. એક ટાપુ પરથી જાણકારી મળી કે બાઉન્ટી છેલ્લે ચેધામ ટાપુ પાસે દેખાયું હતું. ત્યાર બાદ તેનો કોઈ પત્તો નથી. તેમ છતાં પેન્ડોરા બાઉન્ટીની શોધમાં ઘણા દિવસો સમુદ્રમાં ભમતું રહ્યું, પણ બાઉન્ટી કે તેના બાકી નાવિકોને શોધવામાં તેને સફળતા મળી નહીં.

પેન્ડોરા પકડાયેલા કેદીઓ સાથે પરત ફર્યું. વળતી સફર દરમિયાન ટોરેસની ખાડીના પરવાળાના ટાપુઓ પાસે તેને ગંભીર અકસ્માત નડ્યો. તેના એકત્રીસ નાવિકો અને ચાર બળવાખોરો આ અકસ્માતમાં મૃત્યુ પામ્યા.

કેદીઓ અને જહાજના અન્ય નાવિકો બચાવનૌકામાં મહામુશ્કેલીએ નજીકના ટાપુ સુધી પહોંચી શક્યા. તેમની પાસે રહેલા મર્યાદિત સામાનમાંથી તંબૂ બાંધી તેમાં જહાજના ઉચ્ચાધિકારીઓ અને નાવિકો રહેવા લાગ્યા, પણ બળવાખોરોને તો ખુલ્લામાં જ રહેવું પડતું. સૂર્યનો તાપ તેમને માટે અસહ્ય બનતો હતો. તેઓ ગરમી સામે રક્ષણ મેળવવા ગળાથી પગ સુધી માટીમાં લથબથ થઈ જતાં જેથી તેમને સૂર્યની સીધી ગરમીથી રક્ષણ મળી રહે.

ભેંકાર ટાપુ પર થોડા દિવસ રોકાણ કર્યા બાદ બધા પેન્ડોરાની બચાવનૌકામાં તિમોર પહોંચ્યા. આ સફર દરમિયાન બળવાખોરો પર સતત નજર રાખવામાં આવતી કે જેથી કોઈ છટકી ન જાય. બળવાખોરો પર રાખવામાં આવતી સખત નજરને કારણે તેઓ ભયના ઓથાર તળે જીવતા હતા. તેમને થનારી ભાવિ સજાનો ખ્યાલ હતો. એમાંથી બચવા તેઓ ગમે

તે ભોગે ભાગી છૂટવા ઇચ્છતા હતા, પણ તેમાં તેમને સફળતા હાથ લાગતી ન હતી.

જૂન ૧૭૯૨માં પેન્ડોરાની સમગ્ર ટુકડી બાઉન્ટીના બળવાખોર નાવિકોને લઈ ઇંગ્લૅન્ડ પહોંચી. જ્યાં બળવાખોરો ઉપર લશ્કરી કાયદાઓ અંતર્ગત ખટલો ચલાવવામાં આવ્યો. ઍડમિરલ હૂડ દ્વારા ચલાવાયેલો આ ખટલો છ દિવસ ચાલ્યો. કાર્યવાહીના અંતે છ નાવિકોને જહાજ પર બળવો કરવા અને તેમને સોંપાયેલી ફરજ નહીં નિભાવવાના ગુના બદલ દેહાંતદંડની સજા કરવામાં આવી. છમાંથી ચાર નાવિકોને એક યુદ્ધજહાજના તૂતક પર જ ફાંસીની સજાનો અમલ કરવામાં આવ્યો, જ્યારે અન્ય બે આરોપીઓ સ્ટુવર્ટ અને પિટર હેયવૂડની માફીની અરજી માન્ય કરવામાં આવી. કૅપ્ટન બ્લિઘે પણ તેમનો બળવામાં સક્રિય ભાગ નહીં શોધવાની જુબાનીની તરફેણ કરી. તેમને સજામાંથી મુક્તિ આપવામાં આવી.

૧૮૧૪નું વર્ષ હતું. બાઉન્ટીના બળવાની ઘટનાને પચ્ચીસ વર્ષ વીતી ગયાં હતાં. કૅપ્ટન સ્ટેઇન્સની આગેવાનીમાં બે બ્રિટિશ યુદ્ધજહાજો વિશાળ દરિયામાં ભટકી રહ્યાં હતાં. તેમણે જોયું કે તેઓ કેટલાક ભયાનક લાગી રહેલા અજાણ્યા ટાપુસમૂહોની દક્ષિણે હતા. ટાપુના પર્વતો સક્રિય જ્વાળામુખી જેવા જણાતા હતા. કૅપ્ટને નકશા ચકાસતાં માલૂમ પડ્યું કે આ ટાપુઓ કાર્ટરેટે વિશ્વની ફરતે પરિક્રમા કરતા શોધ્યા હતા. તેણે તેને પિટકર્ન ટાપુ એવું નામ પણ આપ્યું હતું. તેમણે તે પિટકર્ન ટાપુ હોવાનું જ માની લીધું. ટાપુનો કાંઠો ક્યાંય દેખાતો ન હતો. નાનકડા ટાપુ પર ચારે બાજુ ગીચ હરિયાળી પથરાયેલી હતી.

આ ટાપુની અગાઉ કોઈએ મુલાકાત લીધાની કોઈ સત્તાવાર માહિતી ન હતી. ટાપુ તાહિતીથી ૧૨૦૦ માઈલના અંતરે આવેલો હતો. ૨૫.૪ દક્ષિણ અક્ષાંશવૃત્ત અને ૧૩૦.૮ પશ્ચિમ રેખાંશવૃત્ત પર આવેલો આ ટાપુ માત્ર સાડા ચાર ચોરસ કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતો હતો. ટાપુની મહત્તમ પહોળાઈ માંડ દોઢ કિ.મી. જેટલી જ હતી. કાર્ટરેટે આ ટાપુની શોધ વખતે શું માહિતી એકઠી કરી હતી તેની કોઈને જાણ ન હતી.

કૅપ્ટન સ્ટેઈન્સે આ ટાપુની મુલાકાત લેવાનું અને શક્ય તેટલી વધુ માહિતી એકઠી કરી બ્રિટિશ નૌકાદળને આપવાનું નક્કી કર્યું.

કાંઠા તરફ આગળ વધતા જહાજના નાવિકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. કાંઠા પર થોડી ઝૂંપડીઓ હતી. આજુબાજુમાં વિવિધ ફળોની ખેતી પણ થયેલી જોઈ શકાતી હતી. આમ, આ ટાપુ પર માનવવસાહતો હતી. બે સ્થાનિકો કાંઠા પરથી નૌકા ઉતારી જહાજો તરફ આવતા જણાયા, પણ તેમના આશ્ચર્યની સીમા ન રહી કે જ્યારે બંને સ્થાનિકો દ્વારા સ્પષ્ટ અંગ્રેજીમાં તેમને સંબોધતા શબ્દો કાને પડ્યા.

"હેલો...આ તરફ જુઓ... તમે દોરડું ફેંકશો?! જેથી અમે જહાજ પર આવી શકીએ!"

નાવિકોએ દોરડું ઉતાર્યું. તેઓ તૂતક પર આવ્યા. મજબૂત બાંધાના બંને યુવાનોને જોઈ અંગ્રેજ નાવિકો ચોંકી ગયા. નાવિકોએ કૅપ્ટન સાથે મુલાકાત થાય તે પહેલાં જ પ્રશ્નોનો મારો ચલાવ્યો.

"તમે કોણ છો?!"

"મારું નામ થર્ઝડે ઑક્ટોબર ક્રિશ્ચિયન છે...! અને આ મારા સાથી નેડ યંગ."

આ નામ જાણી કૅપ્ટન સ્ટેઇન્સ કંઈ પણ સમજી શકે તેમ ન હતું. બાઉન્ટીના બળવાખોરો અંગેનો તેમને વિચાર સુધ્ધાં આવે તેમ ન હતું.

"તમે અહીં કેટલા સમયથી વસો છો?"

"અમે અહીં જ જન્મ્યા છીએ!"

"તમારી ઉંમર કેટલી છે?"

"હું પાંચ અને વીસનો છું..! અને યંગ અઢાર વર્ષનો છે."

"તમારાં માતાપિતા, કોઈ જહાજની દુર્ઘટના બાદ ક્યારે અહીં સહીસલામત પહોંચ્યાં હતાં તેનો તમને કંઈ ખ્યાલ છે?"

ક્રિશ્ચિયન ફ્લેચરના પુત્રએ કૅપ્ટન સ્ટેઇન્સને આખી ઘટનાનું વિવરણ કરતાં જણાવ્યું.

બાઉન્ટી જહાજે તાહિતી ટાપુ પર તેના એકવીસ જેટલા નાવિકોને છોડી દીધા બાદ ક્રિશ્ચિયન ફ્લેચરે કાર્ટરેટની સફરને ધ્યાનમાં રાખી બાઉન્ટીને પિટકર્ન ટાપુ તરફ ઉપાડ્યું હતું. તેને અહીંની જમીન પણ ખેતી માટે ફળદ્રુપ જણાઈ હતી. બાઉન્ટી અહીં આવ્યું ત્યારે તેની ઉપરની સભ્યસંખ્યા અઠ્યાવીસતેની જેટલી હતી. તેમાં ક્રિશ્ચિયન ફ્લેચર પોતે, તેનો સાથી યંગ અને અન્ય સાત જેટલા બાઉન્ટીના નાવિકો હતા. એ સિવાય છ તાહિતીવાસીઓને પણ તાહિતીથી નીકળતા તેણે સાથે લીધા હતા. તેમાંથી ત્રણ સાથે તેમની પત્નીઓ હતી અને એક દસ માસનું નાનકડું બાળક પણ હતું. તેમાં ત્રણ અન્ય પુરુષો અને છ જેટલી સ્ત્રીઓનો સમાવેશ, રૌબાઈ ટાપુ પરના સ્થાનિક રહેવાસીઓમાંથી કર્યો હતો.

આ ટાપુ પર આવ્યા બાદ ક્રિશ્ચિયન અને તેના સાથીઓએ પહેલું પગલું બાઉન્ટી જહાજના વિધ્વંસનું કર્યું હતું. તેના કાટમાળને પણ એવી રીતે છુપાવી દીધો હતો કે તેને શોધી ન શકાય. બાઉન્ટીના નાશથી તેઓ સદાને માટે આ ટાપુ પર કેદ બનવાના હતા, પણ તેમની સલામતી માટે તે

જરૂરી પણ હતું. બ્રિટિશ નૌકાદળ તેમની શોધ આ વિસ્તારમાં ચલાવશે તેવો તેમને ભય હતો.

આ ટાપુ પર તેમની નાનકડી દુનિયા વસાવવાનું એટલું સરળ ન હતું. તેમના વચ્ચેની આત્મીયતા જળવાઈ રહે તેવું એક પણ તત્ત્વ હાજર ન હતું. તેમની વચ્ચે જહાજ પર થયેલા બળવામાં એકબીજાને સાથ આપવા સિવાય કોઈ સંબંધ ન હતો. તેમની વચ્ચે વારંવાર ઝઘડા થયા કરતા. તાહિતીવાસીઓ અને નાવિકોને તો જરા પણ મનમેળ થતો ન હતો. ઘણી વાર તેમના ઝઘડા હિંસકરૂપ પણ લઈ લેતા. ૧૭૯૪ના વર્ષ સુધીમાં તો નવમાંથી માત્ર ચાર જેટલા બાઉન્ટીના મૂળ નાવિકો જીવિત બચ્યા હતા. ક્રિશ્ચિયન પણ એક તાહિતીવાસી સાથે થયેલ ઝઘડામાં મૃત્યુ પામ્યો હતો. તાહિતીવાસીઓ ખૂબ જ હિંસક સ્વભાવના હતા.

એક અંગ્રેજ નાવિકે ટાપુ પર થતા એક છોડના મૂળિયાંમાંથી દારૂ બનાવવાનું શોધી કાઢ્યું હતું. તે આગળ જતાં નશાનો બંધાણી બની ગયો. આખો દિવસ તે ઘેનમાં રહેતો. તેણે ટાપુની એક ઊંચી કરાડ પરથી કૂદીને આત્મહત્યા કરી હતી.

અન્ય એક નાવિકે પણ આવી નશાની હાલતમાં જ યંગ ઉપર હુમલો કર્યો હતો. યંગનું રક્ષણ કરવા જતાં જ્હૉન ઍડમ્સ નામના નાવિકે તેને પણ મારી નાખ્યો હતો. ૧૮૦૦ના વર્ષમાં દમના હુમલામાં યંગનું પણ મૃત્યુ થયું હતું.

બાઉન્ટીના બળવાખોરોના આ ટાપુ પર આવીને વસ્યાના માત્ર એક દાયકા બાદ, જ્હૉન ઍડમ્સ નામનો એકમાત્ર બળવાખોર બચવા પામ્યો હતો. તે સિવાય ટાપુ પર થોડા ઘણા તાહિતીવાસી પુરુષો, સ્ત્રીઓ અને વીસેક જેટલાં બાળકો હતાં. મોટા ભાગનાં બાળકોનો જન્મ અહીં આવીને વસ્યા બાદ જહાજના નાવિકો અને તાહિતીની સ્ત્રીઓનાં લગ્નના પરિણામરૂપે થયો હતો. જ્હૉન ઍડમ્સના સ્વભાવમાં મોટું પરિવર્તન આવ્યું હતું. તે માંડ છત્રીસ વર્ષનો હતો, પણ આટલી ઉંમરમાં તેણે અનેક હિંસક ઘટનાઓ અને ખૂનામરકી નિહાળી હતી. માનવસ્વભાવના સૌથી હિંસક સ્વરૂપનાં પરિણામોનો તે સાક્ષી હતો. તેના બધા સાથીઓ આંતરિક કલહમાં મૃત્યુ પામ્યા હતા. આ દુ:ખદ ઘટનાએ તેનું હૃદય પરિવર્તન કરી તેને ધર્મ તરફ વાળ્યો હતો.

બાઉન્ટીના નાનકડા પુસ્તકાલયને આ ટાપુ પર જ સ્થાપિત કરવામાં આવ્યું હતું. જેમાં બાઇબલ ઉપરાંત અનેક પ્રાર્થનાપોથીઓ હતી. જ્હૉન ઍડમ્સ દૈનિક પ્રાર્થનાઓનો પાઠ કરતો. તે ટાપુ પર ઊછરી રહેલી નવી પેઢીને પણ ધર્મના ઉપદેશો આપતો. ટાપુવાસીઓ તેને પિતા તરીકે જ સંબોધતા. પિટકર્નની નાનકડી દુનિયામાં પાદરી તરીકેની, વિવિધ ઝઘડામાં

સર્વોચ્ચ ન્યાયાધીશ તરીકેની તેમ જ રાજા તરીકેની અનેક ભૂમિકા તેણે અદા કરવાની હતી.

જહાજના બળવાખોર તરીકે બ્રિટિશ નૌકાદળ દ્વારા પોતાની ધરપકડ બાબતમાં ઍડમ્સ ચિંતિત રહેતો. એ માટે તેણે ૧૮૧૪ સુધી તકેદારી રાખી હતી. ૧૭૯૫ની સાલમાં એક જહાજ પિટકર્ન ટાપુ પર લાંગર્યું હતું ત્યારે ટાપુ પર બચેલા ચાર બળવાખોર નાવિકો ટાપુના અંદરના ભાગમાં છુપાઈ ગયા હતા. જહાજના ગયા બાદ જ તેમણે જાહેરમાં આવવાની હિંમત કરી હતી. ૧૮૦૮માં બીજી વખત એક અમેરિકી જહાજ લાંગર્યું હતું ત્યારે પણ જ્હૉન ઍડમ્સ તેમના હાથમાં ના આવે તેમ છુપાઈ ગયો હતો. આ જહાજના નાવિકોને અહીંથી બાઉન્ટીનું હોકાયંત્ર અને ઘડિયાળ હાથ લાગ્યાં હતાં, જે તેઓ સાથે લઈ ગયા હતા. આ બંને વસ્તુઓ તેમણે બ્રિટિશ નૌકાદળને પહોંચતી પણ કરી હતી. બાઉન્ટીના બળવાનાં વર્ષો બાદ મળેલા તેના આ અવશેષોને બ્રિટિશ નૌકાદળે ગંભીરતાથી લીધા ન હતા. તેમની પાસે બાઉન્ટીની શોધ ચલાવવા કરતાં અન્ય વધુ મહત્ત્વનાં કામો હતાં. તેમણે એવા જૂના અવશેષો ઉપર બહુ ધ્યાન આપ્યું ન હતું.

પિટકર્નના બે સ્થાનિકોએ કૅપ્ટન સ્ટેઇન્સ સમક્ષ બાઉન્ટીની આખી કથાનું વિવરણ કર્યું. જેમાંથી એક ક્રિશ્ચિયનનો પુત્ર હતો, જ્યારે બીજો યંગનો. પણ જ્યારે કૅપ્ટન સ્ટેઇન્સે જ્હૉન ઍડમ્સને મળવાની ઇચ્છા બતાવી ત્યારે બંને યુવાનોએ તેમની આ માગણી ઠુકરાવી હતી. તેમને જ્હૉનની ધરપકડ થવાનો ભય હતો.

કૅપ્ટન સ્ટઇન્સે બંને યુવાનોને જ્હૉન ઍડમ્સની સલામતીની ખાતરી આપી. બાઉન્ટીના બળવાની ઘટનાને પચ્ચીસ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હતો. તેવી સ્થિતિમાં કૅપ્ટને તેના બળવાખોરને રીઢા ગુનેગાર તરીકે લેખ્યો ન હતો. કૅપ્ટનની ખાતરી બાદ તેઓ ટાપુના કાંઠે ઊતર્યા. ટાપુ પર ૪૬ જેટલાં યુવાન સ્ત્રી-પુરુષો હતાં. તેમ જ કેટલાંય બાળકો ત્યાં રમી રહ્યાં હતાં. બધાં દેખાવે અંગ્રેજ પ્રજા જેવાં ઊંચાં અને મજબૂત બાંધાનાં હતાં. ટાપુ પરની છોકરીઓ પણ ખૂબ જ સુંદર હતી. તેમની નમ્રતા અને શિષ્ટાચાર તેમના સૌંદર્યમાં વધારો કરતાં હતાં.

ટાપુ પર જીવનનિર્વાહના કાયદાઓ સરળ હતા. નાણાકીય ચલણ જેવું કંઈ હતું જ નહીં. દરેક દ્વારા થતા દૈનિક કાર્યની નોંધ એક રજિસ્ટરમાં રાખવામાં આવતી. તેમની વચ્ચેના બધા જ વ્યવહારો વસ્તુના વિનિમય દ્વારા જ કરવામાં આવતા. તેમની જરૂરિયાતોના ઉત્પાદન માટે કોઈ કારખાનાં કે ઉત્પાદકીય એકમો ન હતાં. બધા હાથે બનાવેલી વસ્તુઓનો જ ઉપયોગ કરતા. કપડાં તરીકે ત્યાંના રહેવાસીઓ સૂકા ઘાસમાંથી ગૂંથેલી ટોપી અને અન્ય પહેરવેશનો ઉપયોગ કરતા. માછીમારી અને ખેતી આ ટાપુના રહેવાસીઓની મુખ્ય રોજગારી હતી. લગ્ન માત્ર ઍડમ્સની સંમતિ બાદ જ થતાં હતાં. લગ્ન પહેલાં ઍડમ્સ ખાતરી કરી લેતો કે લગ્નોત્સુક

પુરુષ પાસે ખેતીલાયક પૂરતી જમીન છે કે નહીં અને તે તેના ભાવિ પરિવારનું ભરણપોષણ કરી શકવા સક્ષમ છે કે નહીં. આવી ખાતરી બાદ જ ઍડમ્સ દ્વારા લગ્નની મંજૂરી આપવામાં આવતી.

પેસિફિક મહાસાગરના વણખેડાયેલા આ ભાગમાં દુનિયાથી અજાણ્યા ટાપુ વિશે કૅપ્ટન સ્ટેઇન્સે અનેક રસપ્રદ અને આશ્ચર્યમાં મૂકે તેવી માહિતી એકઠી કરી અને યુરોપ તરફ પોતાની વળતી સફરે ઊપડ્યો.

ત્યાર બાદ જ્હૉન ઍડમ્સે ટાપુ પર અનેક જવાબદારીઓભરી સત્તામાંથી મુક્તિ મેળવી. તેણે તેના અનુગામી તરીકે જ્હૉન નૉબ્સની નિમણૂક કરી. ૧૮૨૯માં જ્હૉન ઍડમ્સના મૃત્યુ બાદ તે ટાપુ પર પાદરી, ડૉક્ટર અને શિક્ષક તરીકેની ફરજો નિભાવતો હતો.

બાઉન્ટીના બળવાખોરોએ વસાવેલી આ દુનિયાના વસાહતીઓની સંખ્યા ૧૮૫૩ના વર્ષ સુધીમાં એકસો ને સિત્તેર પર પહોંચી હતી. તેમની વસ્તીમાં થયેલા વધારાએ ટાપુની ગીચતામાં વધારો કર્યો હતો. તેમાંના કેટલાકે નજીકમાં આવેલા નોરફોક ટાપુ પર જઈ વસવાનો નિર્ણય લીધો. આ ટાપુનો ઉપયોગ સજા પામેલા કેદીઓને નિર્વાસિત કરવા માટે તેઓ કરતા હતા. નોરફોક ટાપુ પર જઈ વસેલા રહેવાસીઓ પિટકર્ન ટાપુને ખૂબ યાદ કરતા હતા. નોરફોક ટાપુ પિટકર્ન કરતાં ચાર ગણો મોટો હતો. તેની જમીન પણ ખૂબ જ ફળદ્રુપ હતી. ત્યાંનું જીવન ખૂબ જ સરળ અને સુલભ હતું. તેમ છતાં ત્યાં જઈ વસ્યા બાદ બે જ વર્ષમાં મોટા ભાગના પરિવારો પિટકર્ન ટાપુ પર પાછા ફર્યા. તેમને તેમની માતૃભૂમિની યાદ સતત સતાવતી રહેતી. પાછા આવ્યા બાદ આખું જીવન તેમણે પિટકર્ન પર જ ગાળ્યું.

જીવન ટકાવી રાખવાની આ સાહસીકથાની શરૂઆત અત્યંત દુઃખદ સ્થિતિમાં થઈ હતી.

જીવનમાં બળવાખોર, આંતરિક હિંસા, પાગલપનથી ભરેલી વર્તણૂક જેવી અનેક તકલીફો વેઠ્યા બાદ ખ્રિસ્તી ધર્મના ઉપદેશો અને મૂલ્યોથી પ્રભાવિત થઈ સુસંસ્કૃત સમાજની રચના થઈ શકી હતી. તેમાં કેટલાયનું લોહી પણ રેડાયું હતું. ટાપુ પર અંગ્રેજી નાવિકો સાથે તાહિતીના તદ્દન અણઘડ સ્થાનિકો પણ અહીં આવી વસ્યા હતા, પરંતુ સમય જતાં તેઓ નમ્ર, આતિથ્યશીલ અને આનંદી સ્વભાવ ધરાવતા વસાહતીઓ બની ગયા હતા.

# મોં બ્લાં

# મોં બ્લાં

૧૮મી ઑગસ્ટ, ૧૮૭૧ના દિવસે હું શેમોનિક્સ આવી પહોંચ્યો. આ વખતે હું મોં બ્લાંના આરોહણનો પાકો નિર્ધાર કરીને આવ્યો હતો. પછી તેને માટે મારે ગમે તે કિંમત કેમ ન ચૂકવવી પડે. યુરોપના સૌથી ઊંચા શિખર મોં બ્લાંના આરોહણનો પ્રથમ પ્રયત્ન મેં ઑગસ્ટ ૧૮૬૯માં કર્યો હતો, જેમાં મને નિષ્ફળતા મળી હતી. ખરાબ હવામાનને લીધે મારે ગ્રાન્ડ મૂલેટ્સની પહાડી પાસેથી જ પાછા વળી જવું પડ્યું હતું. ૧૮મીએ સવારે હું અહીં આવ્યો ત્યારે હવામાન સ્વચ્છ લાગતું હતું, તેને લીધે મારામાં નવો ઉત્સાહ આવ્યો હતો, પરંતુ બપોર સુધીમાં અચાનક પલટો આવ્યો. મોં બ્લાંએ જાણે કપડાં બદલ્યાં હોય એમ લાગતું હતું. સરળ ભાષામાં કહું તો દક્ષિણ-પશ્ચિમથી પવન ફૂંકાવો શરૂ થયો હતો. બધાં શિખરોની વચ્ચે દેખાતું તેનું કલગી જેવું શિખર વાદળોની વચ્ચે ગાયબ થઈ ગયું હતું. મોં બ્લાંના શિખર સુધી જતો બ્રેનવા ગ્લેસિયરનો ઢોળાવ મુખ્ય અને જોખમી માર્ગ હતો. તે ધુમ્મસ વચ્ચે ખોવાઈ ગયો હતો. નવાસવા અને બિનઅનુભવી આરોહકો માટે આ માર્ગે ચઢાણ કરવું એ જાણીજોઈને મોતના મુખમાં જવા બરાબર હતું.

રાત્રે ઠંડી ખૂબ વધી. પવન અને વરસાદમાં પણ વધારો થયો. બેરોમીટરનો પારો નીચો ઊતરી ગયો હતો.

મેં એક દિવસનો આરામ લીધો. આખા દિવસ દરમિયાન વાતાવરણમાં આકસ્મિક ફેરફારો થતા રહ્યા. વીજળીની ગર્જનાઓએ વાતાવરણને વધુ ભયાનક બનાવ્યું હતું. થોડા સમય બાદ વાદળો ખૂલતાં પહાડના બીજા ભાગો થોડા દેખાતા થયા. પહાડની બીજી બાજુના બ્રેવેન્ટ અને એગુઇલેસ શિખરોના માર્ગે પણ ચઢાણ થઈ શકે તેમ ન હતું. પવનની દિશા બદલાઈને ઉત્તર-પશ્ચિમની થઈ હતી. શેમોનિક્સની ખીણમાંથી ઉત્તરી ભાગમાં કોલ-ડી-બાલ્મના રસ્તે ચઢાણ કરવાની મને આશા બંધાઈ, ત્યાં વાદળો ઓછાં હતાં. આગામી સમયમાં હવામાન સુધરશે એવું મને લાગતું હતું.

“બેરોમીટરનો પારો પણ થોડો ઊંચે ચઢ્યો હતો. હવામાન સુધરવાના મારા અનુમાનનો છેદ ઉડાડતા શેમોનિક્સના મુખ્ય આરોહક ગાઇડ મિસ્ટર બાલમાટે મને સ્પષ્ટ ના પાડી.

“બેરોમીટરનો પારો આમ જ વધતો રહ્યો...” મિસ્ટર બાલમાટે કહ્યું, “...અને હવામાન પણ સુધારા પર રહ્યું તો, આપણે પરમ દિવસે અને શક્ય હશે તો આવતી કાલે આરોહણ કરીશું. ત્યાં સુધી તારા પગને તું

આરામ આપ. બ્રેવેન્ટની કોતરને માર્ગે આપણે આગળ વધીશું. થોડે સુધી હું પણ તારી સાથે આવીશ. મોં બ્લાંના ચઢાણ માટે હાલમાં એ માર્ગ જ મને સારો લાગી રહ્યો છે, તેમ છતાં આજે જ ચઢાણ કરવાનો નિશ્ચય કરી ચૂક્યો હોય તો તું જઈ શકે છે...!"

તેમના આ શબ્દોની અવગણના કરવાનું મને યોગ્ય ન લાગ્યું. તે ખૂબ જ અનુભવી હતા, પણ બે-ત્રણ દિવસમાં હું આરોહણ કરી શકીશ એ વાતથી મને ખૂબ જ આનંદ થયો. મેં તેમની વાત માન્ય રાખી. તેમણે મારા ગાઇડ તરીકે ઍડવર્ડ રેવનેલની નિમણૂક કરી. રેવનેલ એક ગંભીર માણસ હતો. તેના કાર્યમાં તે અનુભવી અને નિપૂર્ણ હતો. તેનો સાથ મને ખૂબ ઉપયોગી બને તેમ હતું.

મિસ્ટર ડોનેટાઇન લેવેસ્કી ઉત્સાહી અને સાહસી પ્રવાસી હતા. તેઓએ ગયા વર્ષે ઉત્તરી અમેરિકાની રસપ્રદ પણ ખૂબ જ કઠીન સફર મારી સાથે ખેડી હતી. તેઓ ઉત્તર અમેરિકાના ભોમિયા જેવા હતા. અગાઉ તેઓ મીસીસીપીથી ન્યૂ ઑર્લિયન્સ સુધીનો વિશાળ વિસ્તાર પગપાળા ખૂંદી વળ્યા હતા. ત્યારે અમેરિકામાં ફાટી નીકળેલી ગૃહયુદ્ધની સ્થિતિને કારણે પ્રવાસ ટૂંકાવી તેમણે ફ્રાન્સ પરત ફરવું પડ્યું હતું. તેઓ મારા સારા મિત્ર બની ગયા હતા. અમે બંને એઇક્ષ-લેસ-બેઇન્સ ખાતે મળ્યા હતા. સ્વિટ્ઝરલૅન્ડમાં સાથે સમય ગાળવાનું અમે નક્કી કર્યું હતું.

મિસ્ટર ડોનેટાઇન મારો અહીં આવવાનો હેતુ જાણતા હતા. તેમની તબિયત સારી ન હતી. મોં બ્લાંના આરોહણની લાંબી અને કષ્ટમય મુસાફરી તેઓ કરી શકે તેમ ન હતું. હું મોં બ્લાંના આરોહણ બાદ પરત ફરું ત્યાં સુધી શેમોનિક્સમાં જ રોકાવાનું તેમણે નક્કી કર્યું અને આ દિવસોમાં તબિયતનો સાથ મળે તો મેર-ડી-ગ્લેસના નાનકડા શિખર સુધી આરોહણ કરવાની પણ ઇચ્છા બતાવી. તેમની નરમ તબિયતને ધ્યાનમાં રાખી મેં પણ તેમને મારી સાથે આવવા દબાણ ન કર્યું.

આખરે મેં મોં બ્લાંના આરોહણનો અંતિમ નિર્ધાર કરી લીધો. કાલે અમારે માર્ગની સ્થિતિની જાણકારી મેળવવા બ્રેવેન્ટના શિખર સુધી જઈ આરોહણનો ક્યાસ મેળવવાનો પ્રયત્ન કરવાનો હતો. ત્યાં પહોંચ્યા બાદ જ મોં બ્લાં સુધીનો આખો રસ્તો સ્પષ્ટ જોઈ શકાય એમ હતું અને ક્યા માર્ગે આગળ વધવું તેનો નિર્ણય તેને આધારે જ લેવાનો હતો.

બીજા દિવસે સવારે સાતેક વાગ્યાના સુમારે અમે ચઢાણની શરૂઆત કરી. હું બધામાં મોખરે હતો. શેમોનિક્સથી બ્રેવેન્ટની તળેટી સુધી મારા મિત્રો અમારી ટુકડીને વિદાય આપવા આવ્યા હતા. તેમની સાથેનો આ ટૂંકો પ્રવાસ મારે માટે યાદગાર બની રહ્યો. મજાકમસ્તી કરતાં તેમની સાથેનો સમય ક્યારે પસાર થઈ ગયો તેનો ખ્યાલ પણ ન રહ્યો.

બ્રેવેન્ટનો પહાડ સાત હજાર છસ્સો ફૂટ ઊંચો હતો. એગુઇલેસની આ આખી પહાડી મોં બ્લાંના સમાંતર દક્ષિણ-પશ્ચિમથી ઉત્તર-પૂર્વ સુધી ફેલાયેલી હતી. બંને પહાડીઓ વચ્ચેની સાંકડી ખીણમાં જ શેમોનિક્સ વસ્યું હતું. શેમોનિક્સ ઊંચાં શિખરોની ખીણમાં હતું, પણ સમુદ્રની સપાટીથી તેની ઊંચાઈ ઘણી હતી. તેથી જ અહીં પ્રવાસીઓ હીલ સ્ટેશન તરીકે રજાઓ ગાળવા વધુ આવતા હતા. અહીં યુરોપના ઉત્તુંગ શિખરો સર કરવા ઇચ્છતા સાહસિકોનો પણ જમાવડો થતો હતો. શેમોનિક્સ આલ્પ્સની આ પહાડીઓના બેસ-કૅમ્પ જેવું હતું. અહીંનો મોટા ભાગનો ધંધો રોજગાર પણ અહીં આવતા પ્રવાસીઓ અને પર્વતારોહકોને લીધે વિકસ્યો હતો. અહીંના નાના બજારમાં ઠેર ઠેર પર્વતારોહણમાં ઉપયોગી સાધનોની નાની-મોટી દુકાનો હતી. અહીંના મોટા ભાગના રહેવાસીઓ પણ સાહસિકોને ગાઇડ તરીકે સેવા આપી રોજગાર ચલાવતા હતા.

બ્રેવેન્ટનું શિખર આખી ગિરિમાળાની મધ્યે હતું. બોસોન ગ્લેશિયરની બરાબર સામે હોવાને લીધે ત્યાંથી સીધો માર્ગ તે તરફ જતો હતો. બોસોનથી આલ્પ્સના સૌથી ઊંચા શિખર મોં બ્લાં પર પહોંચી શકાય તેમ હતું. મોં બ્લાંના મોટા ભાગના આરોહકો આ માર્ગે જ ચઢવાનું પસંદ કરતા. અન્ય ટૂંકા માર્ગો પણ હતા, જે ખૂબ જ જોખમી હતા.

હું અને મુખ્ય ગાઇડ વાતો કરી રહ્યા હતા. મેં રેવનેલને પૂછ્યું, “તમે ક્યારેય મોં બ્લાંનું શિખર સર કર્યું છે?”

“હા! એક વાર… અને હું ધરાઈ ગયો… બીજી વખત મારી ઇચ્છા નથી…” તેણે જવાબ આપ્યો.

‘હું બીજી વખત પ્રયત્ન કરી રહ્યો છું, પણ પહેલી વાર મને સફળતા નહોતી મળી.”

“તમારે જવું હોય તો તમે જાવ, પણ હું તમારી સાથે છેક સુધી નહીં આવી શકું. આ વર્ષે આરોહણ માટે પહાડની સ્થિતિ બહુ સારી કહી શકાય તેવી નથી. ઘણી બધી ટુકડીઓએ આ વર્ષે પ્રયત્નો કર્યા છે, પરંતુ માત્ર બે જ સફળ થઈ શક્યા છે. એમાં પણ બિનઅનુભવીઓ માટે આરોહણ ખૂબ જ જોખમી છે. આવા જ શિખાઉ પર્વતારોહકોને ગયા વર્ષે ભયાનક અકસ્માત થયો હતો…”

“અકસ્માત! કેવો અકસ્માત?”

“તમે તેના વિશે નથી સાંભળ્યું?! ગયા સપ્ટેમ્બરની વાત છે. દસ જેટલા ગાઇડ અને હમાલોની ટુકડી સાથે બે અંગ્રેજ પર્વતારોહકોએ મોં બ્લાં પર ચઢાણ કર્યું હતું. એ લોકો છેક શિખર સુધી પહોંચતા દેખાયા હતા. તેઓ શિખર પર જ હતા અને હવામાને અચાનક પલટો લીધો. વાદળો ઘેરાઈ ગયાં અને બધા તેમાં અદૃશ્ય થઈ ગયા. વાદળાં વિખરાયા

બાદ ત્યાં કોઈ પણ દેખાયું નહીં. ત્યારે પવન પણ તોફાની બની ગયો હતો. બે પર્વતારોહકો અને સાત જેટલા ગાઇડ અને હમાલો કોરમાયુર તરફની ખીણમાં ગબડી પડ્યા હતા. જે બ્રેનવા ગ્લેશિયર તરફ છે. તેમની ઘણી તપાસ કરવામાં આવી. તેમના મૃતદેહો પણ હાથ લાગ્યા નહીં. બાકીના ત્રણ હમાલો શિખરથી એકસો પચાસ વારને અંતરે મળી આવ્યા. મોં બ્લાં નજીકના નાનકડા શિખર પાસે મળી આવેલા તેમના મૃતદેહો બરફની લાદીઓમાં ફેરવાઈ ગયા હતા...!"

"આ સાહસિકોએ ખરેખર અવિચારી જોખમ ખેડ્યું હતું." મેં રેવનેલને જણાવ્યું, "સપ્ટેમ્બરમાં ચઢાણ કરવું તેને મૂર્ખતા જ ગણવી જોઈએ. તેમણે પોતાનો પ્રયત્ન ઑગસ્ટમાં કર્યો હોત તો તેમની આવી દુર્દશા ન થાત. એ સમયે હવામાન સપ્ટેમ્બરની સરખામણીએ વધુ અનુકૂળ હોય છે."

મેં હિંમત મેળવવા પ્રયત્ન કર્યો. આરોહણના આરંભમાં જ આવી ભયાનક ઘટનાના વિવરણથી હું હચમચી ગયો હતો. હવામાન પણ સુધરી રહ્યું હતું. વાદળો પાછળ ઘેરાયેલા શિખરને પેલેપારથી સૂર્યપ્રકાશ મારા પર પડવા લાગ્યો. નિરાશાવાદી વિચારોમાંથી મને મુક્તિ મળી. મારામાં નવું જોમ પ્રગટ્યું. સૂર્યના પ્રકાશમાં યુરોપનું સૌથી ઊંચું શિખર મારી સામે ઝળહળી રહ્યું હતું, જેને સર કરવાના સપના સાથે હું અહીં આવ્યો હતો.

અમે પૂરા જોશથી આગળ વધતા હતા. અમે સફરના અંતરનું અનુમાન મેળવવા પ્રયત્ન કર્યો, પણ અહીંથી મોં બ્લાંના શિખર સુધીના અંતરનું અનુમાન અશક્ય હતું. શેમોનિક્સથી મોં બ્લાંનું શિખર ખૂબ નજીક લાગતું હતું, પણ બ્રેવેન્ટ સુધી પહોંચ્યા બાદ જ તેના અતિ લાંબા પ્રવાસમાર્ગનો ખ્યાલ આવતો હતો. બોસોન ગ્લેશિયરની ભવ્યતા અહીંથી માણી શકાતી હતી. ગ્રાન્ડ-મુલેટ્સના પથરાળ રસ્તાની સરખામણીમાં બોસોનમાં ચારે તરફ વિશાળકાય બરફની ટેકરીઓ ફેલાયેલી હતી. બરફના કેટલાક ટેકરા દસ વાર જેટલા ઊંચાઈના હતા. તેની મુસાફરી અમારે માટે કપરી સાબિત થવાની છે તેનો ખ્યાલ મને આવી ગયો. ગ્રાન્ડ-મુલેટ્સ કે જે રસ્તે મેં આગલા પ્રયત્ને આરોહણ કર્યું હતું, તે સંપૂર્ણ રીતે વાદળોની વચ્ચે ઘેરાઈ ગયો હતો.

સંતોષકારક ઝડપે અમે આગળ વધી રહ્યા. બે હજાર બાસઠ વારની ઊંચાઈએ અમે નાનકડી ઝૂંપડી પાસે આવી પહોંચ્યા. પથ્થરોની ઝૂંપડી આરોહકો માટે જ બનાવવામાં આવી હતી. અમે અહીં રોકાણ ન કર્યું. આગળ વધતા રહ્યા. થોડાં ચઢાણ બાદ અમે બ્રેવેન્ટના શિખરે પહોંચ્યા. અહીંનો નજારો આહ્લાહક હતો, મોં બ્લાંની આખી પર્વતમાળા અહીંથી દેખાતી હતી.

અહીંથી ભવ્ય નજારો માણી મારી સફરનો થાક ઊતરી ગયો. દુનિયાના અન્ય માણસોથી તદ્દન અજાણ એવા આ પ્રદેશની સુંદરતા મને માણવા મળી હતી. તે બદલ હું પોતાને ખરેખર ખુશનસીબ માનતો હતો.

અહીં સુધી આવીને મારી સાથે મારા સાથીઓ પણ ખૂબ આનંદમાં હતા. તેનાથી મને આશ્વાસન મળ્યું કે મોં બ્લાંના આરોહણમાં હું એકલો નહોતો રહેવાનો, પણ મને સાથ આપવાવાળા પણ હતા. અમે અહીં સુધી માત્ર આરોહણ માટેના રસ્તાની સ્થિતિનો ક્યાસ કાઢવા આવ્યા હતા એ અંગેનો અમારો અનુભવ સાનુકૂળ રહ્યો હતો.

અમારે અહીંથી શેમોનિક્સ પાછા ફરવાનું હતું. વધુ સમય રોકાવું પણ હિતાવહ ન હતું. ઠંડી પણ વધી રહી હતી. અમે શેમોનિક્સના અમારા ઉતરાણ સ્થળે પરત ફરી ગયા.

બીજા દિવસે સવારે સૂર્યોદય થતાં જ હું મુખ્ય ગાઇડને મળવા પહોંચી ગયો. આકાશ ચોખ્ખું હતું. પવન પણ મંદ હતો. તેની દિશા ઉત્તર-પૂર્વની હતી. મોં બ્લાંનું શિખર સૂર્યનાં કિરણોમાં ઝળહળી રહ્યું હતું. તેની ભવ્યતા એવી હતી જાણે, સાહસિકોને તેના આરોહણ માટે આમંત્રણ આપતું હોય, પણ નીચેથી જાજરમાન લાગતું આ શિખર સર કરવું એટલું આસાન ન હતું. તેનો નિષ્ફળ અનુભવ મને એક વખત થઈ ચૂક્યો હતો.

મિસ્ટર બાલમાટ સાથે મુલાકાત થઈ. બાહ્ય હવામાન અને બેરોમીટરનો પારો જોઈ અત્યારનો સમય આરોહણને માટે અનુકૂળ હોવાનું તેમણે જણાવ્યું. તેમણે મને બે ગાઇડ પણ સાથે લઈ જવા સૂચવ્યું. મને તેમની આવડત અને અનુભવ પર વિશ્વાસ હતો. મેં ગાઇડ અને હમાલોની પસંદગી તેમના પર જ છોડી દીધી. આ વિસ્તારના ભોમિયાઓથી તેઓ વધુ પરિચિત હતા, પણ એક ઘટનાએ મને વિચારતો કરી મૂક્યો.

હું બાલમાટની ઑફિસમાંથી બહાર નીકળ્યો, ત્યાં મારી મુલાકાત મારા આગલા દિવસના સાથી ગાઇડ ઍડવર્ડ રેવનેલ સાથે થઈ.

“તમે મોં બ્લાંના આરોહણ પર નીકળવાના છો?” તેણે મને મળતાં જ પૂછ્યું.

“હા! પણ આવું કેમ પૂછવું પડ્યું? શું તારા મતે અત્યારે ચઢાણ કરવું યોગ્ય નથી?”

થોડી વાર સુધી વિચાર્યા પછી ધીમેથી એ બોલ્યો,

“તમે એક સાહસી પ્રવાસી છો. કાલે મેં બ્રેવેન્ટ સુધીની તમારી સાથે ખેડેલી સફર પરથી તમારા મજબૂત ઇરાદા અને ક્ષમતા જાણી લીધાં છે, તેથી હું તમારી સાથે ચોક્કસ આવીશ. તમે મને મોં બ્લાં સુધીની સફર માટે પસંદ કર્યો એ પણ મારી ખુશનસીબી છે, પણ મારી એક વિનંતી છે કે તમે મારા ભાઈ એમ્બ્રોઝ રેવનેલ અને મારા પિતરાઈભાઈ ગેસપાર્ડ સિમોનને

પણ સહાયક તરીકે સાથે લઈ લો... તે બંને જુવાનિયાઓ પણ આ સફરમાં આવવા ઉત્સુક છે. તે બંને આ આરોહણમાં જોડાવા સંપૂર્ણ લાયકાત ધરાવે છે, તેની હું તમને બાંયધરી આપું છું. પણ છેવટનો નિર્ણય તમારે લેવાનો છે, જેમાં એક ભૂલનું પરિણામ પણ માણસે પોતાની જિંદગીથી ચૂકવવું પડે છે. આવી જોખમી સફરમાં પોતાના સાથીઓની પસંદગીનો તમને પૂરેપૂરો અધિકાર છે."

મને રેવનેલ પર પૂરતો વિશ્વાસ હતો. મેં તેના પ્રસ્તાવને સ્વીકારી લીધો. હું મારી ટુકડીની પસંદગીની જાણ કરવા મિસ્ટર બાલમાટને મળવા પાછો ગયો. તેઓ પણ પોતાની સૂચિમાંથી મારે માટે ગાઇડની પસંદગી કરી ચૂક્યા હતા. તેમણે મને ઍડવર્ડ સિમોન અને જીન કેરિયરના નામ સૂચવ્યાં. એમાં જીન કેરિયરના નામ સાથે જ તેની ખ્યાતિ જોડાયેલી હતી. આ ગાઇડ અત્યાર સુધીમાં ઓગણત્રીસ વખત મોં બ્લાંનું શિખર સર કરી ચૂક્યો હતો! તેનો મને સાથ મળી શકશે એ વાત જ મારા માનવામાં આવતી ન હતી. તેના સાથથી મારો આત્મવિશ્વાસ બેવડાયો. મેં પસંદ કરેલા બધા જ ગાઇડ શેમોનિક્સથી છ કિ.મી.ને અંતરે આવેલા આર્જેન્ટાયર ગામના હતા.

મેં ઍડવર્ડ સિમોનને પણ સાથે લેવાનું નક્કી કર્યું. તેણે તેની તૈયારીઓ પણ કરી લીધી હતી, પણ જો હું એકલો જ ચઢાણ કરવાનો હોઉં તો તેની કોઈ જરૂર ન હતી. મારા મિત્ર પણ સાથે આવવાનું વિચારે તો તેને સાથે લેવાનું જરૂરી હતું.

બધા સાથેની વાતચીત ટૂંકમાં પતાવી હું મારા મિત્ર ડોનેટાઇન લેવેસ્કીને મળવા ગયો. તેઓ તો હજી સૂતા હતા. આગલા દિવસે મેં જ્યારે બ્રેવેન્ટની ટૂંકી સફર ખેડી હતી, ત્યારે તેમણે પહાડની આજુબાજુના વિસ્તારમાં આશરે સોળ કિ.મી. જેટલો પગપાળા પ્રવાસ ખેડ્યો હતો. તેઓ ઘસઘસાટ ઊંઘતા હતા. ઘણી મહેનત બાદ હું તેમને ઉઠાડી શક્યો મેં આરોહણનો નિર્ણય કરી લીધો છે અને મોટા ભાગની તૈયારી પણ આટોપી લીધી છે તેની માહિતી તેમને આપી.

"બહું સરસ.....!" બગાસાં ખાતાં ખાતાં તે બોલ્યા, "હું પણ તારી સાથે ગ્રાન્ડ-મુલેટ્સ સુધી આવવાનું વિચારું છું. મારી તબિયત બહુ સુધરી નથી, પણ હુ ત્યાં સુધી તો આવી શકીશ. તું મોં બ્લાંનું શિખર સર કરીને આવે ત્યાં સુધી ત્યાં જ તારી રાહ જોઈશ."

"વાહ... તમારા નિર્ણયથી મને ખૂબ આનંદ થયો છે. મારી પાસે વધારાનો એક ગાઇડ પણ છે. જેને હું તમારી સાથે જ રોકાવા જણાવીશ."

પર્વતારોહણ માટેના જરૂરી સામાનની પણ અમે ખરીદી કરી લીધી. જેમાં બરફમાં ચાલવા લોખંડના ખીલાવાળી લાકડી, ઠંડી સામે રક્ષણ માટે

ચામડાના વિવિધ કપડાં, આંખો પર પહેરવાના લીલા કાચવાળાં ચશ્માં, હાથમોજાં વગેરેનો સમાવેશ થતો હતો. સફર પહેલાં કોઈ પણ મહત્ત્વની વસ્તુ લેવાની બાકી ન રહી જાય તેનું મેં ખ્યાસ ધ્યાન રાખ્યું. અમારા ગાઇડે સૂચવ્યા મુજબના ત્રણ શોલ ધરાવતા બરફમાં ચાલવા માટેના ખાસ બૂટ તો બધા પાસે હતા જ. આ બૂટ ઉપર અમારા જીવનનો મોટો આધાર રહેલો હતો. હિમાચ્છાદિત પ્રદેશમાં પગ લપસતાં તમારી ગતિ સીધી ખીણ તરફની હોય છે અને તેનું પરિણામ મોત સિવાય બીજું કંઈ જ હોતું નથી. ત્યારે તમારા આવા બૂટ ખાસ બનાવટના હોય તે જરૂરી છે.

જરૂરી સામાનની ખરીદી કરતાં મને અને મારા ગાઇડને બે કલાક જેટલો સમય થયો. છેલ્લે અમારે સામાન લઈ જઈ શકે તેવા ખચ્ચરોની ખરીદી કરવાની હતી. અમે બધા હાલ પિયરે-પૉઇન્ટની ઝૂંપડી પાસે એકઠા થયા. આ સ્થળ દરિયાની સપાટીથી છ હજાર પાંચસો ફૂટની ઊંચાઈ પર હતું. શેમોનિક્સની ખીણથી અહીંની ઊંચાઈ ત્રણ હજાર ફૂટની હતી. મોં બ્લાંથી આ સ્થળ આઠ હજાર પાંચસો ફૂટ નીચે હતું.

લગભગ દસેક વાગ્યાના સુમારે અમે પિયરે-પૉઇન્ટ પર ભેગા થયા. ત્યાં અમારી મુલાકાત એક સ્પેનિસ પ્રવાસી મિસ્ટર નાનેસ સાથે થઈ. તેઓ તેમના બે ગાઇડ અને હમાલો સાથે અહીં આવ્યા હતા. તેમની ઇચ્છા પણ મોં બ્લાંના આરોહણની જ હતી. તેમનો મુખ્ય ગાઇડ પેકાર્ડ અનુભવી જણાતો હતો. તેણે પણ મોં બ્લાંનું શિખર આઠ વખત સર કર્યું હતું. મિસ્ટર નાનેસ પણ પૂરા ઉત્સાહમાં જણાતા હતા. તેમની સાથે વધુ વાતચીતથી જાણવા મળ્યું કે તેઓ દક્ષિણ અમેરિકામાં કોર્ડીલેરાસથી ક્વિટો સુધીના પહાડી વિસ્તારો ખૂંદી વળ્યા હતા. એન્ડીઝના શિખરો સર કરી હવે યુરોપના આલ્પ્સનું ઉત્તુંગ શિખર સર કરવા આવ્યા હતા. દક્ષિણ અમેરિકાના અનુભવોના આધારે મોં બ્લાં સર કરવાનું તે સરળતાથી પાર પાડી શકશે, તેવો વધુ પડતો આત્મવિશ્વાસ તે ધરાવતા હતા, પણ તેમના આ વિચાર સાથે હું સંમત ન હતો. મોં બ્લાંના સીધા ચઢાણો ભલભલા પર્વતારોહકો માટે એક કપરો પડકાર હતો. એ સિવાય પાતળી હવામાં શ્વાસની તકલીફ બીજી મુશ્કેલી હતી. તેઓ શારીરિક રીતે ખૂબ જ તંદુરસ્ત લાગતા હતા, પણ મોં બ્લાંને સર કરવામાં તેમની શારીરિક શક્તિ કરતાં માનસિક શક્તિની કસોટી વધુ થવાની હતી. મેં તેમને મોં બ્લાંને સરળતાથી નહીં લેવા ચેતવ્યા. હું તેનો કડવો અનુભવ એક વખત લઈ ચૂક્યો હતો.

પિયરે પૉઇન્ટના રોકાણ દરમિયાન અમે બધાએ પેટ ભરીને ખાઈ લીધું. પ્રવાસના શરૂમાં તબક્કામાં પૂરતો ખોરાક લઈ લેવો જરૂરી પણ હતો. પછીથી ઊંચાઈ વધતાં ભૂખ ઓછી થતી જવાની હતી અને શરીરની શક્તિ ટકાવી રાખવા પૌષ્ટિક ખોરાક ખૂબ જરૂરી હતો.

મિસ્ટર નાનસે અગિયાર વાગે જ પોતાના કાફલા સાથે ગ્રાન્ડ-મુલેટ્સ તરફ પ્રયાણ કર્યું, પણ અમે બપોર સુધી આગળ વધી શકીએ એમ ન હતું.

અમારા ખચ્ચરો થાકી ગયા હતા. પિયરે-પૉઇન્ટ પર અને વધારે સમય રોકાવાનું નક્કી કર્યું. અમારે હવે ખૂબ જ સાંકડા અને વાંકાચૂંકા રસ્તે આગળ વધવાનું હતું. જે સીધો બોસોન ગ્લેશિયર તરફ જતો હતો. બપોર પછી કરેલી શરૂઆત બાદ એકાદ કલાકની કપરી ચઢાઈ કરી અમે પિયરે-અ-એચેલ પૉઇન્ટ પાસે આવ્યા. તેની ઊંચાઈ આઠ હજાર એકસો ફૂટની હતી. હવે પછીનાં ચઢાણ વધુ કપરાં હતાં. બધા ગાઇડ અને પ્રવાસીઓએ એકબીજાને એક સળંગ દોરીથી બાંધી લીધા. દરેક યાત્રી વચ્ચે લગભગ ત્રણથી ચાર મીટર જેટલું અંતર રાખવામાં આવ્યું હતું. અમે બોસોન ગ્લેસિયર તરફ મક્કમતાથી આગળ વધતા હતા. ગ્લેસિયર તરફ જતો મોટા ભાગનો રસ્તો હીમનદીઓમાં પડેલી ફાટમાંથી પસાર થતો હતો. હીમનદીઓની કેટલીક ફાંટ તો એટલી ઊંડી હતી કે તેમાં નજર કરતાં ચક્કર આવી જતા. તેમાંથી થતા પ્રકાશ પરાવર્તનથી તેની ઊંડાઈનું અનુમાન કરવું પણ અશક્ય બન્યું હતું. તે ભ્રમણા પેદા કરનારું હતું.

ખીણની પાતળી કોતરો પર તેમ જ બરફની નાની-મોટી ટેકરીઓ પર થઈ તકેદારીપૂર્વક બધા આગળ વધતા રહ્યા. અહીં એક ભૂલ અમને સીધા નીચે ખીણમાં પહોંચાડી શકે તેમ હતી. તેથી જ બધા પ્રવાસીઓને એક જ દોરડે બાંધવામાં આવ્યા હતા જેથી કોઈ લપસી પડ્યા બાદ પણ બીજાને સહારે ટીંગાઈ રહે. કેટલીક ખીણો ઊંડી ન હતી, પણ લાંબી ખૂબ હતી. એવી બીણોમાં અમે ઊતરી, બીજી તરફ ચઢી બહાર નીકળી જતા હતા. આગળ વધવા માટે બે ગાઇડ નાનકડી કુહાડી વડે બરફનો ઊબડખાબડ ભાગ તોડી નાની કેડી કંડારતા જતા હતા, જેથી પાછળ આવતા સાથીઓ સરળતાથી આગળ વધી શકે. અતિશય ઠંડીમાં આ કામ ખૂબ જ મહેનત માગી લે તેવું હતું. અમે બોસોનના સૌથી ભયાનક સ્થળે આવી પહોંચ્યા. આ ખાઈ એગુઇલ-ડુ-મીંડી તરીકે ઓળખાતી હતી. તે છસો ફૂટ જેટલી પહોળી હતી. અહીં વારંવાર હિમપ્રપાત થતા હતા, તેથી તેને ઝડપથી પસાર કરવું જરૂરી હતું. આ ભાગ પસાર કરતી વખતે ગાઇડ ખૂબ જ સતર્ક હતા. ૧૮૬૯માં અહીં જ એક ગાઇડ માર્યો ગયો હતો. અહીંથી પસાર થતી એક ટુકડીને હિમપ્રપાત નડ્યો હતો. જેમાં એક ગાઇડ સીધો છસો ફૂટ ઊંડી ખીણમાં પટકાયો હતો.

આ જોખમી વિસ્તાર ઓળંગી જવા અમે ઝડપથી આગળ વધવા લાગ્યા. ડગલે ને પગલે તકેદારી રાખવી ખૂબ જ જરૂરી હતી, પણ અહીંથી બહાર નીકળ્યા પછી જોખમ પૂરું થવાનું હતું એવું ન હતું. તેનાથી પણ વધુ જોખમી પરિસ્થિતિનો સામનો કરવા અમારે તૈયાર રહેવાનું હતું. આગળ ‘સેરાસ’ તરીકે ઓળખાતો હિમ ટેકરીઓનો વિશાળ પ્રદેશ હતો. આ વિસ્તારની ભયાનકતાનું વર્ણન કરી શકાય તેમ નથી.

આ ભાગ ઉચ્ચ પ્રદેશની સપાટ ભૂમિ પર હતો, પણ અહીંનો બરફ ખૂબ જ લપસણો હતો. થોડી સરખી ધ્રુજારી કે તાપમાનમાં થયેલો વધારો

પણ વિશાળ હિમપોપડા કે ટેકરીઓને ગબડાવી દેતો. બરફના આવા પડો ગબડવાની ઘટના અકસ્માતો માટે કારણભૂત બનતી.

અમે અંદરોઅંદર વાતો કરી રહ્યા હતા.

"સાથીઓ! શાંતિ રાખો અને ઝડપથી આગળ વધો..." અમારી વાત કાપતાં એક ગાઇડે અમને સાબદા કરતાં કહ્યું. તેની ટકોરથી અમે બધા ચૂપ થઈ ગયા અને ચાલવાની ઝડપ વધારી.

અમે કૉટ પહાડ પર આવી પહોંચ્યા. આ શિખર બોસોન અને તાકોની ગ્લેસિયરની વચ્ચે હતું. જાણે બે સ્ટેશનો વચ્ચેનું આશ્રયસ્થાન. અહીંનો નજારો વધુ બિહામણો હતો. હિમનદીની ખીણો અહીંથી જુદા જુદા રંગે રંગાયેલી લાગતી હતી. તેમાં પડતા પ્રકાશના પરાવર્તનને લીધે આવી ભ્રમણા થતી હતી. ચારે બાજુ હિમટેકરીઓ ઊભી હતી. અહીંના બરફનાં ચોસલાં અણિયાળાં હતાં. ચારે બાજુ પાણીના નાનાં-નાનાં તળાવો પણ રચાયાં હતાં. એવામાં કેટલીક ભેખડો કડાકા સાથે ઢોળાવો પરથી ખીણમાં ખાબકતી દેખાઈ. ગડગડાટીના ભયાનક અવાજ સાથે આખા વાતાવરણમાં ભય ફેલાઈ ગયો. બધાના મગજમાં એક જ વિચાર હતો કે આવા હિમપ્રપાતની અડફેટે તેઓ ચડ્યા હોત તો તેમની સ્થિતિ શું થઈ હોત?!

આ સ્થળે થોડો સમય રોકાઈ અમે આગળ વધ્યા. તાકોની ગ્લેસિયર દૂર જઈ રહ્યું હતું. ગ્રાન્ડ-મુલેટ્સ વધુ નજીક આવી રહ્યું હતું. આ વિસ્તાર ખૂબ જ ઢોળાવવાળો હતો. મુખ્ય ગાઇડે અમને ઢોળાવ પર ત્રીસ અંશના ખૂણે ત્રાંસા ચઢવાની સૂચના આપી. આ ભાગનો બરફ નવો જ જામ્યો હતો, તેથી ઘસી પડવાનું જોખમ વધુ હતું. એ કારણે આવી તકેદારી ખૂબ જ જરૂરી હતી.

બરફમાં સતત ત્રણ કલાકની મુસાફરી બાદ અમે ગ્રાન્ડ-મુલેટ્સ પહોંચ્યા. અમારાથી પહેલાં નીકળેલી મિસ્ટર નાનેસની ટુકડીનો અહીં અમને ભેટો થયો. તે લોકોએ અહીં પડાવ નાખ્યો હતો.

અમારા ગાઇડે અહીં વિશાળ ભેખડની ઓથે ઝૂંપડી બનાવી. અમે અહીં જ પડાવ નાખી આરામ કરવાનું નક્કી કર્યું. બધાએ પોતાનું ભોજન લીધું. જમણ બાદ બધા ઊંઘી ગયા, પણ કોઈ લાંબા સમય સુધી ઊંઘી શક્યું નહીં.

"તમારી તબિયત બહુ સારી નથી... અને મેં તમને અહીં સુધી આવવા કહ્યું. તમને તેનો કોઈ રંજ તો નથીને?" મેં મારા મિત્ર લેવેસ્કીને પૂછ્યું.

"રંજ તો હું ન આવ્યો હોત તો રહી જાત. હું પોતાને ખુશનસીબ માનું છું કે તારી સાથે આવ્યો. હવે મારી તબિયત પણ સારી છે અને તને

જાણીને આનંદ થશે કે હું તારી સાથે છેક મોં બ્લાંના શિખર સુધી આવવા ઇચ્છું છું...”

“તો તો ઘણું સરસ! પણ તમને જણાવી દઉં કે આપણે અહીં સુધી આવવામાં વેઠેલી મુશ્કેલીઓ કરતાં પણ મોટી મુશ્કેલીઓનો સામનો આગળ કરવો પડશે. તમે તે માટે માનસિક તેમ જ શારીરિક રીતે તૈયાર છો?”

“એની ચિંતા ન કરો. મેં તમારી સાથે છેક સુધી આવવાનો નિર્ણય કરી લીધો છે... એ વાત છોડો અને આ સૂર્યાસ્ત જુઓ... આવા કુદરતી સૌંદર્યનાં દૃશ્યો માણવાનો લાભ જીવનમાં બધાને નથી મળતો.”

સૂર્યાસ્તનું આ દૃશ્ય ખરેખર ભવ્ય હતું. અમે ગ્રાન્ડ-મુલેટ્સના શિખર પરથી ઊભા ઊભા એ માણી રહ્યા. સામે સાલાન્ચ વેલીમાં ફીજી રોક અને એગુઇલેસ-ડી-વરનના પર્વતો હતા. તેની પાછળ માઉન્ટ ફ્લેઉરી અને રેપોસોઇરના ડુંગરા દેખાઈ રહ્યા હતા. અમારી જમણી તરફ બ્યુટનું હિમાચ્છાદિત શિખર હતું. પાસે રહોન નદી પણ નાની નહેર જેવી લાગતી હતી. અમારી પાછળની તરફ ગોઉટર, માઉન્ટ મુદીત અને આલ્પ્સના બધાં શિખરોમાં ઉત્તુંગ મોં બ્લાંનું શિખર હતું. આલ્પ્સના ડુંગરાઓની વચ્ચે અમે આ સૌંદર્ય માણી રહ્યાં હતાં.

શેમોનિક્સની આખી ખીણ અંધારામાં ગરકાવ થઈ ગઈ હતી. ધીમે ધીમે આલ્પ્સની પહાડીઓ પણ અંધારામાં એક પછી એક અદૃશ્ય થવા લાગી, પણ મોં બ્લાંની પહાડીઓ બધામાં સૌથી ઊંચી હોવાથી તેના પર અજવાળું હતું. મોં બ્લાંનું શિખર સૂર્યના અંતિમ કિરણોમાં ઝળહળી રહ્યું હતું. તેના પર પડતાં કિરણોથી તેની બાજુના માઉન્ટ મુદીત અને ગોઉટર પર પણ થોડું અજવાળું હતું. બંને પર્વતો પોતાના વડીલ મોં બ્લાંને સલામી આપતા હોય તેવા લાગી રહ્યા હતા. અંધારામાં એક પછી એક અદૃશ્ય થતા શિખરોના આ સૌંદર્યને માણવામાં અમે એવા ખોવાઈ ગયા કે અમને બીજી કોઈ વાતનું ભાન જ ન રહ્યું. આવું સૌંદર્ય જાણે આજીવન ચાલવાનું હતું અને અમે તેને માણતા રહેવાના હતા, પણ ટૂંક જ સમયમાં ચારેતરફ અંધારું ફેલાઈ ગયું. કદાચ છેલ્લી થોડી મિનિટોમાં અમે જોયેલાં એ દૃશ્યો અમારા જીવનની સૌથી યાદગાર પળો હતી. આવો લહાવો જીવનમાં ભાગ્યે જ કોઈ ખુશનસીબને મળતો હશે, પણ તે માણવા અમે કેટકેટલાં જોખમો ખેડી અને કષ્ટો વેઠી અહીં આવ્યા હતા. કુદરતની ભવ્યતાના વર્ણનોની વાત કેટલાકને કદાચ અતિશયોક્તિ ભરી લાગે, પણ મારી આ લાગણીઓ, મારા જેવો કોઈ પર્વતારોહક જ સમજી શકશે.

હવે અમારે આગળની સફર અંગે વિચારવા સિવાય બીજું કંઈ કામ ન હતું. વહેલી પરોઢે બે વાગે અહીંથી આગળ વધવાનું અમે નક્કી કર્યું. અમે બધા અમારી પથારીમાં પડ્યા.

પથારીમાં પડ્યા પડ્યા અમે બધા વાતો કરી રહ્યા હતા. કોઈને ઊંઘ આવતી ન હતી. બધા આવતી કાલના કપરાં ચઢાણ અંગે જ ચિંતામાં હતા. અમારી આ રાત્રિ, જાણે યુદ્ધમાં જવાના દિવસની આખરી રાત હોય તેમ લાગતું હતું. અમારું આ મિશન પણ કોઈ યુદ્ધથી ઓછું જોખમી ન હતું. ડગલે ને પગલે મોત અમારી સામે મોઢું ખોલીને ઊભું હોય તેવી સ્થિતિમાં થોડો ઘણો ભય અમારા દરેકના મનમાં હોય તે સ્વાભાવિક હતું. મને ભયાનક વિચારો આવવા લાગ્યા. મેં આવું જોખમ શું કામ લીધું હશે? આવા શિખરને સર કર્યા બાદ એવું તો શું મને પ્રાપ્ત થઈ જવાનું હતું? જો અહીં અકસ્માત થયો તો મને આ અમૂલ્ય જીવનને ગુમાવવાનો વસવસો કરવાની એક તક પણ મળવાની ન હતી. શું આગળ વધવાનું જોખમ મારે માંડી વાળવું જોઈએ? આવા અનેક નિરાશાવાદી વિચારોમાં મારું મગજ ઘેરાઈ ગયું. બિહામણા વિચારોમાં ક્યારે ઊંઘ આવી ગઈ તેનો મને ખ્યાલ ન રહ્યો. ઊંઘમાં મને એક ભયાનક સપનું આવ્યું. અમારી આખી ટુકડી એક હિમનદીની ખીણમાં આગળ વધી રહી હતી. ત્યાં અચાનક ગડગડાટીનો અવાજ આવ્યો. એ હિમકંપ હતો. જોતજોતામાં હિમચાદર અમારા ઉપર ફરી વળી. અમે બધાં બરફનાં મોજાંથી બનેલાં પોપડાં નીચે દફન થઈ ગયા. હું તેમાંથી બહાર નીકળવા વલખાં મારતો હતો, પણ મારી ઉપર બરફનો એટલો જાડો પોપડો હતો કે તેમાંથી બહાર નીકળી શકાય એમ ન હતું.

આખી ઝૂંપડીમાં ડરામણો અવાજ ફરી વળ્યો.

“હિમકંપ... હિમકંપ... મને બચાવો... આમાંથી મને બચાવો...” હું જોર જોરથી બૂમો પાડી રહ્યો હતો. ગાઢ નિદ્રાને લીધે મને કંઈ ભાન ન હતું.

“શું થયું તને? તું ઠીક તો છેને?” મારો મિત્ર લેવેસ્કી ભયભીત થઈને મને ઉઠાડી રહ્યો હતો.

હું ઊઠી ગયો. મને ભાન થયું કે એ મારું સપનું હતું. હું ખરેખર ખૂબ જ ગભરાઈ ગયો હતો. હું જાત પર જ હસવા લાગ્યો. એક સાહસી પર્વતારોહક સપનામાં થયેલા હિમકંપથી પણ આટલો ગભરાઈ ગયો હતો! મેં તરત જ ડર અને નિરાશા ખંખેરી નાખ્યાં. મોં બ્લાંને સર કરવાનો પોતાનો નિર્ધાર વધુ પાકો કરી લીધો. અહીં સુધી આવ્યા બાદ હું પરત નહીં ફરું. મોં બ્લાંના શિખરને સર કરીને રહીશ. ભલે તેને સર કરવા બદલ મને દેખીતો લાભ મળવાનો ન હતો, પણ જે આત્મસંતોષ મને પ્રાપ્ત થવાનો હતો, એ બીજા. કોઈ પણ ફાયદા સામે અમૂલ્ય લેખી શકાય તેમ હતું. મારે હવે વધારે ચઢાણ કરવાનું પણ ન હતું. મોં બ્લાંના આરોહણમાં ભૂતકાળમાં અકસ્માત થયા હતા, પણ તે બહુ જૂજ હતા. તેમાં પણ મોટા ભાગના અકસ્માત પર્વતારોહકોની બેદરકારી અને અણઘડતાને લીધે થયા હતા. મને શિખર પરથી દેખાતા ચારે તરફના દૃશ્યની કલ્પના થવા લાગી. કેવું ભવ્ય હશે એ દૃશ્ય... આવું સૌંદર્ય દુનિયાના બહુ ગણ્યાંગાંઠ્યા લોકોને

માણવા મળ્યું હતું. હું પણ તેમાંથી એક બનવા જઈ રહ્યો હતો. આવા વિચારમાત્રથી જ મારો આત્મવિશ્વાસ બેવડાયો.

હવે મારામાં નવી ઊર્જા પ્રગટી હતી. મને ઊંઘ ન આવી. હું અહીંથી પ્રયાણ કરવાની રાહ જોતો પથારીમાં પડી રહ્યો.

રાત્રે એકાદ વાગે અમારા ગાઇડ ઊઠી ગયા. તેમનો આમતેમ ચાલવાનો અવાજ મારે કાને પડ્યો. મારો ગાઇડ રેવનેલ મારી પાસે આવ્યો અને બોલ્યો,

"મિસ્ટર... ઊઠો... હવામાન બહુ જ સરસ છે... બીજી કોઈ અડચણ આપણને નહીં નડે તો આપણે સવારે દસ વાગ્યા સુધીમાં તો શિખર ઉપર હોઈશું."

અમે બધા અમારી પથારીમાંથી ઊઠી ગયા અને આગળ વધવાની તૈયારી કરવા લાગ્યા. અમારા બે ગાઇડ એમ્બ્રોઝ રેવનેલ અને તેનાપિતરાઈ સિમોનને યોગ્ય માર્ગ સુનિશ્ચિત કરવા આગળ મોકલવામાં આવ્યા. તેમણે પોતાની સાથે ફાનસ લીધું. બર્ફીલા ઊબડખાબડ રસ્તા પર સરળતાથી ચાલી શકાય તે માટે તેમણે બરફનાં ઢેફાં તોડવા કુહાડી પણ સાથે લીધી. અંધારામાં અમારે ફાનસના પ્રકાશને આધારે જ આગળ વધવાનું હતું. રાત્રે નક્કી કર્યા મુજબ બે વાગે અમારા કાફલાએ કૂચ આરંભી. એમ્બ્રોઝ અને સિમોને ફાનસથી ચીંધેલા માર્ગે સૌથી આગળ ઍડવર્ડ રેવનેલ હતો. તેના પછી હું પોતે ચાલતો હતો. મારા પછી મારા મિત્ર ડોનેટાઇન લેવેસ્કી હતા. તેમની પાછળ અમારા બે ભોમિયાઓ હતા. છેવટે મિસ્ટર નાનેસની ટુકડી ચાલી રહી હતી.

અમારા ગાઇડ અને હમાલોએ વહેંચણી કરીને જરૂરી સામાન ઉપાડી લીધો હતો. ગાઢ અંધકારમાં એકમાત્ર ફાનસનો પ્રકાશ જ અમારે માટે આગળ વધવાની નિશાની હતી. ક્યાંક જોખમ જણાય તો ધ્યાનપૂર્વક આગળ વધવાની કે અટકવાની નિશાની પણ ફાનસને હલાવીને જ અમને આપવામાં આવતી.

અમે સરળતાથી આગળ વધી રહ્યા હતા. નાની અડચણોને બાદ કરતાં રસ્તો સમથળ હતો. ટુકડીના સભ્યો વચ્ચે થોડીઘણી વાતચીત થતી હતી, પણ થોડું આગળ વધતાં રસ્તો ઊબડખાબડ થવા લાગ્યો. ચારે તરફ બરફ હોવાથી આગળનું દૃશ્ય રાતના અંધારામાં ઝાંખું એવું સફેદ લાગતું હતું. આગળ વિશાળ ગુંબજો જેવા કાળા ખડકો હોય એવો આભાસ થતો હતો. થોડા આગળ વધતાં ખ્યાલ આવ્યો કે આ શિલાઓ બરફની જ હતી. તેની વચ્ચેથી માર્ગ કાઢવો ખૂબ મુશ્કેલ હતો. ફાનસ લઈને આગળ ચાલતા એમ્બ્રોઝ અને સિમોન દ્વારા રસ્તો કરવા, કુહાડીથી બરફ તોડવાના અવાજો આવતા હતા. આગળ વધવાની અમારી ઝડપ ખૂબ જ ઘટી ગઈ.

અમે સતત બે કલાક સુધી ખૂબ જ તકેદારીપૂર્વક આ ઊબડખાબડ વિસ્તારમાં આગળ વધતા રહ્યા. બે કલાકની મુસાફરી છતાં અમે બહુ ઓછું અંતર કાપ્યું હશે. અમે હવે ગોઉટર પહાડીની તળેટીના ભાગમાં હતા. અહીંનો થોડો ભાગ સમથળ હતો. સમુદ્રની સપાટીથી અહીંની ઊંચાઈ અગિયાર હજાર ફૂટની હતી. અમે અહીં થોડો સમય આરામ કરવાનું નક્કી કર્યું. અમારે હવે ડાબી તરફ આગળ વધવાનું હતું.

પણ અમારા સમગ્ર કાફલાની સભ્ય સંખ્યામાં ઘટાડો થયો. મિસ્ટર નાનેસ અને તેમના ગાઇડ ખૂબ જ થાકી ગયા હતા. તેમણે ત્યાં વધુ સમય આરામ લેવાનું નક્કી કર્યું.

સવારના સાડા ચાર વાગે સીધા ચઢાણને ચડી મોટા મેદાન તરફ આવી ગયા. અહીંથી ક્ષિતિજ સુધી બધું જ સફેદ લાગી રહ્યું હતું. અમે લગભગ અગિયાર હજાર આઠસો ફૂટની ઊંચાઈ પર હતા. અમને બહુ ભૂખ લાગી હતી. અમે અહીં થોડો સમય રોકાવાનું નક્કી કર્યું. મેં, મારા મિત્ર લેવેસ્કી અને અન્ય સાથીઓએ નાસ્તો કરી લીધો. આટલી ઊંચાઈ ઉપર પણ અમને ખૂબ ભૂખ લાગી હતી. તે અમારી તબિયત માટે સારી નિશાની હતી. અમે ભરપેટ ખાધું. ગાઇડ સાથેની વાતચીત પરથી જાણી શકાયું કે અમે અમારી મંજિલથી બહુ નજીક હતા. મારે અહીં કહેવું પડશે કે અહીં સુધી પહોંચવાનો મુખ્ય શ્રેય તેમને જ જતો હતો. તેમણે આ વિકટ પરિસ્થિતિમાં પણ તેમની ભૂમિકા બહુ સારી રીતે નિભાવી હતી.

અમારા રોકાણ દરમિયાન પાછળ રહી ગયેલી મિસ્ટર નાનેસની ટુકડી પણ આવી પહોંચી. અમે તેમને નાસ્તો કરી લેવા જણાવ્યું. તેમની હોજરી સંકોચાઈ ગઈ હતી અને તેથી તેઓ કંઈ પણ ખાઈ શકે તેમ ન હતું. ઊંચાઈવાળા વિસ્તારોમાં આવી તકલીફ સામાન્ય હતી, પણ ખોરાકના અભાવે શારીરિક શક્તિ ટકાવવી ખૂબ જ મુશ્કેલ બનતી હોય છે.

અમે આલ્પ્સની પહાડીઓના એવા ભાગમાં હતા કે જેના સૌંદર્યનું કે ભયાનકતાનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી, છતાં તેનો તમને ખ્યાલ આપવા હું પ્રયત્ન કરીશ. અમારી જમણી તરફ ગોઉટરનું શિખર હતું. તેની બરાબર સામે મોં બ્લાં હતું. અહીંથી તેની ઊંચાઈ બે હજાર સાતસો ફૂટથી વધુ હશે. અમારી ડાબી તરફ માઉન્ટ મુદીત અને રોઉ રોક્સ તરીકે ઓળખાતાં શિખરો હતાં. આ પર્વતોની ખીણમાં અનેક હિમનદીઓની ફાટ હતી. આ હિમનદીઓની ફાટ શાંત જણાતી હતી, પણ તેમાંથી પસાર થવું ખૂબ જ જોખમી હતું. ૧૮૨૦માં ડૉક્ટર હામેલ અને કોલોનેલ એન્ડરસન નામના પર્વતારોહકો તેમના ત્રણ ગાઇડ સાથે આ હિમનદીની ખીણમાં જ મોતને ભેટ્યા હતા. ૧૮૬૪માં આ ખીણ વધુ એક ગાઇડનો કોળિયો કરી ગઈ હતી.

અહીંથી આગળનો રસ્તો કોઈ પણ પર્વતારોહકને પહેલી નજરે ખૂબ સરળ લાગે, પણ તેવું અનુમાન ભૂલભરેલું હતું. અહીંની હિમનદીઓની ખીણો પર પોચો બરફ જામેલો હતો. જેના પર ચાલવા જતાં તે ગમે ત્યારે ફસકી પડતો હતો. એ ઉપરાંત પહાડીઓ પરથી પણ અનેક હિમકંપ થતા હતા. હિમકંપમાં ધસી પડતી હિમશીલાઓની અડફેટે પર્વતારોહકો ખીણમાં ખાબકતા હતા. ૧૩મી ઑક્ટોબર, ૧૮૬૬ના દિવસે એક અંગ્રેજ સાહસિક અને તેના ત્રણ ભોમિયા મોં બ્લાં પરથી થયેલા આવા જ હિમપ્રપાતનો ભોગ બન્યા હતા. તેમના મૃતદેહોની ખૂબ શોધ ચલાવ્યા બાદ ત્રણ ભોમિયાઓની લાશ મળી હતી. શોધ અભિયાન પર આવેલી ટુકડી અંગ્રેજ પર્વતારોહકનો મૃતદેહ શોધી રહી હતી ત્યારે તેમને પણ હિમપ્રપાતનો સામનો કરવો પડ્યો હતો. તેથી અંગ્રેજ સાહસિકના મૃતદેહના શોધનું અભિયાન તેમણે ત્યાં જ અટકાવવું પડ્યું હતું.

અહીંથી આગળ વધવા અમારી પાસે ત્રણ રસ્તા હતા. પહેલો માર્ગ માઉન્ટ મુદીત પાસેથી પસાર થતો હતો. અમારી ડાબી તરફનો આ માર્ગ માઉન્ટ મુદીતની કોરીડોર જેવી સાંકડી ખીણમાં થઈ રોઉ-રોક્સની કરાડ પરથી આગળ વધતો હતો. મોં બ્લાંના શિખર પર પહોંચવાનો આ માર્ગ સામાન્ય રસ્તા તરીકે ઓળખાતો. મોટા ભાગના પર્વતારોહકો આ માર્ગે આગળ વધવાનું પસંદ કરતા.

બીજો રસ્તો જમણી તરફના ગોઉટરના પર્વત પરથી જતો હતો. ગોઉટર અને મોં બ્લાંને જોડતી સાંકડી પટ્ટી પર અમારે આગળ વધવું પડે તેમ હતું. આ સાંકડી અને જોખમી પટ્ટી પર લગભગ ત્રણ કલાક જેટલા ચઢાણ બાદ જ મંજિલ સુધી પહોંચી શકાય એમ હતું. આ માર્ગ જોખમી હોવાના લીધે બહુ ઓછા સાહસિકો પસંદ કરતા હતા. સીધા અને સાંકડા ચઢાણને લીધે આ પટ્ટી ‘કેમલ્સ હમ્પ’ એટલે કે ‘ઊંટની ખૂંધ’ તરીકે ઓળખાતી.

ત્રીજો રસ્તો મોં બ્લાં તરફ સીધો જ જતો હતો. આ રસ્તે આગળ સાતસો પચાસ ફૂટ ઊંચી બરફની દીવાલ જેવી ટેકરીઓ પરથી આગળ વધી શકાય તેમ હતું. આ માર્ગ આગળ જતાં પ્રથમ રસ્તા રોઉ-રોક્સને જ મળતો હતો.

અમારે ત્રણમાંથી એક રસ્તાની પસંદગી કરવાની હતી. ગાઇડ સાથેની ચર્ચા કર્યા બાદ પ્રથમ રસ્તે આગળ વધી શકાય એમ નથી તેમ જણાયું. ત્યાં થોડા સમય પહેલાં જ થયેલા હિમકંપને લીધે ખીણમાં આગળ વધવું ખૂબ જોખમી હતું. અમારે હવે બાકીના બે રસ્તામાંથી પસંદગી કરવાની હતી. મેં ‘કેમલ્સ હમ્પ’ તરીકે ઓળખાતા બીજા માર્ગની પસંદગી કરવાનું મંતવ્ય આપ્યું, પણ બધાએ તેને અતિ જોખમી જણાવ્યો. આખરે અમારે સામેના ત્રીજા માર્ગની પસંદગી કરવી પડી. જે બરફની સીધી દીવાલ જેવા ચઢાણ પરથી પસાર થતો હતો. તે માર્ગ સીધો મોં બ્લાં તરફ જતો હતો.

રસ્તાની પસંદગી બાદ અહીં વધુ સમય રોકાવાનો અર્થ ન હતો. અમે સમથળ પ્રદેશ વટાવી જોરાવર અંતરાય પાસે આવી ઊભા રહ્યા.

આ સીધા ચઢાણ પાસે આવતા તે વધુ ભયાનક લાગતું હતું. અગાઉ અમે હિમનદીઓની ફાટમાં ઘણા ચઢાણ ચઢ્યા હતા, પણ આ ચઢાણ બધામાં સૌથી કપરું પુરવાર થવાનું હતું એનો અંદાજ પાસે પહોંચતા અમને બધાને આવી ગયો.

અમે ચઢાણની શરૂઆત કરી. અમારા ગાઇડ સૌથી આગળ હતા. તેમના પછી હું અને મારો મિત્ર લેવેસ્કી હતા. અમે એક મિનિટમાં માંડ બે ડગલાં જેટલું ઉપર ચઢી શકતા હતા. ઊંચાઈ વધતા અમારા ગાઇડ અંદરોઅંદર વારંવાર ચર્ચા કરતા હતા. તેઓ પોતાની સ્થાનિક ભાષામાં બોલતા તેથી તેનો ખ્યાલ અમને આવતો ન હતો, પણ એક વસ્તુ અમે સમજી શકતા હતા કે આગળ વધવાના માર્ગની પસંદગીમાં તેઓ વચ્ચે મતભેદ હતો. આવી સ્થિતિમાં તેમના વચ્ચેનો મંતવ્ય ભેદ અમારા જોખમમાં વધારો કરતું હતું. છેવટે તો ચઢાણ એટલું સીધું હતું કે માથા પર પહેરેલી ટોપી અમારી આગળના પર્વતારોહીના પગને અડકતી હતી.

આગળ વધવા ગાઇડ બરફમાં કુહાડી વડે ખાંચા કરતા હતા. ખાંચા પાડવા તોડાતો બરફ ઘણી વખત ઊછળી અમને વાગતો પણ હતો. બરફના ટુકડા અમારા અવરોધમાં વધારો કરતા હતા.

મેં મારા ગાઇડને પૂછ્યું, "આપણે આ માર્ગે ઉપર તો જઈ રહ્યા છીએ... પણ આવા રસ્તે ફરી પાછા ઊતરી શકાશે...?! મને નથી લાગતું... ઊતરતી વખતે પગ લપસવાનો ભય રહેલો છે..."

"ઓહ...! તમે તેની ચિંતા નહીં કરો.. ઊતરતી વખતે આપણે બીજો માર્ગ પસંદ કરીશું." એમ્બ્રોઝ રેવનેલે જવાબ આપ્યો.

બે કલાકની સખત મહેનત બાદ ચારસો જેટલાં પગથિયાં કોતરી, માંડ અમે આ ચઢાણ ઓળંગી ટોચે પહોંચી શક્યા. ચઢાણ પૂરું કરતાં અમે બધા હાંફી ગયા હતા.

ત્યાર બાદ થોડો સમથળ પ્રદેશ હતો. પોચા બરફ વચ્ચે અમે ચાલી નાખ્યું. સીધા ચઢાણ બાદ આવા સરળ લાગે તેવા બર્ફીલા પ્રદેશમાં ચાલવાથી અમે ખુશ હતા. અહીંનો નજારો પણ સુંદર હતો. અમારી ડાબી તરફ પેની આલ્પ્સની ટેકરીઓ હતી. બરફથી છવાયેલી તેની સફેદ ટોચો ખરેખર ખૂબ આકર્ષક લાગી રહી હતી. બીજી તરફ માઉન્ટ રોસા અને માઉન્ટ કેરવીનનાં શિખરો હતાં, પણ તેમને નજરઅંદાજ કરી અમારી મંજિલ તરફ અમારે ધ્યાન આપવાનું હતું.

મોં બ્લાં ઉપર નજર પડતાં જ બધું ભુલાઈ ગયું. તેનું ઉત્તુંગ શિખર અમે અવાક્ બનીને જોતા જ રહ્યા. જેના પર પહોંચવાનું સપનું છેલ્લાં ત્રણ

વર્ષથી હું જોઈ રહ્યો હતો. તે હવે બહુ દૂર ન હતું.

"ખરેખર સ્વર્ગ છે!" મોં બ્લાં તરફ નજર નાખતા ડોનેટાઇન લેવેસ્કીના મોઢામાંથી શબ્દો નીકળી ગયા.

"શી તેની ઊંચાઈ...! આખા યુરોપમાં તેની તોલે કોઈ ન આવે.!" હું પણ મોં બ્લાંના વખાણ કર્યા વિના ન રહી શક્યો.

અમે અડધો એક કલાકનો આરામ લીધો. આગળ અમારે પચાસ ડિગ્રીના ખૂણા જેવું ચઢાણ ચઢવાનું હતું, પણ અમે જે કપરા બરફના ચઢાણ પર થઈને આવ્યા હતા. તેની સામે અમને આ ચઢાણ કંઈ ન લાગ્યું. અમે ફરી અમારા અભિયાન તરફ આગળ વધ્યા. દિવસ ઊગી ગયો હતો. સૂર્યનાં કિરણોમાં અમારી આંખો અંજાઈ જતી હતી. આગળનું દૃશ્ય જોવામાં અમને તકલીફ પડતી હતી. અમારે માટે આ એક નવી તકલીફ હતી. હવામાન પહેલા જેટલું અનુકૂળ રહ્યું ન હતું. ઊંચાઈ વધતાં હવા પણ પાતળી થઈ હતી. થોડું ચાલ્યા બાદ જ અમે થાકી જતા હતા. થોડું અંતર કાપ્યા બાદ અમારે આરામ લેવો પડતો હતો. રોઉ-રોક્સની બીજી કરાડ પસાર કરી લીધી. અમે હવે મોં બ્લાંના શિખરની નીચે જ ઊભા હતા. તેની ટોચ અમારાથી આશરે છસો ફૂટ જેટલી ઊંચાઈ પર હતી. માઉન્ટ રોસા અમારાથી નીચો લાગતો હતો! જાણે પોતાના ઉપરી અધિકારીને સલામ કરતો ઊભો હોય.

લેવેસ્કી અને હું ખૂબ થાકી ગયા હતા. અમે ત્યાં જ બેસી ગયા. એવામાં અમારાથી પાછળ રહી ગયેલા અમારા બીજા સાથી મિસ્ટર નાનેસ પણ ત્યાં આવી પહોંચ્યા. તેમની હાલત તો અમારાથી પણ વધુ બદતર હતી. પાતળી હવામાં તેમને શ્વાસ લેવામાં ખૂબ તકલીફ થતી હતી. તે હાંફતા હતા. તે એક શબ્દ પણ બોલી શકતા ન હતા.

અમારા અભિયાનના અંતિમ ભાગ ઉપર અમે આવી ગયા હતા. બાકી રહેલા રસ્તાનો ક્યાસ કાઢવા અને પ્રયત્ન કર્યો. અમે ફરી આગળ વધ્યા. દસ ડગલાં માંડ આગળ વધ્યા હોઈશું અને અમારે અટકી જવું પડ્યું. આટલાં ડગલાંમાં જ અમે હાંફવા લાગ્યા હતા. અમારા પગ, અમારા શરીરનો ભાર ઉઠાવવાની તૈયારી બતાવતા ન હતા. ત્યારે મને જેક્સ બાલમટે કરેલા મોં બ્લાંના પહેલા આરોહણને વર્ણવતા શબ્દો યાદ આવ્યા, તેમણે કહ્યું હતું, "આરોહણના અંતિમ તબક્કામાં અમારા પગ અમારા શરીરથી છૂટા થઈ ગયા હોય એવું લાગતું હતું, પણ અમારા શારીરિક થાક સામે અમારું મનોબળ ક્યાંય વધુ હતું. લથડતા શરીરને મારો જુસ્સો, મારું વર્ષોનું સપનું, એક નવી પ્રેરણા આપી આગળ વધારતાં હતાં. અમે દૈવી માણસ જેવી શક્તિથી સતત બે કલાકની યાત્રા કરી અને છેવટે મોં બ્લાં અમારા પગતળે હતો...!"

બપોરના સવા બારનો સમય થયો હતો. મોં બ્લાંના સફળ આરોહણના ગર્વમાં અમારો બધો થાક ભુલાઈ ગયો. છેવેટ અમે યુરોપના સૌથી ઉત્તુંગ શિખર ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. ટુકડીના બધા સભ્યો એટલા ખુશ હતા કે દુનિયાના બીજા બધા વિચારો ભૂલી મોં બ્લાંના આરોહણમાં ભાવુક બની ગયા. મારી આંખોમાં આંસુ આવી ગયાં. મારું સપનું આખરે સાકાર થયું હતું.

મોં બ્લાં યુરોપનો સૌથી ઊંચો પર્વત છે. દુનિયામાં એશિયા અને અમેરિકાના ઘણા શિખરો મોં બ્લાંથી ઊંચાં છે, પણ એમાંના ઘણા ઊંચા શિખરોને હજી સુધી કોઈ સર કરી શક્યું ન હતું અને તેમના આરોહણ પહેલાં, તેનાથી નીચા મોં બ્લાં સર કર્યાનું સન્માન તેમ જ આત્મસંતોષ ખરેખર અમૂલ્ય હતો.

યુરોપના અન્ય ઊંચાં શિખરોમાં માઉન્ટ કેરવીન હતું, પણ અહીંથી ચારેતરફ નજર કરતાં નજારો અવર્ણનીય હતો. માઉન્ટ કેરવીનનું શિખર અમારાથી બારસો ફૂટ નીચે હતું...!

અમે વેઠેલી તકલીફો અને ઉઠાવેલા જોખમના બદલામાં મળેલા કુદરતના આ સુંદર દૃશ્યનું મૂલ્ય ક્યાંય વધુ હતું.

આકાશ સ્વચ્છ હતું. સ્વચ્છ આકાશ હોવા છતાં સૂર્યનો પ્રકાશ ઝાંખો લાગી રહ્યો હતો. સૂર્ય ખગ્રાસ ગ્રહણ વખતે હોય તેવો દેખાઈ રહ્યો હતો, પણ તેનાં કિરણો વધુ આકરાં લાગતાં હતાં. કદાચ વધુ ઊંચાઈને લીધે હવા ખૂબ પાતળી હોવાથી આવી અનુભૂતિ થતી હતી.

યુરોપના સૌથી ઊંચા સ્થળથી અમારી નજર ચારેતરફ ખૂબ દૂર સુધી પહોંચતી હતી. અમારા દક્ષિણ-પૂર્વમાં પિયેડ માઉન્ટ હતો અને તેની પેલે પાર ઇટાલીના મેદાની પ્રદેશો શરૂ થતા હતા. પશ્ચિમમાં રહોન નદીને પેલે પાર સેવોય અને ડૌફીનનાં શિખરો હતાં. ઉત્તર-પશ્ચિમમાં સ્વિટ્ઝર્લૅન્ડનું જીનિવા સરોવર દેખાઈ રહ્યું હતું અને જુરાનાં શિખરોનો બરફ ઝળહળી રહ્યો હતો. દક્ષિણ તરફ તો શિખરોની હારમાળા પથરાયેલી હતી. દૂર દૂર સુધી દેખાતાં શિખરોમાં માઉન્ટ રોસા, મિસબેલ હોર્નર, કેરવીન અને વેઈસહૉર્ન મુખ્ય હતાં. તેની પેલી તરફ જંગફ્રુ, મોંક, ઇગર અને ફીનસ્ટર હૉર્ન પહાડો હતા.

અમારી દૃષ્ટિમર્યાદામાં ઓછામાં ઓછા સાંઠથી એકસો વીસ માઇલ સુધીનો પ્રદેશ આવતો હતો. જેમાં યુરોપના સ્વિટ્ઝર્લૅન્ડ, ઇટાલી, ફ્રાન્સ જેવા દેશોના વિસ્તારોનો સમાવેશ થતો હતો.

કુદરતનો એક અદ્‌ભુત નજારો આ સ્થળ પરથી અમને જોવા મળ્યો. જે આવી જગ્યા પરથી જ જોવા મળી શકે. ઇટાલી તરફની પેની આલ્પ્સ તરીકે ઓળખાતી પ્રમાણમાં નાની ટેકરીઓ વાદળો તળે છુપાઈ ગઈ હતી.

બરફ આચ્છાદિત પર્વતોનાં શિખરો વાદળોમાંથી બહાર ડોકાતાં હતાં. અમે એક બીજા આકાશને નિહાળી રહ્યા હતા, જે અમારાથી નીચેની તરફ હતું...! વાદળોના દરિયા વચ્ચે શિખરોરૂપી કોઈ નાના ટાપુઓ બહાર નીકળ્યા હોય અને ટાપુ સમૂહ રચાયો હોય એવું લાગતું હતું! આ દૃશ્ય એવું જાદુઈ હતું કે તેના સૌંદર્યનું વર્ણન કરવા વિશ્વના મહાકવિને પણ શબ્દો ઓછા પડે.

મોં બ્લાંની ગિરિમાળા દક્ષિણ-પશ્ચિમથી ઉત્તર-પૂર્વ સુધી વિસ્તરેલી હતી. અમે જે ટોચ પર ઊભા હતા, તે ભાગ લગભગ બસો વાર જેટલી લંબાઈ અને પહોળાઈ ધરાવતો હતો. જાણે કોઈ જહાજના ખાલી માળખાને ઊંધું કરીને ગોઠવ્યું હોય એવું લાગતું હતું.

અહીં તાપમાન શૂન્ય ઉપર દસ ડિગ્રી હતું. અત્યાર સુધીના અમારા પ્રવાસમાં આ સૌથી વધુ નોંધાયેલું તાપમાન હતું. આ વાત આશ્ચર્યજનક હતી. પવન પણ સ્થગિત થઈ ગયો હતો. ક્યારેક હળવી લહેર વાઈ જતી.

અમારા ગાઇડે અમને શેમોનિક્સ તરફ મોઢું રાખી બધાને એક હરોળમાં ઊભા રહી જવા કહ્યું. જેથી શેમોનિક્સમાં અમારી રાહ જોતા મિત્રો, અમારી ટુકડીના સભ્યોને ગણી શકે. અમે બધા સહીસલામત અહીં સુધી પહોંચ્યા છીએ તેની ખાતરી તેઓને થાય. અમારા આ અભિયાનને જોવા કેટલાક જિજ્ઞાસુ યાત્રાળુઓ બ્રેવેન્ટ અને જારડીનનાં શિખરો પર એકઠા થયા હતા. અમને મોં બ્લાંના શિખર પર જોઈ તેમને પણ આનંદ થયો હતો. અમારી સફળતા અંગે તેઓને માહિતગાર કરવાની આ શ્રેષ્ઠ રીત હતી.

મોં બ્લાંના શિખરને સર કરી અમારું અભિયાન પૂરું થયું ન હતું. હજી અમે અડધું જ અભિયાન પુરું કર્યું હતું. અમારે હવે નીચે ઊતરવાનું હતું. તે ચઢાણ જેટલું જ કપરું હતું. ચઢાણના આરંભે અમે તાજામાજા હતા, પણ હવે અમે ખૂબ થાકી ગયા હતા. એ ઉપરાંત ચઢાણ વખતે શિખર સુધી પહોંચવાનો એક અનેરો ઉત્સાહ પણ હતો જે અમને વધારાનું બળ પૂરું પાડતો હતો. વળતી સફરે તો અમારી સાથે સફળતાની યાદો અને સુંદર શિખરને છોડવાનો વિષાદ જ હતો. ઊતરતી વખતે વધુ ઝડપ અને બેદરકારીને લીધે ઘણા અકસ્માતો ભૂતકાળમાં પણ સર્જાયા હતા, તેથી અમારે તકેદારીપૂર્વક ઉતરાણ કરવાનું હતું.

અમારે એકાદ કલાકમાં અહીંથી ઉતરાણ શરૂ કરવાનું હતું, પણ તે પહેલાં બધા ટોળે વળી ગયા. શૅમ્પેન નામનો દારૂ બધાના પ્યાલાઓમાં પીરસવામાં આવ્યો. સફળતાની ઉજાણીરૂપે બધાએ ભેગા મળી મજા માણી. પર્વતારોહીઓમાં, શિખર પર શૅમ્પેનની પાર્ટી, સફળતા બાદ ઉજવાતી પ્રથા જેવી હતી. અમે પણ એ પ્રથાને અનુસરી હતી. બધા ખૂબ જ આનંદિત હતા. ઉતરાણ વખતે અમારી ટુકડીનો ક્રમ ચઢાણ વખતે હતો

એ જ રહ્યો. મિસ્ટર નાનેસના ગાઇડની સલાહ મુજબ અમે બધાએ એકબીજાને એક લાંબી દોરીથી બાંધી રાખ્યા હતા. બધામાં મિસ્ટર નાનેસ સૌથી વધુ થાકેલા જણાતા હતા. ઊતરતી વખતે તેઓ ઘણી જગ્યાએ ભૂલ કરતા હતા. તેમનો ગાઇડ અનુભવી હતો. તે દરેક વખતે તેમને સંભાળી લેતો અને જરૂરી સૂચન કરતો રહેતો. બધા એક જ દોરીએ બંધાયેલા હતા અને ઊતરવાનો ઢાળ લપસણો હોવાથી અમને બીક લાગવા લાગી. કોઈ એક વ્યક્તિની ભૂલથી આખી ટુકડી તેની સાથે ઘસડાઈ ઊંડી ખીણમાં ખાબકી શકે તેમ હતું, તેથી દોરી છોડી દેવામાં આવી. શક્ય હોય ત્યાં સુધી બધાએ છૂટા જ ચાલવાનું નક્કી કર્યું. અમે મહામુશ્કેલીએ શિખરનો મુખ્ય ઢોળાવ ઊતરી શક્યા.

એકદમ સીધા ઢોળાવ પરથી ઊતરી અમારા જીવમાં જીવ આવ્યો. હવે પછી અમારે પ્રમાણમાં નાના અને સરળ ટોળાવો ઊતરવાના હતા, પણ ગરમીના લીધે અહીંનો બરફ પોચો થયો હતો. અમે પગના ઘૂંટણ સુધી બરફમાં ખૂંપી જતા હતા. તેમાંથી પગ બહાર કાઢી આગળ વધવાનું ખૂબ મુશ્કેલીભર્યું અને થકવનારું હતું. અમારી ઝડપ પણ ઘણી ઘટી ગઈ હતી. અમે સવારે જે રસ્તે ચઢ્યા હતા તે જ માર્ગે પાછા ફરી રહ્યા હતા.

ગેસપાર્ડ સિમોને અમારી તરફ જોઈને કહ્યું, “સર, આપણે વળતી સફરે બીજો રસ્તો પસંદ કરી શકીએ એમ નથી. આપણે સવારે જે બરફની સીધી દીવાલ પર ચઢીને આવ્યા હતા, ત્યાંથી જ નીચે ઊતરવું પડશે...!”

મેં આ સમાચાર લેવેસ્કીને જણાવ્યા. ચઢતી વખતે જ એ રસ્તો મને અતિ જોખમી લાગ્યો હતો. મને આશા હતી કે વળતી સફરે અમે બીજો માર્ગ પસંદ કરી નીચે ઊતરીશું. એ રસ્તે પાછા ઊતરવા હું ઇચ્છતો ન હતો.

“આપણે બધા ત્યાં પણ એક દોરીથી બંધાઈને ઊતરી શકીશું નહીં. આપણે મિસ્ટર નાનેસની ટુકડીને આગળ જવા દઈશું.” સિમોને કહ્યું.

અમે મોતના ખુલ્લા મોઢા જેવી દીવાલ પાસે આવી ઊભા રહ્યા. સિમોનના મત મુજબ પહેલા મિસ્ટર નાનેસની ટુકડીએ ઉતરાણ શરૂ કર્યું. તેઓ બધાંએ એકબીજાને દોરીથી બાંધી રાખ્યા હતા. તેમનો મુખ્ય ગાઇડ પેકર્ડ સતત બધાને સૂચનો કરતો રહેતો. બરફની સીધી દીવાલ પરનો બરફ થોડો પીગળ્યો હતો, જેથી તે વધુ લપસણી બની હતી.

અમારી ટુકડીમાં સૌથી આગળ ગ્રેસપાર્ડ સિમોને ઊતરવાની શરૂઆત કરી. તેની પાછળ હું હતો, પણ થોડું ઊતર્યા બાદ તે અટકી ગયો. સાથી ગાઇડ સાથે સ્થાનિક ભાષામાં તે વાત કરવા લાગ્યો. તેનો મત એવો હતો કે તેમની ટુકડીએ પણ મિસ્ટર નાનેસની ટુકડી સાથે દોરીથી બંધાઈ જવું જોઈએ.

તેના આવા મંતવ્યથી અમે થોડા ગભરાયા. અમારા મતે એકાદ માણસનો પણ પગ લપસે તો તેના વજનથી બધા ખીણમાં ખાબકે, તેથી આવું કરવું વધુ જોખમી લાગતું હતું, પણ અમારા ગાઇડ અનુભવી હતા. તેમનું આ બાબતે મંતવ્ય જુદું હતું. વધુ સભ્યો એક દોરીથી બંધાયેલા હોય તો કોઈનો પગ લપસે તોપણ તેને આધાર આપી બચાવી શકાય.

એવામાં મિસ્ટર નાનેસના ગાઇડનો પગ લપસ્યો. તે મહામુશ્કેલીએ લટકી રહ્યો હતો. તેને ઉપર આવવા કોઈની મદદની જરૂર હતી. અમારા બે ગાઇડે જોખમ ખેડી તેની મદદે જવાનું નક્કી કર્યું. તેને મહામહેનતે બચાવાયો, પણ અમે બધા એક દોરીથી બંધાઈ શક્યા નહીં. મિસ્ટર નાનેસની ટુકડી અમારાથી વધુ નીચે પહોંચી ગઈ હતી તેથી તેમની સાથે હવે જોડાઈ શકાય એમ ન હતું.

અમારી ટુકડીના સભ્યો એકબીજા સાથે બંધાયેલા હતા. એક સમયે એક જ વ્યક્તિ ઊતરી શકતો હતા. જ્યારે એક માણસ ઊતરતો હોય ત્યારે બાકીના બધા સભ્યો સજ્જડ રીતે ઊભા રહી જતા. જેથી તેનો પગ લપસે તો તેનો ભાર ખમી શકાય. તેમાં સૌથી આગળ રહેલા અમારા ગાઇડ ઍડવર્ડ રેવનેલની ભૂમિકા ખૂબ મહત્ત્વની હતી. સૌથી આગળ રહેલા સિમોનનું સ્થાન હવે તેણે લીધું હતું. લપસનારના શરીરનો સૌથી વધુ ઝટકો એણે સહેવાનો હતો. સીધી દીવાલ પર સૌપ્રથમ ઉતરાણ કરી રસ્તાની પસંદગી પણ તેણે જ કરવાની હતી. આમ, એના ઉપર અમારી આખી ટુકડીના સભ્યોની જિંદગીનો આધાર હતો.

અમે ધીમે ધીમે નીચે ઊતરી રહ્યા હતા. પર્વતની કરાડની પાસે આવેલી હિમનદી નજીકથી જ અમારો રસ્તો પસાર થતો હતો. ચઢતી વખતે અમને હિમનદીનો ખ્યાલ આવ્યો ન હતો, પણ ઊતરતી વખતે એની પહોળાઈ અને ભયંકરતાનો સાચો ચિતાર અમને મળ્યો. બરફના ઢેફાંઓ છૂટાછવાયા હતાં. જે ગમે ત્યારે ધસી પડતાં, જે વાગવાનો ભય રહેતો હતો. ખીણ તરફ નજર નાખતાં ભલભલાને ચક્કર આવી જાય એવું ભયાનક દૃશ્ય હતું. બધા એકબીજાનો જુસ્સો ટકાવી રાખવા અંદરોઅંદર વાતો કરતા હતા. મેં પણ એક-બે રમૂજી ટૂચકાઓ કહી બધાના ભયને થોડો ઓછો કરવા પ્રયત્ન કર્યો, પણ સાચું કહું તો હું પણ બહુ ડરી રહ્યો હતો. મારી એક ભૂલ અહીં જ મારી કબર બનાવી દેવાની હતી, એવા વિચારમાત્રથી હું કંપી ઊઠ્યો.

બધામાં સૌથી વધુ રમૂજ લેવેસ્કી કરતો હતો. લેવેસ્કીની વાતોથી બધા પોતાનો થાક અને ભય ભુલાવી ગયા. ખરું કહું તો થોડા સમય માટે અમારી સરખામણી એવા ડરપોક માણસો સાથે કરવાનું મન થાય છે, જે અંધારામાં એકલા ગભરાતા ગીતો ગાઈ પોતાનો ડર ભગાવવા પ્રયત્ન કરતાં હોય.

અમને જીવન અને મરણની આ કરાડ વચ્ચેથી નીચે આવતાં એક કલાક જેટલો સમય થયો. નીચે આવી અમે મિસ્ટર નાનેસની ટુકડીને મળ્યા. તેમના પણ બધા સભ્યો આ કરાડને હેમખેમ ઓળંગીને નીચે આવી ગયા હતા.

બધા જ થાકી ગયા હતા. અમે થોડો સમય ત્યાં જ આરામ કર્યો.

હવે પછીનો થોડો વિસ્તાર પ્રમાણમાં સમથળ અને સરળ હતો. અમે ચાલવા લાગ્યા. ઍડવર્ડ રેવનેલ અચાનક અટકી પડ્યો. તેણે અમારું ધ્યાન દોરતાં બૂમ પાડી,

"જુઓ, ત્યાં... હિમપ્રપાત... આપણે હમણાં જ્યાંથી આવ્યા ત્યાં જ..."

ગોઉટરના શિખર પરથી બરફનો મોટો ભાગ ધસી પડ્યો હતો. અમે જે રસ્તે આવ્યા તે આખા રસ્તા પર ફરી વળ્યો હતો.

મેં જોયું કે લગભગ પાંચસો ક્યુબીક વાર જેટલો બરફ ધસી પડ્યો હતો. અમે ત્યાંથી પસાર થયા ત્યારે આ ઘટના ઘટી હોત તો અમારી કબર પણ આ મોં બ્લાંનાં ચરણોમાં જ બની ગઈ હોત, એ વિચારમાત્રથી હું ધ્રૂજી ઊઠ્યો. અમારા મોતના ખબર આપવા શેમોનિક્સ જઈ શકે તે માટે એકાદ જણ પણ બચી શક્યું ન હોત અને અમારી ટુકડીના બધા સભ્યોના નામ પણ અગાઉ મોં બ્લાંએ લીધેલા ભોગની યાદીમાં ઉમેરાઈ ગયાં હોત, પણ અમારું કિસ્મત અમારી સાથે હતું. થોડી જ મિનિટો માટે અમે આ હોનારતમાંથી બચી ગયા હતા. આ ઘટનાએ મારો વિશ્વાસ વધાર્યો હતો કે અમારું નસીબ અમને સાથ આપી રહ્યું છે. જે અમને સહીસલામત નીચે સુધી પહોંચાડશે.

આગળના રસ્તાની તપાસ ગાઇડે કરી. તે સરળ અને સમથળ હતો, પણ બીજી એક મુશ્કેલી અમારી સામે ઉદ્ભવી હતી. ગોઉટરના શિખર પરથી બરફ ધસી પડવાની ઘટનાને લીધે એક વિશાળકાય બરફની શીલા છૂટી પડી હતી. તેનું કદ આશરે સાંઠ ફૂટ જેટલું હશે. તે એવો ખૂણો બનાવીને પોતાનું સંતલન ગોઉટરના શિખર પર ટકાવી રહી હતી કે નાની સરખી હિલચાલ તેને ખીણમાં ગબડાવવા પૂરતી હતી. હવે પછી અમારે તેના પડવાના સંભવિત સ્થાન પરથી જ પસાર થવાનું હતું. તે ક્યારે ખાબકે તેનું કંઈ અનુમાન થઈ શકે તેમ ન હતું. અમારા ગાઇડે ચારેતરફ નિરીક્ષણ કરી અન્ય રસ્તે આગળ વધવા શોધ ચલાવી, પણ નીચે જવા માટે બીજો કોઈ રસ્તો ન હતો. અમારે ફરજિયાત શીલાના પડવાના માર્ગે જ પસાર થવું પડે તેમ હતું.

બધા વચ્ચે અનેક ચર્ચાઓ બાદ આ માર્ગે જ પાછા જવાનું નક્કી કરવામાં આવ્યું.

"આપણે અહીંથી ઝડપથી નીકળવું પડશે... બની શકે તેટલી ઝડપથી દોડો... આપણે પાર કરવાનું આ સૌથી મોટું જોખમ છે... જલદી કરો..." અમારા ગાઇડ રેવનેલે આગળ દોડતા બધાને ચેતવતા સૂરો ઉચ્ચાર્યા.

આ ભયજનક વિસ્તાર બહુ લાંબો ન હતો. લગભગ પાંચ મિનિટ જેટલું દોડવાનું હતું, પણ અમે પહેલેથી જ એટલા થાકેલા હતા કે ઘૂંટણ સુધી ખૂંપી જતા બરફ વચ્ચે દોડતા અમને ખૂબ જ તકલીફ પડતી હતી, પણ માથે તોળાતા ભય સામે અમે જીવ લઈ ભાગ્યા. થોડી મિનિટોમાં અમે આ સ્થળ પસાર કરી એક બરફના ટેકરા પર આવી ગયા. હવે અમે ભયમુક્ત હતા.

અમે બધાએ અહીં જ આરામ કર્યો. કોઈનામાં તુરત આગળ વધવાની તાકાત ન હતી. બધા હવે શાંત જણાઈ રહ્યા હતા.

ગોઉટરના શિખર પર સંતુલન જાળવી ઊભેલી શિલા ખીણમાં ખાબકે તેવી આશાએ આ સ્થળે અમે વધુ રોકાયા, પણ એને નીચે ખાબકતી જોવાની અમારી ઇચ્છા અધૂરી જ રહી ગઈ. અમે નીકળ્યા ત્યાં સુધી તે ત્યાં જ ટકેલી રહી હતી, પણ બીજા કેટલા સમય સુધી રહેશે તે અંગે કોઈ અનુમાન થઈ શકે તેમ ન હતું. અમે અમારા રસ્તે આગળ વધતા રહ્યા. પાંચેક વાગ્યાના સુમારે અમે ગ્રાન્ડ-મુલેટ્સની નાનકડી ઝૂંપડી સુધી આવી પહોંચ્યા.

અમે રાત્રિ દરમિયાન અહીં જ રોકાવાનું નક્કી કર્યું. લૂ લાગવાને કારણે કેટલાક મિત્રોને ઝીણો તાવ હતો. હવે અમારે સીધા શેમોનિક્સ પહોંચવાનું હતું. અહીંથી નીકળતાં પહેલાં અહીંના એક પથ્થર ઉપર અમારી ટુકડીના સભ્યોના નામ અને મારું નામ અમે કોતર્યું. જે સદાને માટે આ યાદગાર સફરની સફળતાના સ્મારકરૂપે અહીં રહેવાનો હતો. દરેક પર્વતારોહીઓ માટે પથ્થર પર નામની કોતરણી એક પ્રથા બની ગઈ હતી. બધા પર્વતારોહી પોતાની સફળતાની યાદ અહીં આ રીતે મૂકતા જતા. આજુબાજુમાં અનેક શિલાઓ પર અગાઉ મોં બ્લાંને સર કરનારા સાહસિકોનાં નામ જોઈ શકાતાં હતાં. મારું નામ પણ એવા સાહસિકોમાં ઉમેરાઈ ગયું હતું.

આઠેક વાગે અમે શેમોનિક્સ તરફની વળતી મુસાફરી શરૂ કરી. આગળની ટેકરીનો ભાગ ઓળંગવામાં અમને થોડી તકલીફ પડી, પણ કોઈ પણ અકસ્માત વિના અમે તે પસાર કર્યો.

શેમોનિક્સ પહોંચ્યાના અડધો કલાક પહેલાં દાર્દના ઢોળાવો પાસે અમને કેટલાક અંગ્રેજ પ્રવાસીઓનો ભેટો થયો. અહીંની નાનકડી ઝૂંપડીમાં તેઓ રોકાયા હતા. તેમણે અમારું સ્વાગત કર્યું. અમને બધાને અભિનંદન પાઠવ્યાં. મોં બ્લાંના શિખર પર અમે પહોંચ્યા ત્યારે તેઓએ અમને અહીંથી જોયા હતા. અમે અમારી જોખમી અને કષ્ટદાયક મુસાફરી તેઓ સમક્ષ

વર્ણવી. મોં બ્લાંની સુંદરતા અને થાક સાથે આખી સફરમાં માણેલી મજાની વાતો કરી. તેઓ અમારા અનુભવો સાંભળવા ખૂબ જ ઉત્સુક જણાતા હતા. તેમની સાથે ગાળેલો સમય અમારે માટે મજાનો પુરવાર થયો.

તેમને વિદાય આપી અમે શેમોનિક્સ તરફ પરત ફર્યા. શેમોનિક્સમાં મિસ્ટર બાલમાટ અને મારા અન્ય મિત્રો અમને આવકારવા એકઠા થયા હતા. મિસ્ટર બાલમાટે સૌથી પહેલાં મારી પાસે આવી, હાથ મિલાવી મોં બ્લાંના સફળ આરોહણ બદલ અભિનંદન પાઠવ્યાં. આખી સફરમાં કોઈ અનિચ્છનિય ઘટના ઘટી ન હતી તેથી બધા બહુ આનંદમાં હતા.

મારા જીવનનું સપનું પૂરું થયું હતું. મોં બ્લાંનું આરોહણ મારે માટે જીવનભર યાદગાર પ્રસંગ બની રહેવાનો હતો.